આજનો સુવિચાર

આળસ એ ઈશ્વરે આપેલા હાથ-પગનું અપમાન છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૬૯ જૂનાગઢ તા. ૯-૦૩-૨૦૨૨ બુધવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

આવતીકાલે પાંચ રાજયોનાં ચૂંટણી પરીણામ : જો જીતા વહી સિકંદર

નવી દિલ્હી તા. ૯

દેશના રાજકીય ભવિષ્યમાં અત્યંત મહત્વની મનાતી ઉતરપ્રદેશ સહિતના પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણીના પરિણામોની આવતીકાલે જાહેરાત પુર્વે જ તમામ પાંચ રાજયોમાં રાજકીય ગતિવિધિ તેજ બની ગઈ છે અને રાજકીય પક્ષો પરિણામ સાથે જ સરકાર બનાવવાના દાવા તેજ કરવા માટે પક્ષના સીનીયર નેતાઓને આ રાજયોની રાજધાનીમાં કેમ્પ કરાવ્યા છે આ આખું સપ્તાહ હવે દેશમાં રાજકીય ગતિવિધિની નવી તિવ્રતા જોવા મળશે. ઉતરપ્રદેશ, પંજાબ, ઉતરાખંડ, ગોવા તથા મણીપુરમાં પરિણામો પુર્વેના એકઝીટ પોલે પરીસ્થિતિ વધુ રસપ્રદ બનાવી છે અને ઉતર પ્રદેશમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળશે તેવા એક સિવાયના અન્ય તમામ એકઝીટ પોલ કરે છે અને પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર નિશ્ચિત માનવામાં આવેછે.પરંતુબે નાના પણ મહત્વના રાજયો ગોવા અને ઉતરાખંડ એ ત્રિશંકુ વિધાનસભા ભણી ધકેલાઈ રહ્યા છે તેવા એક્ઝીટ પોલના વર્તારા સાથે આ બન્ને રાજયોમાં અત્યારથી જ વિવિધ પક્ષો દ્વારા તેના ચૂંટણી લડેલા ઉમેદવારોને પણ સલામત કરવા પડી રહ્યા છે અને પરિણામ જાહેર થયા બાદ જેઓ જીત્યા હશે તેઓને 'સલામત' કરાશે અને જો કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી નહી મળે તો પછી અહી રાજકીય, ખરીદ, વેચાણ બજાર ખુલી જશે. આ બન્ને રાજયોમાં ખાસ કરીને ગોવામાં એકઝીટ પોલના સંકેત મુજબ કોંગ્રેસ પક્ષ સૌથી મોટા પક્ષ તરીકે ઉપસી આવશે તેવા સંકેત મળતા જ પક્ષના પ્રભારી પી.ચિદમ્બરમ તથા ડી.કે.શિવકુમારે ગોવા પહોંચીજઈને તમામ ઉમેદવારોને ગઈકાલે જ રીસોર્ટમાં મોકલી આપ્યા હતા. કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધી કાલે જયપુર પહોંચ્યા હતા અને તેઓએ ઉતરાખંડમાંથી જરૂર પડે તો ઉમેદવારે ધારાસભ્યોને રાજસ્થાન મોકલાશે અને આ માટે મુખ્યમંત્રી અશોક ગેહલોતને તૈયાર રહેવા જણાવ્યું હતું. ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત કાલે દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા અને બાદમાં પણજી પરત ફર્યાહતા. માનવામાં આવે છે કે ભાજપે જો જરૂર પડે તો મુખ્યમંત્રી બદલવાની તૈયારી સાથે પણ ઉતરાખંડ-ગોવામાં સતા જળવાઈ રહે તે જોવા નિર્ણય લીધો છે.

ઈવીએમની અદલા બદલી કરવામાં આવી રહી હોવાનો અખિલેશનો આક્ષેપ

લખનૌ તા. ૯

અખિલેશ યાદવે મંગળવારે પરિણામ પહેલાં પ્રેસ-કોન્ફરન્સ કરી હતી. તેમણે કાઉન્ટિંગ પહેલાં ભાજપ સરકાર ઉપર ગોટાળાનો આરોપ લગાવ્યો હતો. અખિલેશે કહ્યુંહતુંકે વારાણસીમાં **EVM**ની અદલાબદલી કરવામાં આવી રહી છે. જ્યાં ભાજપ હારી રહી છે એ જિલ્લાના કલેકટરની પાસે મુખ્યમંત્રી અને પ્રમુખ સચિવને ફોન જઈ રહ્યા છે. કાઉન્ટિંગ સ્લો રાખજો. તેમણે વધુમાં કહ્યું હતું કે બનારસમાં ની ઈવીએમની એક ટ્રક પકડાઈ છે. એક ટ્રક નીકળી ગઈ છે. બરેલીમાં કચરાની ગાડીમાં બેલેટ પેપર્સથી ભરેલાં ૩ બોક્સ મળ્યાં છે. સોનભદ્રમાં પણ હેરાફેરી કરવામાં આવી રહી છે. સરકાર વોટની ચોરી કરી રહી છે. જોકે મોડીસાંજે એસીએસ નવનીત સહગલે આ આરોપને ફગાવ્યા છે. ચૂંટણીમાં ઉપયોગમાં લેવાયેલાં **EVM** સ્ટ્રોગ રૂમમાં **CRPF**ના કબજામાં છે.

પાકિસ્તાની યુવતિએ ભારતનો આભાર માન્યો

કિવ તા. ૯

યુદ્ધની વચ્ચે યુક્રેનમાં ફસાયેલા ભારતીયો અને અન્ય દેશોના લોકોને કાઢવા માટે ભારત મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલાં પણ પુતિન અને ઝેલેન્સ્કી યુદ્ધ રોકીને નાગરીકોને સુરક્ષિત બહાર કાઢી રહ્યા હતા. ત્યાંફસાયેલાઘણા પાકિસ્તાની પણ કિવ સ્થિત ભારતીય એમ્બેસીની મદદ લઈને બહાર નીકળી રહ્યા છે. પાકિસ્તાનનાં લોકો ભારતનો આભાર માની રહ્યા છે.

આવી જ એક પાકિસ્તાની યુવતી આસમા શફીકને ભારતીય દળે યુક્રેનમાંથી સુરક્ષિત કાઢી લીધીછે. તે ઝડપથી પાક.માં પરત ફરશે. આ મદદ બદલ આસમાએ વડાપ્રધાન મોદી અને ભારતીય દૂતાવાસનો આભાર માન્યો છે. આસમાએ કહ્યું મારું નામ આસમા શફીક છે. હું કિવ સ્થિત ભારતીય દૂતાવાનો આભાર માનું છું કે તેમણે મારી શક્ય એટલી તમામ મદદ કરી. અમે ખૂબ જ ખરાબ રીતે ફસાઈ ગયા હતા. હું ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનું છું કે તેમને કારણે હું અહીંથી નીકળી શકી. મદદ કરવા બદલ તમારો આભાર. ભારતીય એમ્બેસીને કારણે અમે ઘરે સુરક્ષિત જઈ રહ્યાં છે.

યુક્રેનનાં તેવર ઢીલા પડયા : નાટોમાં નહી જોડાવાની જાહેરાત : રશિયા સાથે સમજૂતી કરવા તૈયાર

મોસ્કો,તા. ૯

રશિયન આક્રમણનો સામનો કરી રહેલા યુક્રેને એવું જાહેર કર્યું છે કે, નાટોમાં સભ્ય દેશ બનવા ઈચ્છુક નથી. યુક્રેનના આ મામલે નરમ વલણ છતાં રશિયા તરફથી કોઈ પ્રત્યાઘાત આવ્યો નથી.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કીએ જાહેર કર્યું હતું કે, રશિયાએ જે કારણથી આક્રમણ કર્યું છે તે નાટો દેશમાં સભ્યપદ મેળવવામાં યુક્રેનને રસ નથી. આ ઉપરાંત રશિયન તરફથી ડોનેસ્નક તથા લુગાન્સ્કના સ્ટેટસ વિશે પુતિન સાથે વાતચીત કરવા પણ મન ખુલ્લુ છે. આ બન્ને દેશો અલગ ગણરાજ્ય હોવા વિશે રશિયાનું દબાણ છે.

ઝેલેન્સ્કીએ ટીવી મુલાકાતમાં એમ કહ્યું કે નાટો જ યુક્રેનને સ્વીકારવા મનથી રાજી નથી એટલે તેમાં શામેલ થવાની ઈચ્છા હળવી થઈ ગઈ હોવાનું પોતે અગાઉ પણ જાહેર કરી ચુક્યા છે. નાટો દેશો પણ રશિયાની સાથે દુશ્મનાવટ વ્હોરવામાં ખચકાટ રાખતા હોવાની છાપ છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે યુક્રેન સભ્યપદ માટે કોઈ પાસે ભીખ માંગવા તૈયાર નથી અને પોતે આવા રાષ્ટ્રપતિ બનવા પણ તૈયાર નથી. યુક્રેનને નાટોનું સભ્ય બનાવવા રશિયા અગાઉથી જ વિરુધ્ધમાં હોવાનું ઉલ્લેખનીય છે.

ઝેલેન્સ્કી વધુ કુણા પડ્યા હોય તેમ આક્રમણ પૂર્વે જ રશિયાએ સ્વતંત્ર ઘોષિત કરેલા બે પ્રાંતનાં સ્ટેટસ વિશે પણ ચર્ચાની તૈયારી બતાવી છે. નાટોને લાગેવળગે છે ત્યાં સુધી રશિયા તેને જોખમી ગણે છે અને પશ્ચિમી દેશોનું સૈન્ય રશિયાના આંગણેઉભુ કરી જાય તેવી સ્થિતિ સર્જાઈ શકે તેમ હોવાનો સૂર દર્શાવ્યો છે.

પુતિન કયારેય યુક્રેન જીતી શકશે નહી : બાઈડન

વોશીંગ્ટન તા. ૯ આજે રશિયા અને યુક્રેનના યુદ્ધનો ૧૪મો દિવસ છે. રશિયાએ બુધવારે સીઝફાયરની ઘોષણા કરી છે, જેથી યુદ્ધમાં ફસાયેલા નાગરિકોને કાઢી શકાય. સુમી, ખાર્કિવ, મારિયોપોલ, ચેર્નિહિવ, જાપોરિજામાં યુદ્ધવિરામ રહેશે. યુક્રેનની સેનાએ રશિયા માટે અપેક્ષાથી ઊલટો ભારે અવરોધ સર્જયો છે. યુક્રેન કહે છે કે રશિયન સેનાએ યુક્રેનની ૬૧ હોસ્પિટલ અને મેડિકલ ઈક્વિપમેન્ટ નષ્ટ કરી દીધાં છે. બીજી તરફ, રશિયન સેનાના આ સ્પેશિયલ મિલિટરી ઓપરેશને પડોશી દેશોમાં રેફ્યુજી સંકટ વધારી દીધું છે, જ્યારે પોલેન્ડે પોતાનાં તમામ મિગ-૨૯ ફાઈટર પ્લેન યુક્રેનને આપવાનું એલાન કર્યું છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું હતું કે યુક્રેન યુદ્ધમાં ક્યારેય રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનની જીત નહીં થાય. કારણ કે રશિયાના આક્રમણથી ફસાયેલા નાગરિકોની દુર્દશા ઉપર વૈશ્વિક આક્રોશ જોવા મળી રહ્યો છે. બાઈડને કહ્યું કે યુદ્ધના કારણે ૨૦ લાખ લોકોએ શરણાર્થી બનવું પડ્યું છે. રશિયા મોટી કિંમત ઉપર આ યુદ્ધને યથાવત રાખી શકે છે પરંતુ તે ક્યારેય યુક્રેનને જીતી શકશે નહીં. પુતિન એક શહેરને લેવામાં સક્ષમ હોય શકે છે પરંતુ દેશ ઉપર કબજો નહીં કરી શકે.

ગોવામાં પક્ષ પલ્ટાનાં ફફડાટ વચ્ચે કોંગ્રેસે તેના નેતાઓને રીસોર્ટમાં મોકલ્યા

પણજી તા. ૯

ગોવામાં વિધાનસભા ચૂંટણીના પરિણામો આવે તે પહેલા કોંગ્રેસમાં મોટો ફફડાટ છે. જેના કારણે કોંગ્રેસ પાર્ટીએ પોતાની અગાઉથી તૈયારીઓ શરૂ કરી દીધી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર જોઈએ તો, ગોવા કોંગ્રેસમાં પક્ષ પલ્ટો કરવાની તૈયારી કરતા નેતાઓને રોકવા માટે કોંગ્રેસ પાર્ટીએ રિસોર્ટમાં મોકલી દીધા છે.

આવતીકાલે આવનારા ચૂંટણી પરિણામ પહેલા, કોંગ્રેસ પક્ષપલ્ટાને રોકવા માટે આ પગલું ભર્યુ છે. જેને લઈને પાર્ટીને ભૂતકાળમાં ઘણુ નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. હકીકતમાં પાર્ટી, ગોવાની વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીની ચૂકને ફરી વાર પુનરાવર્તિત કરવા નથી માગતી, કેમ કે, ગોવામાં સૌથી મોટી પાર્ટી હોવા છતાં પણ કોંગ્રેસ સરકાર બનાવી શકી નહોતી.

મોદી સરકાર સામે ખાદ્ય પદાર્થોનાં વધતા ભાવો, બેફામ મોંઘવારીનો મોટો પડકાર

નવી દિલ્હી, તા.૯

અત્યાર સુધી પાંચ રાજયોની ચુંટણી પ્રચારમાં વ્યસ્ત રહેલ કેન્દ્રની મોદી સરકારને હવે અર્થવ્યવસ્થામાં ફેરફાર લાવવા પુરતો સમય મળશે. આ બે મહિનામાં અર્થવ્યવસ્થાના મોરચે ઘણા બધા ફેરફારો થયા છે. તેલથી માંડીને ખાદ્ય પદાર્થોની વધતી કિંમતો સરકાર માટે મોટો પડકાર બની રહી છે. નિષ્ણાંતો અનુસાર, ક્રુડના હાલના ભાવોના પ્રમાણમાં દેશમાં પેટ્રોલ-ડીઝલની કિંમતો બહુ ઓછી છે. એટલે સરકાર પેટ્રોલ-ડીઝલના ભાવોમાં મોટા વધારાનો નિર્ણય લઈ શકે છે. એટલે સરકાર પેટ્રોલ-ડીઝલના ભાવોમાં મોટા વધારાનો નિર્ણય લઈ શકે છે. જો આમ થશે તો મોંઘવારી અને મુદ્રા સ્થિતિ બંનેમાં વધારો થશે. ક્રુડ ઓઈલના ભાવોમાં થઈ રહેલ સતત વધારાની અસર અન્ય મુખ્ય કોમોડીટીઉપર પણ થઈ રહી છે. તેના ભાવોમાં સતત વધારો થઈ રહ્યો છે.

જામનગરથી અમૃતસર સુધીનો ૧૨૫૭ કી.મી. લાંબો એકસપ્રેસ હાઈવે બનશે

નવી દિલ્હી,તા. ૯: ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યોના વિકાસમાં વેગ આવે તે હેતુથી સરકારે રૂ. ૧૦૭ લાખ કરોડનું કદ ધરાવતો પીએમ ગતિશક્તિ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. પ્રોજેક્ટમાં ૮૧ જેટલા જેટલા મહત્વના પ્રોજેક્ટ સમાવવામાં આવ્યા છે. એમાં ગુજરાતનો સમાવેશ પણ થયો છે.ગુજરાતને પ્રોજેક્ટ હેઠળ એક્સપ્રેસ હાઈવે મળવાનો છે. ૧૨૫૭ કિલોમીટરની લંબાઈ ધરાવતો અમૃતસરથી જામનગર સુધીનો એક્સપ્રેસ હાઈવે ખૂબ જ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માનવામાં આવે છે. જામનગર, મોરબી, કચ્છ જિલ્લો ઉદ્યોગોનું હબ ગણાય છે ત્યાંથી માલ પરિવહન સરળતાથી થઈ શકશે. રાજકોટને પણ વાયા મોરબી ઘણો લાભ મળશે.

એક્સપ્રેસ વેને લીધે ભટીંડા, બાડમેર અને જામનગરની એમ કુલ ત્રણ ત્રાણ ઓઈલ રિફાઈનરીઓ એકબીજા સાથે જોડાશે. એ ઉપરાંત ભટીંડાનો થર્મલ પ્લાન્ટ તથા ગંગાનગરનો થર્મલ પ્લાન્ટ પણ આ જ રસ્તે આવશે. અમૃતસર-જામનગર એક્સપ્રેસ વે લુધિયાણા-ભટીંડા-અજમેર એક્સપ્રેસ વેને મળશે. આમ આખો રસ્તો આર્થિક કોરિડોર બની રહેવાનો છે. હરિયાણા અને રાજસ્થાનમાં ૨૦૧૯માં જ આ રસ્તાનું બાંધકામ શરૂ થઈ ગયું છે અને માર્ચ ૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાનું સરકારનું લક્ષ્ય છે.

હોળી પહેલા કેન્દ્રીય કર્મચારીઓને સરકાર ભેટ આપશે : ડીએમાં ત્રણ ટકાનો વધારો કરાશે

નવી દિલ્હી તા. ૯ : હોળી પહેલા કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને સારા સમાચાર મળવાના છે.

રિપોર્ટ્સ અનુસાર, સરકાર કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં વધારો કરવા જઈ રહી છે. હોળી પહેલા તેની જાહેરાત થઈ શકે છે. આ નિર્ણયથી ૫૦ લાખથી વધુ સરકારી કર્મચારીઓ અને ૬૫ લાખથી વધુ પેન્શનરોને સીધો ફાયદો થશે.

કેન્દ્રીય કર્મચારીઓને હાલમાં ૩૧ ટકા મોંઘવારી ભથ્થું મળે છે. અહેવાલો અનુસાર, ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ ફોર ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સના ડિસેમ્બર ૨૦૨૧ના ડેટાને ધ્યાનમાં રાખીને સરકાર કેન્દ્રીય કર્મચારીઓના ડીએમાં ત્રણ ટકાનો વધારો કરી શકે છે. તે સાથે કેન્દ્રીય કર્મચારીઓને મળતું ડીએ ૩૪ ટકા થઈ જશે.

એક પણ ઉશ્કેરણી થશે તો મોદી સરકાર પાક.ને જડબાતોડ જવાબ આપશે : યુએસ રીપોર્ટ

વોશિંગ્ટન તા. ૯

યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધના સંદર્ભમાં વૈશ્વિક બનાવી તનાવ અંગેના એક રીપોર્ટમાં જણાવ્યું છે કે, જોપાકિસ્તાન તરફથી હવે કોઈ ઉશ્કેરણી થશે તો ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર પાકીસ્તાનને વળતો આકરો જવાબ આપી શકે છે. દક્ષિણ એશિયામાં તનાવ અંગેના એક રીપોર્ટમાં અમેરિકી ગુપ્તચર સમુદાયના તૈયાર કરાયેલા રિપોર્ટમાં ભારતને પાકિસ્તાન અને ચીન બન્ને સાથે તનાવ હોવાનું અને ત્રણેય અણુ રાષ્ટ્ર હોવાથી કોઈપણ અથડામણ વધુ ચિંતાજનક હશે તેવું તારણ મળ્યું છે.

દર મહિને રૂપિયા ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ કમાવો
મોબાઈલમાં ઓનલાઈન
+91 91732 36427
2Captcha
નો ટાર્ગેટ, નો એકયુરેસી, નો વર્ક ટાઈમ લીમીટ
દર ૧૫-દિવસે પેમેન્ટ ચુકવવામાં આવશે.
પહેલો માળ, આશિવાદ કોમ્પ્લેક્ષ, જયશ્રી રોડ, જુનાગઢ.
રજીસ્ટ્રેશન માટે રૂબરૂ મળો.

ફ્રી...ફ્રી... ફ્રી... ફ્રી...
સાઉદી અરેબીયા - દુબઈ માટે વર્કર તાત્કાલીક જોઈએ છે
કડીયાકામ, સુથારી કામ, દરજી કામ, પાર્લર, વેલ્ડર ગેરેજ, મીકેનીક, એન્જીનીયર, ડ્રાઈવર, વેઈટર, રસોયા અને ઘરકામ કરી શકે તેવી બહેનો - ભાઈઓની જરૂર છે
કંપની તરફથી વિઝા અને ટિકીટ તદન ફ્રી છે
ફકત રજીસ્ટ્રેશન ચાર્જ રૂા.૫૦૦૦ લેવામાં આવશે
નોંધ : ફ્રેશર પણ ચાલશે, મોલમાં કામ કરી શકે તેની જરૂર છે.
આજે જ સંપર્ક સાધો
કોન્ટેકટ : ૯૧૭૩૨ ૩૬૪૨૭
પહેલો માળ, આશીર્વાદ કોમ્પ્લેક્ષ, જયશ્રી રોડ, જૂનાગઢ

CNG RTO Approved Fitting Center
SANITO CNG SEQUANTIAL SYSTEM
3D વ્હીલ એલાઈમેન્ટ
Authorised Dealer
LOVATO AUTO GAS
TOMASETTO ACHILLE
દર્શન મોટર્સ - જૂનાગઢ
સાબલપુર ચોકડી, રાજકોટ હાઈવે, ભારત પેટ્રોલપંપ પાસે, જૂનાગઢ
સંપર્ક : ૯૪૨૬૯ ૯૨૯૧૦/૯૯૦૪૯ ૯૨૯૧૦

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું • હળદર • ધાણાજીરૂ • ગરમ મસાલો

ઉં ઉપચાર કેન્દ્ર
ડૉ. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નેસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
● નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ભાસ્કરભાઈ મો. ૯૧૦૬૪ ૬૧૦૪૩
નિતિનભાઈ મો. ૯૮૭૯૬ ૧૫૦૪૬
છબીલભાઈ મો. ૯૯૭૯૨ ૯૦૨૮૮
સનલાઈટ ટાઈલ્સ
માર્બલ, કોટાસ્ટોન, ગ્રેનાઈટ, સીરામીક ટાઈલ્સ, વિટ્રીફાઈડ, ડીઝીટલ ગ્લેઝ
દિપક પેટ્રોલ પંપની બાજુમાં, અમીન ટ્રાન્સપોર્ટની સામે, દોલતપરા, જૂનાગઢ

હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
ક્લીનીક : ઝાંઝરડા બાપાસ ચોકડી, ૯-સ્કવેર બિલ્ડીંગ, ત્રીજા માળે, કે.જે. હોસ્પીટલની બાજુમાં, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

બી.યુ. સર્ટીફીકેટ આપવાની જવાબદારી જૂનાગઢ મહાનગરપાલિકાની જ છે : વિપક્ષી નેતાઓ

જૂનાગઢ તા.૯

જૂનાગઢ મનપાનાં વિરોધ પક્ષનાં નેતા અને વોર્ડ નં.૮નાં કોર્પોરેટર અદ્રેમાનભાઈ એ. પંજા, સેનીલાબેનએ. થઈમઅને જેબુનીશાબેન કાદરીએ એક અખબાર જોગ નિવેદનમાં જણાવ્યું છે કે, બી.યુ. સર્ટીફિકેટ આપવાની જવાબદારી મહાનગરપાલિકાની છે તેમ જણાવી આ અંગે યોગ્ય કાર્યવાહી કરવાની માંગણી કરી હતી. વિપક્ષ અગ્રણીઓએ આપેલા અખબારજોગ નિવેદનમાં વધુમાં જણાવ્યું હતું કે, હાલ જૂનાગઢ મનપામાં બાંધકામનાં બી.યુ.નાં સર્ટીફિકેટ અંગેનો વિવાદ ચાલું થયો છે. જૂનાગઢ મહાનગરપાલિકામાં લગભગ ૯૦ ટકા ઉપરનાં બિલ્ડીંગો પાસે આ બી.યુ. સર્ટીફિકેટ હશે નહી. તેમજ આ બી.યુ. સર્ટીફિકેટ આપવાની જવાબદારી મનપાનાં કર્મચારીઓ/અધિકારીઓનીછે. તેમજ આ મેળવવાની જવાબદારી બાંધકામ કરતા બીલ્ડરોની છે. જેથી બીલ્ડીંગ વપરાશ કર્તાને આની સજા ન આપી શકાય. જૂનાગઢમનપામાં છેલ્લા ૩૦ થી ૪૦ વર્ષથી જે બાંધકામ ઉભા છે તે સમય બાંધકામોમાં હાલ જે બીલ્ડીંગનો વપરાશ કરે છે તે સામાન્ય પ્રજા કે જેઓએ પોતાની પાઈ-પાઈ એકઠી કરીને પોતાની મરણ મુડીમાંથી પોતાનાં ધંધા માટે દુકાન/ઓફીસો/મકાન/ હોસ્પિટલ ખરીદ કરી હોય અને હવે જયારે આટલા વર્ષો બાદ મહાનગરપાલિકા અચાનક જ સફાળી બેઠી થઈ અને બી.યુ. સર્ટીફિકેટ વગરનાં તમામ બાંધકામ સીલ કરવા નિકળે તો આટલા વર્ષ બી.યુ. સર્ટીવગરની બીલ્ડીંગોને કેમ સીલ કરવામાં ન આવી તે એક મોટો પ્રશ્ન છે. મનપા મોટા મોટા ભ્રષ્ટાચાર કરીને બાંધકામને મંજુરી આપે છે ત્યારબાદ તેઓની જવાબદારી છે કે, બાંધકામ મંજુરી મુજબ થાય છે કે, કેમ તેની તપાસ કરવી. બાંધકામ પૂર્ણ થયા બાદ કમ્પ્લીશન સર્ટીફિકેટ મેળવવાનાં હોય છે તે બીલ્ડરો દ્વારા મેળવવામાં આવેલ છે કે નહી આ તમામ બાબતો જોઈ વગર મહાનગરપાલિકા વર્ષોથી આવી મિલ્કતોનો હાઉસ ટેકસ પણ વસુલ કરે છે. જો મહાનગરપાલિકા દ્વારા હાઉસ ટેકસની આકારણી વખતે જ આવા બધા ડોકયુમેન્ટ જેમ કે કમ્પ્લીશન સર્ટી, બી.યુ. સર્ટી. વિગેરે માંગવામાં આવ્યા હોત તો આવી નોબત જ ન આવત. પરંતુ માત્રનો માત્ર મનપાનાં અધિકારી/કર્મચારી ભ્રષ્ટાચાર કરી બાંધકામ મંજુરી આપી પોતાની જવાબદારીમાંથી છટકી જઈ પ્રજાને હેરાન પરેશાન કરવા માંગે છે અને હવે ૨૫-૩૦ વર્ષ બાદ બી.યુ. સર્ટીફિકેટ ન હોય તેનાં બીલ્ડીંગ સીલ કરવાનીકળે તે કેટલે અંશે વ્યાજબી અને ન્યાયીક છે. જેથી જો કોઈને દંડ કરવો હોય તો આવ ભ્રષ્ટાચારથી મોટી મોટી બીલ્ડીંગો ઉભી કરી વેંચીને જતા રહેલા બીલ્ડરોને દંડ કરવો જોઈએ નહી કે સામાન્ય, ગરીબ અને મધ્યમ વર્ગનાં લોકો પોતાની મરણ મુડીમાંથી ખરીદ કરેલ બીલ્ડીંગને સીલ કરી તેઓનાં ધંધા, રોજગારને બંધ કરવાની આ નીતિ છોડી દેવી જોઈએ. હાલ જે હોસ્પિટલોને સીલ કરવાથી દર્દીઓ હેરાન પરેશાન થઈ જશે અને આ પ્રક્રિયામાં કોઈ દર્દીનું મોત નીપજશે તો તેની જવાબદારી કોના શીરે ? આમ છતાં આ બાબતે મહાનગરપાલિકાએ વચ્ચેનો રસ્તો કાઢી જુના તમામ બાંધકામોને બી.યુ. સર્ટીફિકેટ ઈશ્યુ કરવા જોઈએ તેમજ આ બાબતે બીલ્ડીંગનાં વપરાશ કર્તાઓને બી.યુ. સર્ટીફિકેટ મેળવવા માટેનો વ્યાજબી સમય પણ આપવો જોઈએ તેમ અંતમાં જણાવેલ છે.

સત્યમ સેવા યુવક મંડળ દ્વારા મહિલા દિનની અનોખી ઉજવણી : બે દીકરીઓનાં લગ્ન કરાવી આપ્યા

જૂનાગઢ તા.૯

જૂનાગઢ ખાતે સત્યમ સેવા યુવક મંડળ દ્વારા બે ભોંય જ્ઞાતિની દીકરીના ઘડિયા લગ્ન લઈ પરણાવી મહિલા દિનની અનોખી ઉજવણી કરવામાં આવેલ હતી. ભોંય સમાજની અતિ જરૂરીયાતમંદ દીકરી કે જે જયોતિબેન ચુડાસમા તથા આરતીબેન કે જેના પિતાજી પથારીવશ હોય અને ખુબ જ બીમાર હોય અને તાત્કાલિક લગ્નનું આયોજન કરવામાં આવેલ હોય અને સત્યમ સેવા યુવક મંડળને જાણ કરતા આ બંને દીકરીઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિને સત્યમ સેવા યુવક મંડળના હોલ ખાતે ૪૫ જેટલી કરિયાવરની વસ્તુઓ આપી રંગે ચંગે સાસરે વળાવેલ હતી. જેખરા અર્થમાં મહિલા દિનની ઉજવણી કરવામાં આવેલહતી. આ પ્રસંગે બટુકબાપુ, નાગભાઈ વાળા, પ્રભાબેન પરમાર, અજીતભાઈ ગોધવાણી, મગનભાઈ પરમાર, ચુડાસમાભાઈ વગેરે ખાસ ઉપસ્થિત રહી બંને નવદંપતિઓને આશીર્વાદ આપેલ હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, શાંતાબેન બેસ, કે.કે. ગોસાઈ, જોગલભાઈ, મનહરસિંહ ઝાલા, અલ્પેશભાઈ પરમાર, કેતનભાઈ નાંઢા, સરોજબેન જોશીએ સફળ બનાવેલ હતો.

આંતરરાષ્ટ્રીય મહિલા દિન પ્રસંગે કેડી હોસ્પિટલની અનોખી "નો-ઓબેસ" ઝૂંબેશ

અમદાવાદ તા.૯

ભારતમાં ૧૩૫ મિલિયનથી વધુ લોકો મેદસ્વિતાથી પિડીત છે. આ સંખ્યા અમેરિકા અને ચીન પછી ત્રીજા નંબરે છે. અતિશય મેદસ્વીતાની સારવાર માટે બેરિયાટ્રીક સર્જરી(BS)ને ખૂબ અસરકારક માનવામાં આવે છે. તેનાથી મેદસ્વીતાને કારણે થતી અન્ય તકલીફો તથા મૃત્યુંદરમાં ઘટાડો થાય છે. તદઉપરાંત વજનમાં ઘટાડો લાંબા સમયગાળા માટે થાય છે. હાલની ઓબેસિટી ગાઈડલાઈન્સ બોડી માસ ઈન્ડેક્સ (બીએમઆઈ) તથા મેદસ્વિતાને કારણે થતા રોગોને આધારે બેરિયાટીક સર્જરીની ભલામણ કરે છે. ભારતમાં વર્ષ ૧૯૯૯માં પ્રથમ બેરિયાટીક સર્જરી કરવામાં આવી હતી. તે પછી બેરિયાટીક સર્જરીની સંખ્યા ક્રમશઃ વધતી ગઈ છે, જે એક નોંધપાત્ર ગતિવિધી છે, કારણ કે તેનાથી ભારતીય સમાજમાં મેદસ્વિતા - એક રોગ તરીકેનીજાગૃતિ અને સ્વિકાર્યતા વધી છે. આ વિચારધારાને અનુસરીને કેડી હોસ્પિટલ, અમદાવાદે નો-ઓબેસિટી ઝૂંબેશ હાથ ધરીને આંતરરાષ્ટ્રિય મહિલા દિને (૮ માર્ચ) રાહત દરે ૮ બેરિયાટીક સર્જરી કરી છે. આ સર્જરીનું અનોખું પાસું એછે કે, આ તમામ દર્દીઓ મહિલાઓ હતી. અમારો મુખ્ય ઉદ્દેશ મહિલાઓના આરોગ્યને અગ્રતા આપીને મેદસ્વિતા અંગે જાગૃતિ વધારવાનો છે. ઘણી વખત ઘરના રોજબરોજના કામકાજ વચ્ચે મહિલાઓ પોતાના આરોગ્યને અવગણે છે અને ગંભીર બિમારી તરફ ધકેલાય છે. આ સ્થિતિમાં પીસીઓડી (પોલિસિસ્ટીક ઓવેરિયન ડીસીઝ), ડાયાબિટીસ, હૃદય રોગ, ડીસ્પનીઆ (શ્વાસ લેવામાં તકલીફ) અને અન્ય ઘણી બધી શારીરિક તકલીફોનો સમાવેશ થાય છે. અમદાવાદની કેડી હોસ્પિટલ ખાતેના "નો-ઓબેસિટી"ના ડાયરેક્ટર તથા સિનિયર કન્સલ્ટન્ટ ડો. મનિષ ખેતાને તેમની ટીમ સાથે ઉપરોક્ત અનોખી પહેલને સફળતાપૂર્વક પાર પાડેલ છે. તેઓએ આ અગાઉ એક જ દિવસમાં ૩૦ બેરિયાટીક સર્જરી પણ સફળતાપૂર્વક કરેલ છે. ડો. ખેતાન સફળતાપૂર્વક ૭,૦૦૦થી વધુ બેરિયાટીક સર્જરી કરવાનો વિસ્તૃત અનુભવ ધરાવે છે. તે દ્રઢપણે માને છે કે સ્થૂળતા અને બેરિયાટીક સર્જરી અંગેની જાગૃતિ એ સારવારનો એક યોગ્ય વિકલ્પ છે. ડો. ખેતાન જણાવે છે કે, "અમારૂ માનવું છે કે, તંદુરસ્ત જીવનશૈલી માટે પરિવારમાં દરેકની તંદુરસ્ત જીવનશૈલી વિકસાવવા માટે મહિલાનું આરોગ્ય ખૂબ જ જરૂરી બની રહે છે. આથી લોકોને બેરિયાટીક સર્જરી વડે સ્થૂળતાની સારવાર કરાવવા માટે જાણકારી આપવી જરૂરી છે. કેડી હોસ્પિટલમાં આ બેરિયાટીક સર્જરી ૩૨ થી ૬૫ બીએમઆઈ (બોડી માસ ઈન્ડેક્સ)ની રેન્જ ધરાવતા તથા ૨૫ થી ૬૫ વર્ષની ઉંમરના દર્દીઓને કરવામાં આવી છે, જેમાં દર્દીનું સૌથી વધુ વજન ૧૬૦ કી.ગ્રા. હતું." કેડી હોસ્પિટલના મેનેજીંગ ડિરેક્ટર ડો. અદિત દેસાઈએ આ મુદ્દે પ્રકાશ ફેંકતા જણાવ્યું હતું કે, "આપણાં દેશમાં મહિલાઓએ અને ખાસ કરીને જે મહિલાઓ નિયમિતપણે મેદસ્વિતાના પરિણામોનોસામનો કરી રહી છે તેમણે તેમના આરોગ્યની બહેતર કાળજીલેવાની જરૂર છે. આ વર્ષે કેડી હોસ્પિટલ ખાતે અમે ૮ મહિલાઓ પસંદ કરી હતી, જે વધુ વજનને કારણે નડતા ભારે અવરોધનો સામનો કરીને વજન ઘટાડવામાં સફળ થઈ છે. અમારા તમામ પ્રયાસો સમાજમાં મેદસ્વિતા અંગે જાગૃતિ વધારવા માટેના છે." કેડી હોસ્પિટલ(કુસુમ ધીરજલાલ હોસ્પિટલ) એ ૬ એકરના સંકુલમાં પથરાયેલું અને ૩૦૦થી વધુ પથારીની સગવડ ધરાવતું તેમજ ૪૫ સુપર સ્પેશ્યાલિસ્ટની સર્વિસ પૂરી પાડતી મલ્ટી/ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ છે. આ હોસ્પિટલ સૌથી વધુ નેશનલ એક્રેડિએશન ધરાવે છે, જેમાં એનએબીએચ, લેબોરેટરી સર્વિસીસ માટે એનએબીએલ, એનએબીએચ નર્સિંગએક્સેલન્સ, એનએબીએચ ઈમર્જન્સી સર્વિસીસ અને એનએબીએચ બ્લડ બેંકનો સમાવેશ થાય છે.

ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ, રાજકોટ અને વિશ્વભારતી સંસ્થાન અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઊજવણી

'જૂઈ- મેળો' કવયિત્રી સંમેલન અને નવ નિયુક્ત ડી.વાય.એસ.પી. રીમાબેન ડોડીયાનું મહિલા સશક્તિકરણ અંગે વ્યાખ્યાન યોજાય

રાજકોટ તા.૯

તારીખ ૮ માર્ચ ૨૦૨૨ના ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજના ગુજરાતી વિભાગ અને કોલેજના મહિલા સેલ દ્વારા મહિલા દિવસની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં જસુબેન બકરાણીયા, વનિતાબેન રાઠોડ, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજના જાગૃતિબેન વ્યાસ તથા નવોદિત કવયિત્રી મેમરીયા રિદ્ધિ, ભોજવિયા તુલસી, તેરૈયા રશ્મી તથા માતૃશ્રી વીરબાઈ મહિલા કોલેજની વિદ્યાર્થીઓ પીઠડીયા કાવ્યા અને બલાસરા પીનલ વગેરે દ્વારા કાવ્ય પઠન કરવામાં આવેલું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ રિમાબેન ઝાલાનું માલતીબેન પાંડે દ્વારા પુષ્પ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ઉપરાત ડો. જસ્મીના સારડાએ વકતાનું સ્મૃતિ ચિન્હ ભેટ આપી અભિવાદન કર્યું હતું. જ્યારે મહિલા સેલના સભ્ય ડો. ક્રિષ્નાબેને કાર્યક્રમના અધ્યક્ષ રિમાબેન ઝાલાનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપક અને મહિલા સેલના સભ્ય ડો. જયાબેન વાઢેળ દ્વારા મહિલા દિવસ નિમિતે સામાજિક સમાનતા ઉપર પોતાના વિચારો વ્યકત કર્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ અને વકતા રિમાબેન ઝાલાએ "સ્ત્રી સશક્તિકરણ અને કારકિર્દી" અંગેનું મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. ડો. જીગ્નેશ ઉપાધ્યાય પુરૂષોની દ્રષ્ટિએ સ્ત્રી સન્માનવિષે હૃદયસ્પર્શી વક્તવ્ય આપ્યું હતું. આ સાથે આંતરરાષ્ટ્રીય તહેવાર નિમિતે મતદાન જાગૃકતા અંગે જોનલ ઓફિસર ડો. ફારૂખ ખાન, કોલેજના ડેજીગ્નેટેડ ઓફિસર ડો. ભાવેશ બી. કાછડિયા તેમજ પ્રો. રિતેશભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને નિષ્પક્ષ અને જાગૃત નાગરિક તરીકે મતદાન કરવા શપથ લેવડાવ્યા હતા. અંતે ડો. જસ્મીના સારડાએ અતિથિ તેમજ ઉપસ્થિત સર્વે અધ્યાપકો અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હંસા ગુજરીયાએ કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય એ.એસ. રાઠોર, ડો. જીજ્ઞેશ ઉપાધ્યાય, રિતેશ પટેલ, ડો. હર્ષિદા જાગોદડિયા, ડો. જાગૃત્તિ વ્યાસ, ડો. કલ્યાણી રાવલ, ડો. રાજેશ્રી વાઝા, ડો. કિરણ વાડોદરિયા, ડો. જીગ્નેશ કાચા, ડો. ભાવેશબી. કાછડીયા વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

જામ ખંભાળિયાના જાણીતા તબીબ ડોકટર ઠક્કરના માતૃશ્રીની આવતીકાલે પ્રાર્થનાસભા

જામ ખંભાળિયા તા.૯

સુરત નિવાસી સ્વ. રજનીકાંતભાઈ મંગલભાઈ ઠક્કરના ધર્મપત્ની ગં.સ્વ. લીલાબેન રજનીકાંતભાઈ ઠક્કર(ઉ.વ.૮૧) તે જામ ખંભાળિયાના જાણીતા ફિઝીશીયન ડો. રાજેશભાઈ ઠક્કર, સુરત નિવાસી ડો. સુનિલભાઈ ઠક્કર તથા પ્રશાંતભાઈના માતા તેમજ ડો. શિલ્પાબેન ઠક્કર(ગાયનેક- જામ ખંભાળિયા), ડો. મીનલબેન ઠક્કર(સુરત) અને ડો. કમલબેન ઠક્કર(સુરત)ના સાસુ રવિવાર તા.૬-૩-૨૦૨૨ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. સદગતની પ્રાર્થનાસભા ગુરૂવાર તારીખ ૧૦-૩-૨૦૨૨ના રોજ સાંજે પાંચથી છ સુધી ખંભાળિયામાં પોરબંદર રોડ ઉપર આવેલા ટાઉન હોલ ખાતે રાખવામાં આવેલ છે.

જામનગર જિલ્લાનું ત્રિદિવસીય શૈક્ષણિક અને વહીવટી અધિવેશન આવતીકાલથી સિદસરના ઉમિયાધામ ખાતે યોજાશે

જામ ખંભાળિયા તા.૯

જામનગર જિલ્લાના જામજોધપુર પાસે આવેલા સિદસર સ્થિત ઉમિયાધામ ખાતે તારીખ ૧૦ થી ૧૨ માર્ચ સુધી બે તબક્કામાં જામનગર શહેર અને ગ્રામ્ય આચાર્ય સંઘ તથા વહીવટી સંઘ અને જામનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સંયુક્ત ઉપક્રમે શૈક્ષણિક તથા વહીવટી અધિવેશનનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને સ્વામી શ્રી ધર્મબંધુજી ઉપસ્થિત રહેશે. જ્યારે મુખ્ય મહેમાન તરીકે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડી.આર. સરડવા તથા પૂર્વ રાજયમંત્રી ચિમનભાઈ સાપરીયા પણ સાથે જોડાશે. અતિથિ વિશેષ તરીકે વિવિધ સંઘના હોદ્દેદારો જે.પી. પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, મહેશભાઈ મુંગરા, હરદેવસિંહ જાડેજા, ભાનુભાઈ પટેલ, ભરતભાઈ ચૌધરી, પ્રશાંતભાઈ અર્ધ્વર્યુ, કિશોરભાઈ ડાંગર, રામજીભાઈ હેરમા, અનિલભાઈ રાખસિયા, રાજુભાઈ કાબરીયા, મહેશભાઈ મુંગરા વિગેરે ઉપસ્થિત રહીને જરૂરી માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમમાં તારીખ ૧૦ તથા ૧૧ માર્ચના રોજ શૈક્ષણિક અધિવેશન સાથે તા. ૧૧ અને ૧૨ માર્ચના રોજ વહીવટી અધિવેશન થશે. જેમાં આચાર્યો તથા વહીવટી કર્મચારીઓને ઉપસ્થિત રહેવા જિલ્લા શિક્ષણાધિકારી બી.એલ. કૈલા, જામનગર શહેર આચાર્ય સંઘના પ્રમુખ ડો. સતીશ કરછલા, ગ્રામ્યના કા. પ્રમુખ એમ.ડી. મકવાણા તથા અધિવેશનના કન્વીનર કેતનભાઈ વાછાણી દ્વારા અપીલ કરવામાં આવી છે.

ગીર-સોમનાથમા ૧૫માં નાણાંપંચ હેઠળ ૧૧ ટર્બોડાઈન એ.સી. મશીન આરોગ્ય વિભાગને અર્પણ કરાયા

આરોગ્ય વિષયક મહત્વના ટેસ્ટની સેવા વિનામૂલ્યે ઉપલબ્ધ થશે

વેરાવળ તા.૯

લોકોને આરોગ્ય વિષયક સેવાઓ મળી રહે તે માટે અને કોરોના મહામારી તેમજ હાલના ઝડપી યાંત્રિક સમયગાળામાં વધતા જતા બિન સંચારી રોગ(ડાયાબીટીસ) જેવા રોગોની અટકાયત માટે છેવાડાના ગામો સુધી લોકોને નિદાન અને સારવાર મળી રહે તે માટે ગીર-સોમનાથમાં ૧૫માં નાણાંપંચ અંતર્ગત ૧૧ ટર્બોડાઈન એ.સી. મશીન આરોગ્ય વિભાગને જિલ્લા વિકાસ અધિકારી રવિન્દ્ર ખતાલેના હસ્તે જિલ્લા પંચાયત ભવન, ઈણાજ ખાતે અર્પણ કરયા હતા.

જિલ્લાના ૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩ પેટા આરોગ્ય કેન્દ્રો ઉપર કુલ મળી ૧૧ ટર્બોડાઈન આવ્યા છે. આ મશીનની મદદથી કોરોનામાં જરૂરી જણાતા એવા ટેસ્ટ (ડી-ડાઈમર, સી.આર.પી, ફેરીટીન) તેમજ ડાયાબીટીસની જાણકારી મેળવવા માટેનો ખુબ જ ઉપયોગી એવો HBA1C (ત્રણ મહીનાની સરેરાસ સુગર લેવલ) રીપોર્ટ આ ૧૧ આરોગ્ય કેન્દ્રો ઉપર જાહેર જનતા માટે નિઃશુલ્ક કરવામાં આવશે. આ તકે ઈન્ચાર્જ આરોગ્ય અધિકારી ડો. અરૂન રોય, ડો. દિપક પરમાર, ડો. કે.બી. નીમાવત, ડો. દીવ્યેશ ગોસ્વામી સહિત પી.એચ.સી., સી.એચ.સી.ના આરોગ્ય અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કોડીનાર રા.ના. વાળા હોસ્પિટલ ખાતે તા.૧૦મી માર્ચે કેન્સર મેડિકલ કેમ્પનું આયોજન

કોડીનાર તા.૯

ગીર-સોમનાથ જિલ્લાના નાગરિકો માટે કોડીનારના રા.ના. વાળા હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક કેન્સર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં કેન્સર નિષ્ણાંત તરીકે સેવા આપી રહેલા ડો. અજય પરમાર દ્વારા સેવા અને માર્ગદર્શન આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે કેન્સરની કિમોથેરાપીની સારવાર મુખ્યમંત્રી અમૃતમ કાર્ડ વગર તદ્દન ફ્રી આપવામાં આવે છે. ભારતમાં લોકોમાં કેન્સર પ્રત્યે જાગૃતિનો અભાવ જોવામળે છે ત્યારે મોઢામાં થતો દુઃખાવો, પેટમાં પાણી ભરાવું, પગમાં સોજા આવવા, તથા દુઃખાવાને લીધે ઘણા દિવસ સુધી રાત્રે ઊંઘ ન આવવી વગેરેની સારવાર પણ નિઃશુલ્ક રૂપે કરવામાં આવશે. સિવિલ હોસ્પિટલ જૂનાગઢ ખાતે કેન્સર વોર્ડમાં મોઢાનું, જીભનું, સ્તન, ફેફસાનું, અંડાશયના, ગર્ભાશય, સ્વાદુપિંડ, મૂત્રાશય વગેરેના કેન્સરની કીમો થેરાપી દ્વારા સારવાર આપવામાં આવે છે. ત્યારે આગામી ૧૦ માર્ચે કોડીનારના ઘર આંગણે રા.ના. વાળા હોસ્પિટલ ખાતે ૧૦થી લઈને બપોરના ૧ વાગ્યા સુધી જૂનાગઢ કેન્સર નોડલ ઓફિસર ડોકટર અજય પરમાર દ્વારા કેન્સરની તપાસ અને જરૂરી સારવારનું માર્ગદર્શન આપવામાં આવશે. મેડિકલ કેમ્પમાં લાભ લેવા માટે મો.૯૨૨૮૮૭૩૪૫૬ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

ખંભાળિયાના સલાયાનો શખ્સ પ્રતિબંધિત ઈલેક્ટ્રોનિક સિગારેટનું વેંચાણ કરતા ઝડપાયો

જામ ખંભાળિયા તા.૯

ખંભાળિયા તાલુકાના સલાયા ખાતે રહેતા એક મુસ્લિમ વાઘેર શખ્સને એસ.ઓ.જી. પોલીસે સરકાર પ્રતિબંધિત ઈલેક્ટ્રોનિક સિગારેટનું વેંચાણ કરતા ઝડપી લીધો હતો. આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયા તાલુકાના સલાયા મરીન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર સલાયાના હૂસેની ચોક, ભીમ પાડો વિસ્તારમાં રહેતો રમીઝ ઈશાભાઈ ઈસ્માઈલ ગજીયા નામનો ૨૫ વર્ષનો મુસ્લિમ વાઘેર શખ્સ તેની રમીઝ સિલેકશન નામની દુકાનમાં ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવેલી ઈલેક્ટ્રોનિક સિગારેટનું વેંચાણ કરતો હોવાની બાતમી પેટ્રોલિંગ દરમ્યાન એસ.ઓ.જી. સ્ટાફને મળતા આ સ્થળે દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં ચેકિંગ દરમ્યાન રમીઝના કબ્જામાંથી ઈલેક્ટ્રોનિક સિગારેટના પેકેટ, લિક્વિડ ફલેવર્સની બોટલો વિગેરે મુદ્દામાલ સાંપડ્યો હતો. આથી પોલીસે રૂપિયા ૧૨,૬૫૦ના મુદ્દામાલ સાથે રમીઝ ઈશા ગજીયા (ઉ.વ.૨૫)ની અટકાયત કરી, તેની સામે ધ પ્રોહીબિશન ઓફ ઈલેક્ટ્રોનિક સિગારેટ વિગેરે કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.

યુક્રેનથી પરત ફરેલી ખંભાળિયાની વિદ્યાર્થીનીને આવકારી સ્વાગત કરતા કાર્યકરો

જામ ખંભાળિયા તા.૯

રશિયા દ્વારા કરવામાં આવેલા હુમલાને કારણે યુક્રેનની સર્જાયેલી વિકટ પરિસ્થિતિમાંથી ભારત સરકારના સફળ પ્રયાસથી યુક્રેન ખાતે મેડિકલ અભ્યાસ કરતી ખંભાળિયાની વિદ્યાર્થિની ઐશ્વર્યાબેન નિખિલભાઈ મોદી સોમવારે ખંભાળિયા ખાતે તેમના ઘરે સલામત રીતે પરત ફરતા જિલ્લા સાંસદ પૂનમબેન માડમ દ્વારા વિડિયો કોલ મારફતે તેણી સાથે વાત કરી હતી. આ વિદ્યાર્થીનીએ સરકાર દ્વારા મળેલી મદદ અંગે સરકાર વતી સાંસદનો આભાર વ્યકત કર્યો હતો. આ ઉપરાંત તેના નિવાસસ્થાને જઈને ખંભાળિયા શહેર ભાજપ દ્વારા રાષ્ટ્રધ્વજ આપી, ફુલહાર તેમજ દ્વારકાધીશના ઉપરણાથી તેણીને આવકારી, સ્વાગત કરવામાં આવ્યુ હતું. જેમાં શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, મુકેશભાઈ કાનાણી, હિમાચલ મકવાણા, હસુભાઈ ધોળકિયા, ભવ્ય ગોકાણી, નિકુંજ વ્યાસ, મયુર ધોરીયા, રેખાબેનઝીલકા, જિલ્લા યુવા ભાજપ પ્રમુખ વનરાજસિંહ વાઢેર, શહેર યુવા ભાજપ પ્રમુખ મોહિત પંડ્યા, મહામંત્રી રાજ પાબારી, યુવા ભાજપ ટીમ તેમજ. નગરપાલિકાના સદસ્યા રેખાબેન ખેતીયા, શહેર મહિલા ભાજપ પ્રમુખ મિતાબેન લાલ, મહામંત્રી મેઘાબેન વ્યાસ તેમજ શહેર મહિલા ભાજપ ટીમના હોદેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢ જીલ્લામાં ૭૬ અગ્રણી મહિલાઓનું સન્માન કરાયું

આંતરરાષ્ટ્રીય મહિલા દિને વિવિધ ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર મહિલાઓ-દીકરીઓનું કરાયું સન્માન

જૂનાગઢ, તા.૯

જૂનાગઢ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી પ્રસંગે જૂનાગઢ જિલ્લાની ગૌરવવંતી ૭૬ મહિલાઓનુ સન્માન બહુમાન કરી નારીશક્તિની વંદના કરવામાં આવી હતી. સાથે જ જૂનાગઢ શહેરના પ્રથમ નાગરિક ગીતાબેન પરમાર, જિલ્લા પંચાયતના પ્રમુખ શાંતાબેન ખટારિયા સહિતના કોર્પોરેટરો, જિલ્લા પંચાયત સભ્યો, વિવિધ સમિતિઓના ચેરમેનોનું સ્ટેજ ઉપર સ્થાન સાથે અદકેરૂ સન્માન આપવામાં આવ્યું હતું. દર વર્ષે તા.૮ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે જેન્ડર ઈકવાલીટી ટુડે ફોર અ સસ્ટેનબેલ ટુમોરોની થીમ સાથે શામળદાસ ગાંધી ટાઉન હોલ ખાતે જૂનાગઢ જિલ્લાની ૭૬ દિકરી-મહિલાઓને સન્માનિત કરવામાં આવી હતી. સાથે જ વિવિધ યોજનાના લાભાર્થીઓને ચેક, મંજુરી હુકમ એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ જિલ્લા-મહાનગરપાલિકા કક્ષાએ ગ્રામ્ય કક્ષાએ શ્રેષ્ઠ આંગણવાડી કાર્યકર તેડાગર બહેનોને, આરોગ્ય ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર કોરોના વોરિયર્સનું, ૧૮૧ અભયમ ટીમનું સન્માન કરાયું હતું. આ ઉપરાંત જૂનાગઢ મનપા મેયર ગીતાબેન પરમાર, પ્રમુખ શાંતાબેન ખટારિયાના હસ્તે નુતન આંગણવાડી નંદઘરનું લોકાપર્ણ યોજાયું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન કંચનબેન ડઢાણિયા, ખેતીવાડી અને પશુપાલન સમિતિના ચેરમેન નિર્મળાબેન બુસા, શિક્ષણ સમિતિના ચેરમેન મધુબેન સાવલિયા અને મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન લાભુબેન ગુજરાતી, પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈ, વત્સલાબેન દવે ભાવનાબેન હિરપરા, કનકબેન વ્યાસ મહિલા કોર્પોરેટર અગ્રણી મહિલાઓ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન મહિલા અને બાળ અધિકારી જીગરજસાણીએ, આભારવિધિ દહેજ પ્રતિબંધક અધિકારી વારસુરે કરી હતી. કાર્યક્રમમાં ડીડીઓ મીરાંત પરીખ, જૂનાગઢ મ્યુ.કમિશ્નર તન્ના, જૂનાગઢ અધિક કલેક્ટર એ.લ.બી.બાંભણિયા, ડીઆરડીએ નિયામક જાડેજા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આંગણવાડી કાર્યકર/તેડાગર બહેનો માતા યશોદા એવોર્ડથી સન્માનિત

શહેરના ટાઉન હોલ ખાતે યોજાયેલ મહિલા દિવસની ઉજવણી કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાએ મકવાણા મેનકાબેન, ભલાણી યોગિતાબેન, મહાનગરપાલિકા કક્ષાએ ભાખર જ્યોત્સનાબેન, પરમાર મંજુલાબેન તથા ગ્રામ્ય કક્ષાએ ગોહિલ રેવાબેન અને મેઘનાથી ભાવનાબેનને માતા યશોદા એવોર્ડ તથા રૂા.૩૧,૦૦૦ તથા રૂા.૨૧,૦૦૦ના ચેક આપી સન્માનીત કરવામાં આવ્યાહતા.

યોગ ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર બહેનોનું સન્માન

યોગ ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર ચેતનાબેન ગજેરા, ધરમબેન કચોટ, જીજ્ઞાબેન પંડ્યા, નર્મદાબેન ચૌહાણ, ગીતાબેન ગજેરા, રીનાબેન સુવાગીયા, તૃપ્તિબેન રાંક, વૈશાલીબેન ચુડાસમા, વિમળાબેન વાછાણી અને નિશાબેન ટીંબા સહિતનાઓનું મહિલા દિને સન્માન કરવામાં આવ્યું હતું તેમજ રાજય કક્ષાએ સિદ્ધિ મેળવનાર વૈષ્ણવ મીરાબેન, પરમાર નીલમબેન, કાછડિયા એન્જલ શૈલેષભાઈએ વિવિધ ક્ષેત્રેમાં રાજય કક્ષાએ વિશિષ્ટ સિદ્ધિ મેળવવા બદલ તેમનું સન્માન કરાયું હતું.

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત દરમ્યાન શહેરના વિકાસ કાર્યોની રજૂઆત કરતા પ્રદિપભાઈ ખીમાણી

જૂનાગઢ, તા.૯

ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત લઈ શહેરના વિકાસ સીલ મુદાની ચર્ચાઓ કરવામાં આવી હતી તેમ જાણીતા શિક્ષણવિદ અને ભાજપના અગ્રણી પ્રદિપભાઈ ખીમાણીએ જણાવ્યું હતું. જૂનાગઢ શહેરના સર્વાંગી વિકાસ તેમજ પ્રજાકીય અનેકપ્રશ્નોતેમજ શહેનાવિકાસ કાર્યોમાં જરૂરીયાત હોય તેવા મુદ્દાઓની અસરકારક રજૂઆતો અને ચર્ચાઓ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સમક્ષ પ્રદિપભાઈ ખીમાણીએ કરી હતી. તાજેતરમાં ભાજપ અગ્રણી અને જાણીતા શિક્ષણવિદ પ્રદિપભાઈ ખીમાણીએ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ગાંધીનગર ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી તેમજ ખુબજ ટુંકા ગાળામાં ગુજરાતના પ્રજાજનોની સુખાકારીમાં વધારો થાય તેમજ ગુજરાત સર્વાંગી રીતે વિકાસમાં અગ્રેસર થાય તે રીતે તેઓની સરકાર દ્વારા કરવામાં આવી રહેલી કામગીરી બદલ અભિનંદન પણ પાઠવ્યા હતા અને આ સાથે જ જૂનાગઢ શહેરના વિવિધ વિકાસ સીલ મુદાઓની ચર્ચાઓ પણ કરવામાં આવી હતી. જૂનાગઢ શહેરને વિકાસની નવી દિશા ઉપર લઈ જવા તેમજ શહેરની જનતાની સુખ સુવિધામાં વધારો થાય તે માટેની યોજનાઓમાં ગુજરાત સરકાર તરફથી સંપૂર્ણ સહયોગ આપવામાં આવી રહ્યો હોય અને જયારે પણ જરૂર પડે ત્યારે નાણાની ફાળવણી કરવા પણ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને તેમની સરકાર દ્વારા કરવામાં આવશે તેમ જાણવા મળે છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ઉષા બ્રેકો અને નાબાર્ડ દ્વારા

મહિલાઓને ખીલી અને દોરાના કલાત્મક ગુંથણની તાલીમ અપાઈ

ગિરનાર રોપ-વે અને મેંદરડા ખાતે ૧૦૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો

જૂનાગઢ, તા.૯

૮ માર્ચ ૨૦૨૨ - વિશ્વ મહિલા દિવસ નિમિત્તે સી.એસ.આર ની કામગીરીના ભાગરૂપે પ્રથમ વખત સફળતાપૂર્વક ઉષા બ્રેકો ફાઉન્ડેશન દ્વારા નાબાર્ડના સહયોગથી સેલ્ફ હેલ્પ ગ્રૂપના માધ્યમથી મહિલાઓ આત્મનિર્ભર બને અને સ્વરોજગાર પ્રાપ્ત કરી શકે એવા આશયથી ગિરનાર રોપ–વે પરીસરમા સેલ્ફ હેલ્પ ગ્રૂપની મહિલા સદસ્યોને નેઈલ એન્ડ થ્રેડ આર્ટ (ખીલી અને દોરાના કલાત્મક ગૂંથણ) બનાવવા માટેની તાલીમ આપવામાંઆવી હતી. આ કાર્યક્રમનું ઉદ્‌ઘઘાટન જનરલ મેનેજર જ્ઞાનેન્દ્ર મણિના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન મહિલાઓને નિષ્ણાતો દ્વારા તાલીમ આપવામાં આવી હતી. સ્થળ ઉપર હસ્ત કલાકૃત કારીગીરી નિહાળીને મુલાકાતીઓ પ્રદર્શન સહીત ખરીદીનોપણ લાભ લીધો હતો. સાથો સાથ બીજા કાર્યક્રમનું આયોજનમેંદરડાખાતે ઉષા બ્રેકો ફાઉન્ડેશન દ્વારા અને નાબાર્ડના માધ્યમથી તથા શ્રી ઉદય એજ્યુકેશન ટ્રસ્ટના સહયોગથી મહિલા આરોગ્યલક્ષી જાગૃતિ-પ્રવૃતિ અંગેની તાલીમ ડો.ધૃતિ બસિયા દ્વારા આપવામાં આવી હતી. જેમા અંદાજીત ૧૦૦ મહિલાઓએ ભાગ લીધો હતો. ઉષા બ્રેકો કંપનીના આસિસ્ટન્ટ વાઈસપ્રેસિડન્ટ દિપક કપલીશએ જણાવ્યું હતું કે, ઉષા બ્રેકો ફાઉન્ડેશનદ્વારા નાબાર્ડસંસ્થાના સહયોગથી બંને કાર્યક્રમનું સફળતાપૂર્વકઆયોજન કરવામાં આવ્યું હતું અને ઉષા બ્રેકો ફાઉન્ડેશન તરફથી જી.એમ.પટેલે બંને ઈવેન્ટનું સંચાલન કર્યું હતું તેમજ ગિરનાર રોપ–વેના મેનેજર રાજેશ થોટલાણીએ મુખ્ય અતિથિઓનું સ્વાગત કર્યું હતું. આ સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવા બદલ નાબાર્ડના જિલ્લા વિકાસપ્રબંધક કિરણરાઉતજીનો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

નાબાર્ડના ચીફ જનરલ મેનેજર જ્ઞાનેન્દ્ર મણિએ ઉષાબ્રેકો ફાઉન્ડેશનની આ પહેલને બિરદાવી હતી તેમજ પ્રતિભાશાળી કલાકારો અને તેમના કલાત્મક કામગીરીને નિહાળીને આનંદની લાગણી અનુભવી હતી. તેમણે આવા ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને ઓનલાઈન પ્રમોશન ઉપર ભાર આપવાની ખાતરી આપી હતી. વધુમાં દિપક કપલીશએ જણાવ્યું હતું કે ભવિષ્યમાં આવી સામાજિક પ્રવુતિઓ અને સામાજિક કાર્યક્રમો નાબાર્ડ કે અન્ય સામાજિક સંસ્થાઓના સહયોગથી હાથ ધરવામાં આવશે.

સાંસદ રમેશભાઈ ધડુકે મટીયાણા ગામની મુલાકાત લીધી

જૂનાગઢ તા.૯ : પોરબંદર સંસદીય વિસ્તારના સાંસદ રમેશભાઈ ધડુકે મટીયાણા ગામ દલીત સમાજની મુલાકાત લીધી હતી અને સમાજ માટે સાંસદ રમેશભાઈ ધડુકે ગામના પુર્વ સરપંચ રાજુભાઈ બોરખતરીયા, દલીત સમાજના રમેશ ચાવડા, હરસુખ ચાવડા તેમજ સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં સાંસદની ગ્રાન્ટમાંથી ૫,૦૦,૦૦૦/ની ગ્રાન્ટ ફાળવેલ હતી. તે ઉપક્રમે મટીયાળા ગામના સરપંચ અને આગેવાનોએ સાંસદ રમેશભાઈ ધડુકનો આભાર માન્યો હતો.

જૂનાગઢ જીલ્લા મહેસુલ તંત્રમાં ૨૩ મહિલા નાયબ મામલતદાર નિભાવે છે મહત્વની ફરજો

૧૪ બહેનો રેવન્યુ કલાર્ક અને ૧૭ બહેનો રેવન્યુ તલાટી તરીકે બજાવે છે મહત્વની ફરજો

જૂનાગઢ, તા. ૯

પૂરૂષો સાથે મહિલાઓ દરેક ક્ષેત્રે ખભે ખભા મીલાવી ફરજ બજાવી રહી છે. આજે મહિલાઓને દરેક ક્ષેત્રે સમાન તક મળી રહી છે ત્યારે સરકારના મહત્વના વિભાગ મહેસુલ તંત્રમાં પણ બહેનો મહત્વની ફરજો બજાવી રહી છે.

જૂનાગઢ જિલ્લા મહેસુલતંત્રમાં ૨૩ મહિલા નાયબ મામલતદાર, ૧૪ બહેનો રેવન્યુ કલાર્ક અને ૧૭ બહેનો રેવન્યુ તલાટી તરીકે મહત્વની ફરજો નિભાવે છે. આ મહિલા નાયબ મામલતદારો કાયદો વ્યવસ્થાની જાળવણી સાથે, પુરવઠા અને મધ્યાહન ભોજન સંચાલન સહિતની મહત્વની કામગીરી સુપેરે નિભાવે છે. ઊપરાંત નાયબ મામલતદાર તરીકે ડાઈંગ ડેકલેરેશન નોંધવા સહિતની કામગીરી નિભાવવાની હોયછે.

જૂનાગઢ શહેરમાં મહાનગરપાલિકા દ્વારા ક્ષય/ટી.બી રોગ નાબુદી માટે અસરકારક પગલા લેવાયા

જૂનાગઢ, તા.૯

જૂનાગઢ શહેરમાં શહેરીજનોની આરોગ્ય અને તંદુરસ્તી જળવાઈ રહે તે માટે કમિશ્નર આર.એમ.તન્નાનાં માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકાનાં અર્બન હેલ્થ સેન્ટર, દોલતપરા તથા શહેરી ક્ષય અધિકારી તેમજ તેઓની ટીમ દ્વારા શહેરમાંઆવતાહાઈ રિસ્કએરિયા પીશોરીવાડા અને જમાલવાડી વિસ્તારમાંરાષ્ટ્રીય ક્ષય નિર્મુલન કાર્યક્રમ અંતર્ગત ટીબી રોગ ધરાવતા દર્દીઓના ઘરે ઘરે જઈને શહેરી ક્ષય અધિકારી ડો.સ્વયં પ્રકાસ પાંડે અને તેઓની ટીમ દ્વારા દર્દીઓની મુલાકાત લઈને તેઓને આરોગ્ય બાબતની માર્ગદર્શન અને ટીબી રોગ માટે જરૂરી દવાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ.ટીબીના લક્ષણો ધરાવતા દર્દીઓને શોધીને સ્થળ પર જ સેમ્પલ કલેક્શનમારફત નિદાન સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.તેમજ ટીબી રોગ નાબુદી માટે જરૂરી માર્ગદર્શન તેમજ માહિતી અને જાણકારી માટે પત્રિકાઓનું વિતરણ કરવામાં આવેલ હતું.

આ વિસ્તારના શિક્ષિત લોકોને ટીબી નાબુદી માટે રાષ્ટ્રીય ક્ષય નીર્મુલન કાર્યક્રમ અંતર્ગત રોગને ફેલાતો અટકાવવા માટે જાગૃતતા આવે તેમાટે માર્ગદર્શન આપવામાં આવ્યું.જેથી વિસ્તારમાં રહેતા અન્ય ટીબીના દર્દીઓને ટીબી રોગ અટકાવવા મદદરૂપ થઈ શકે.તેમજ પ્રધાનમંત્રીનાં ટીબી નાબુદીકરણ અભિયાન ને વર્ષ:૨૦૨૫ સુધીમાં સફળ બનાવીએ.ટીબી રોગ વિષે વધુ માહિતી તેમજ માર્ગદર્શન માટે અર્બન ટીબી યુનિટ, જૂનાગઢનાં સુપરવાઈઝરનાં મોબાઈલ નંબર :૭૫૬૭૮ ૮૬૧૭૫, ૭૫૬૭૮ ૮૬૧૮૪ ઉપર સંપર્ક કરવા માટે જણાવવામાં આવેલ છે.

ભાણવડ રેલવે સ્ટેશનમાં યાત્રીઓ માટે વિવિધ સુવિધાઓ ખુલ્લી મુકાઈ

જામ ખંભાળિયા, તા.૯

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ ખાતે આવેલા રેલવે સ્ટેશનમાં હાલારના સંસદસભ્ય પૂનમબેન માડમના હસ્તે યાત્રીઓ માટેની વિવિધ સુવિધાઓને લોકઉપયોગ માટે ખુલ્લી મૂકવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા સાંસદ પૂનમબેન માડમ દ્વારા રેલ્વેમાં મુસાફરી કરતા સ્થાનિક લોકોની સુવિધામાં વધારો થાય તથા દિવ્યાંગજનો અને મહિલાઓને પણ તકલીફોનોસામનો નકરવો પડે તેમાટે ભાણવડ રેલ્વે સ્ટેશન ઉપર બેઠક વ્યવસ્થાના કવરશેડ, ઊંચાઈ ધરાવતા પ્લેટફોર્મ, મહિલાઓ માટે બિન વાતાનુકુલિત વેઈટિંગ રૂમ, લાલપુર, જામજોધપુર અને ગોપ રેલ્વે સ્ટેશન પર દિવ્યાગજનો માટે શૌચાલય સહિતની સુવિધાઓને ખુલ્લી મુકવામાં આવી હતી. સાંસદ પૂનમબેનએ રેલ્વે સ્ટેશનો પર થઈ રહેલા વિકાસના કાર્યો અંગે સંતોષ વ્યક્ત કરતા ભાણવડવિસ્તારના નાગરિકોને આ તમામ સુવિધાઓનો લાભ લેવા અને તેની જાળવણી કરવા માટે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ડિવિઝન રેલ્વે મેનેજર મનોજ ગોયલ સહિત ડિવિઝનના રેલવે વિભાગના અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે સ્થાનિક લોકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વેરાવળ તાલુકા પ્રાથમીક શિક્ષક સંઘના પ્રમુખ અને મહામંત્રીની બિનહરીફ વરણી થઈ

પ્રમુખ તરીકે બીપીનભાઈ સોલંકી અને મહામંત્રી તરીકે લક્ષ્મણભાઈ પરમારની વરણી થઈ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૯

વેરાવળ તાલુકા પે.સેન્ટર શાળા-૧ ખાતે વેરાવળ તાલુકા પ્રાથમિકશિક્ષકઘટક સંઘના નવા હોદેદારોની વરણી માટે એક બેઠક ભીખાભાઈ બાકુના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં જિલ્લા સંઘના પ્રમુખ હરેશભાઈ પંપાણીયા તથા તાલુકા ઘટક સંઘના તમામ ડેલીકેટ શિક્ષક સભ્યો અને પે. સે. શાળાના આચાર્ય સહિતના હાજર રહેલ હતા. બેઠકમાં તાલુકા પ્રાથમીક શિક્ષક સંઘના વર્તમાન હોદેદારોની મુદત પૂર્ણ થતા નવા પ્રમુખ અને મહામંત્રીની નિમણૂક કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં તાલુલ પ્રાથમીક શિક્ષક ઘટક સંઘ વેરાવળના પ્રમુખ તરીકે બીપીનભાઈ સોલંકી (ચાંડુવાવ) અને મહામંત્રી તરીકે લક્ષ્મણભાઈ પરમારના નામની દરખાસ્ત થયેલ જેની સામે અન્ય કોઈએ દાવેદારી ન કરતા બંનેની સંઘના હોદેદારો તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જેને બેઠકમાં હાજર સૌ શિક્ષક સભ્યોએ આવકારી નવા હોદેદારોના હારતોરા કર્યા હતા. આ તકે નવનિયુક્ત તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ બીપીનભાઈ સોલંકીએ શિક્ષકોના પ્રશ્નો ઉકેલવા સક્રીય ભુમિકા ભજવી કામગીરી કરવામાં આવશે. આ બેઠકમાં ચૂંટણી પ્રક્રિયા ભીખાભાઈ બાકુએ અને પ્રાસંગિક પ્રવચન ગોહેલ તથા આભારવિધિ અનિલભાઈ પંપાણીયા દ્વારા કરવામાં આવેલ હતી. જ્યારે બેઠકમાં સંઘના પૂર્વ પ્રમુખ જેશાભાઈ સોલંકી, રામભાઈ બારડ, રાજસીભાઈ સોલંકી અને મુળુભાઈ છાત્રોડિયા સહિત મોટી સંખ્યામાં વેરાવળ તાલુકાના શિક્ષકોએ હાજરી આપી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

મહાયુધ્ધની મોંઘવારી વધુ બેકાબુ બનશે, સરકારે કરકસરયુકત પગલા લેવા પડશે

રશિયા અનેયુક્રેન વચ્ચેચાલી રહેલા યુધ્ધની ભીષણતા વધતી જ જાયછે ત્યારે તેક્યા પરિણામ સુધી પહોંચશે તે નક્કી નથી, પરંતુ એટલું તો નક્કી જ છે કે આખી દુનિયામાં મોંઘવારી વધવાની છે. આ યુધ્ધે કોવિડ મહામારીમાંથી માંડ ઉગરી રહેલી વૈશ્વિક અર્થવ્યવસ્થા સમક્ષ એક નવુંસંકટ પેદા કરી દીધું છે. યુક્રેન ઉપર રશિયાના હુમલાની સાથે જ ક્રુડ ઓઈલના મૂલ્યોમાં વધારાનો જે સિલસિલો ચાલી રહ્યો છે, તે અટકવાનું નામ નથી લઈ રહ્યો. વિશ્વ બજારમાં ક્રુડ ઓઈલના ભાવ ૧૨૦ ડોલર પ્રતિ બેરલનું સ્તર પાર કરી ગયા છે. જો યુક્રેન સંકટનું વહેલી તકે હલ નહીં નીકળે તો ક્રુડ ઓઈલના ભાવોમાં ઓર વધારો થવાનો છે. ભારત પેટ્રોલિયમ પદાર્થોનુંબહુ મોટુંઆયાતક છે તેથી તેણે પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. પેટ્રોલિયમ પદાર્થોના ભાવમાં વધારાનોમતલબ છે મોંઘવારી વધવી. એક તરફ જ્યાંઆ મોંઘવારીને અટકાવવા માટે સરકારે તાત્કાલિક પ્રભાવથી ઉપાય કરવા પડશે, ત્યાં જ આમ જનતાએ પણ તેનો સામનો કરવા માટે તૈયાર રહેવું પડશે. મોંઘવારી વધવાનાં કારણ ફક્ત પેટ્રોલિયમ પદાર્થોના ભાવોમાં વધારો જ નહીં, બલ્કેઅમેરિકા અનેતેના સહયોગી દેશો તરફથી રશિયા ઉપર લગાવવામાં આવતા પ્રતિબંધો પણ હોઈ શકે છે. જેમ સરકાર આ પ્રતિબંધોની અસરથી બચવાની તૈયારી કરી રહી છે, એવી જ રીતે તેને પેટ્રોલિયમ પદાર્થોના ભાવોમાં ઉછાળથી બચવા માટે સક્રિય થવું પડશે. આ કઠિન કામ છે, પરંતુ કંઈક તો ઉપાય કરવા જ પડશે. આપણે આયાતી પેટ્રોલિયમ પદાર્થો ઉપર નિર્ભરતા ઓછી કરવાના ઉપાય શોધવા પડશે, એટલું જ નહીં, તેનો વપરાશ ઓછો કરવાનાં પગલાં ઉઠાવવાં પણ એટલું જ જરૂરી છે. એવાં પગલાં ત્યારે જ સફળ થશે, જ્યારે જનતાનો સહયોગમળશે. આવાગમન માટે જાહેર પરિવહનનાં સાધનોનો વધુમાં વધુ ઉપયોગ એસમયની માંગછે. વળી, ટ્રાફિક જામ, અતિક્રમણ વગેરેને કારણો વાહનો કાં તો ધીમી ગતિથી કે પછી અટકી-અટકીને ચાલે છે. તેનાથી ઈંધણની બહુ જ બરબાદી થાયછે. તેને તરત તો નહિ રોકી શકાય, પરંતુ એવાં પગલાં તો ઉઠાવી જ શકાય છે, જેનાથી આ બરબાદી ઉપર યથાસંભવ રોક લાગે. તેની સાથે જ એવા પણ જતન કરવા જોઈએ, જેનાથી ઈલેક્ટ્રીક વાહનોના ચલણને ઉત્તેજન મળે. આ યોગ્ય સમય છે કે, વૈકલ્પિક ઊર્જાનો ઉપયોગ વધારવાના ક્રમને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે. તે ઉપરાંત બિનજરૂરી સરકારી ખર્ચમાં કપાત કરવા અને ખાસ કરીને વિભિન્ન યોજનાઓમાં વિલંબને કારણે વધનારા ખર્ચને ઓછો કરવા ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. આ મામલે જેટલી સજાગતા કેન્દ્ર સરકારે દેખાડવી પડશે, એટલી જ રાજ્ય સરકારોએ પણ દેખાડવી પડશે. નિર્ધારિત બજેટમાં નક્કી સમયે કામ પુરૂ કરવાની નીતિ અપનાવવી પડશે.

પરમાણુ હથિયારોની હોડ, ગંભીર સંકટ તરફ ધકેલાતું વિશ્વ

હાલમાં જ સમાચાર આવ્યા છે કે, ચીને પોતાના રક્ષા બજેટમાં ભારે-ભરખમ વધારો કરવાની જાહેરાત કરી છે. યુક્રેન ઉપર રશિયાનું આક્રમણ કઈ રીતેદુનિયાને ગંભીર સંકટ તરફ ધકેલી રહ્યુંછે અને સાથે જ દુનિયામાંહથિયારોની હોડ વધારવાનુંકામ કરી રહ્યું છે તેનુંઆ તાજું પ્રમાણ ગણી શકાય. ચીનની આ જાહેરાત બાદ ભારત સહિત એ અનેક દેશો ઉપર પોતાના રક્ષા બજેટમાંવૃધ્ધિ કરવાનુંદબાણ વધવુ સ્વાભાવિક છે, જે તેના અતિક્રમણના વલણનો સામનો કરી રહ્યા છે. હવે ભારતના મુકાબલેચીનનું રક્ષા બજેટ ત્રણ ગણુંવધારે થઈ ગયુંછે. વાસ્તવમાં રક્ષા બજેટ વધારવાનું દબાણ દુનિયાભરના દેશો ઉપર વધવાનું છે. એ દેશો ઉપર આ દબાણ વધુ રહેશે, જેમના પડોશી દેશો તાકાતવર પણ છે અને તેમના પ્રત્યે આક્રમક પણ. જો યુક્રેન ઉપર રશિયાના હુમલા બાદ પેદા થયેલ હાલતમાં ગરીબ અનેવિકાસશીલ દેશ પોતાનુંરક્ષા બજેટ વધારવા મજબૂર થશે તો તેમણે ન ઈચ્છવા છતાં પણ શિક્ષણ, સ્વાસ્થ્ય વગેરે ઉપર પોતાનો ખર્ચ ઓછો કરવો પડશે. તેનાથી ગરીબી, અશિક્ષા વગેરે સામે લડાઈ વધુ કઠિન થઈ જશે. આ લડાઈ એટલા માટે વધુ કઠિન થશે, કારણ કે મોટાભાગના દેશોની અર્થવ્યવસ્થા કોરોના સંકટથી સંપૂર્ણ રીતે ઉગરી નથી શકી. જ્યારે વિશ્વ અર્થવ્યવસ્થા કોરોના સંકટમાંથી બહાર આવી રહી હતી, ત્યારે રશિયા-યુક્રેન યુધ્ધ તેની સામે એક નવુંસંકટ પેદા કરી દીધુ છે. તેલ અને ગેસ સાથે અન્ય અનેક વસ્તુઓના ભાવ વધવાનું નક્કી છે. તેની પણ અવગણના ન કરી શકાય કે યુક્રેન ઉપર રશિયાના હુમલા બાદ તાઈવાનની સુરક્ષા માટે ખતરો ઓર વધી ગયો છે. આ જ ખતરાને જોતાં અમેરિકાના પૂર્વ વિદેશમંત્રી માઈક પોંપિયોએ બાઈડન સરકારને તાઈવાનને માન્યતા આપવાની માંગ કરી છે. કહેવું મુશ્કેલ છે કે, યુક્રેન સંકટમાં ગૂંચવાયેલું અમેરિકા બેલગામ ચીનને કઈ રીતે નાથી શકશે, પરંતુ વાત ફક્ત તાઈવાનની જ નથી. એના ઉપર પણ ધ્યાન આપવાની જરૂર છે કે ફિનલેન્ડ, સ્વીડન જેવા એ દેશો, જે કોઈ સૈન્ય સમૂહનો હિસ્સો નહિ બનવાની પોતાની નીતિ ઉપર અડગ હતા, હવે અમેરિકી નેતૃત્વવાળા સૈન્ય સંગઠન નાટોની સદસ્યતા લેવા ઉપર વિચાર કરી રહ્યા છે. આ વિચાર પાછળ યુક્રેન ઉપર રશિયાનો હુમલો જ છે. કેટલાય અન્ય દેશો પણ પોતાની રક્ષા નીતિમાં બદલાવ કરવાના સંકેત આપી રહ્યા છે. જર્મનીએ તો પોતાની રક્ષા નીતિ બદલી પણ નાખી છે. એક તથ્ય એ પણ છે કે કેટલાય દેશો પરમાણુ હથિયારોથી સજ્જ થવા માટે વિચારી રહ્યા છે. રશિયાના પડોશી અને તેના પ્રભાવવાળા બેલારૂસે તો ખુદ ને પરમાણુ હથિયાર સંપન્ન બનાવવાના ઈરાદા પણ જાહેર કરી દીધા છે. બદલાયેલી સ્થિતિમાં કેટલાય એવા દેશો પણ પરમાણુ હથિયારોને જરૂરી માનવા લાગ્યા છે, જે સૈધ્ધાંતિક રૂપે તેના વિરોધી રહ્યા છે.

ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ૧૯૧૨૮ વર્ગખંડની ઘટ, આ છે શિક્ષણની વાસ્તવીકતા

અમદાવાદ તા.૯

ભણે ગુજરાતનુ સૂત્ર ગુંજતું કરી રાજ્ય સરકાર વધુને વધુ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવે તેવા ગુણગાન ગાઈ રહી છે પણ કડવી હકીકત એ છે કે, ગુજરાતમાં પ્રાથમિક શાળાઓમાં ૧૯,૧૨૮ વર્ગખંડોની ઘટ છે. આ પરિસ્થિતી વચ્ચે પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ કેવી રીતે અભ્યાસકરતાં હશે તે કલ્પના કરવી રહી. ગુજરાતમાં પ્રાથમિક શાળાઓમાં વર્ગખંડોની સંખ્યા સતત ઘટી રહી છે. ખુદ શિક્ષણ વિભાગે ગૃહમાં માહિતી રજૂ કરી છે કે, વર્ષ ૨૦૧૫માં પ્રાથમિક શાળાઓમાં ૮૩૨૨ વર્ગખંડોની ઘટ હતી. વર્ષ ૨૦૧૮માં પ્રાથમિક શાળાઓમાં વર્ગખંડોની ઘટ વધીને ૧૬,૦૦૮ થઈ હતી. વર્ષ ૨૦૨૧માં પ્રાથમિક શાળાઓમાં વર્ગખંડોની ઘટ ૧૮,૫૩૭ સુધી પહોચી હતી. વર્ષ ૨૦૨૨માં પ્રાથમિક શાળાઓમાં વર્ગખંડોની ઘટ ૧૯,૧૨૮થઈહતી. આંખેઉડીને વળગે તેવી વાત તો એ છે કે, વર્ષ ૨૦૨૧માં શિક્ષણ વિભાગે કુલ મળીને માત્ર ૯૭૨ વર્ગખંડો બનાવ્યાહતાં તેમાં રાજ્યના ૧૪ જિલ્લામાં તો એકેય ઓરડો બનાવ્યો નથી. બનાસકાંઠામાં ૧૫૩૨, ખેડામાં ૧૦૮૯, દાહોદમાં ૧૬૮૮, પંચમહાલમાં ૧૨૦૯, ભાવનગરમાં ૯૬૬, કચ્છમાં ૮૮૫,

અરવલ્લીમાં ૭૩૪ વર્ગ ખંડોની ઘટ રહી છે. આમ, ભણે ગુજરાતની વાતો કરનાર રાજ્ય સરકાર વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટે પુરતા વર્ગખંડ પણ બનાવવામાંય નિષ્ફળ રહી છે. આટલું ઓછું હોય તેમ, ગુજરાતમાં ૨૩ પ્રાથમિક શાળા એવી છે જયાં અંધારૂ છે. વિજળીની કોઈ સુવિધા જ નથી. મહોત્સવ અને ઉત્સવ પાછળ કરોડોનો ધુમાડો કરનાર ગુજરાત સરકાર પ્રાથમિક શાળાઓ પાછળ ખર્ચ કરતી નથી. રાજ્યમાં આજેય ૫૪૩૯ સરકારી પ્રાથમિક શાળા અને ૨૭૨ ખાનગી પ્રાથમિક શાળાઓ એવી છે જયાં બાળકોની સલામતી માટે કમ્પાઉન્ડ વોલ સુધ્ધાં નથી.

આરટીઈ હેઠળ પ્રવેશથી વંચિત વિદ્યાર્થીઓ

બીજી તરફ રાજ્ય સરકાર ઉપર કોંગ્રેસે પ્રશ્નોનો મારો ચલાવ્યો હોય તેમ આરટીઈ હેઠળ કેટલા બાળકોને રાજ્યની શાળાઓમાં પ્રવેશ આપાયો હોવાની માહિતી માંગવામાં આવતા રાજ્ય સરકારના જવાબ ઉપરથી ફલિત થયું છે કે, રાજ્ય સરકારે આરટીઈ હેઠળ પ્રવેશમાં ઉદાસીનતા દાખવી છે. રાજ્ય સરકારે આરટીઈ હેઠળ ઓછા બાળકોને પ્રવેશ આપ્યો છે. આરટીઈ હેઠળ રાજ્યમાં ૨૦૨૦-૨૧માં ૯૮,૩૧૨ બાળકો સામે ૭૮,૯૮૯ને જ પ્રવેશ અપાયો તો વર્ષ ૨૦૨૧-૨૨માં ૭૫,૫૦૩ બાળકો સામે ૬૪,૧૭૫ બાળકોને જ પ્રવેશ અપાયો છે. સરકારે બે વર્ષમાં ૧,૪૩,૧૬૪ બાળકોને આરટીઈ હેઠળ પ્રવેશ આપ્યો છે. આ દરમ્યાન ૩૦,૬૫૧ ઓછા બાળકોને પ્રવેશ અપાયો છે. ખાનગી શાળાઓમાં ૨૫ ટકા લેખે આરટીઈ હેઠળ બાળકોને પ્રવેશ આપવાની જોગવાઈ છે.

જવાહર નવોદયની પરીક્ષાને લીધે હવે ધોરણ ૯-૧૧ની વાર્ષિક પરીક્ષા ૧૯ એપ્રિલથી શરૂ થશે

અમદાવાદ તા.૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. અગાઉ ૨૧ એપ્રિલના રોજથી શરૂ થનારી વાર્ષિક પરીક્ષા હવે ૧૯ એપ્રિલથી શરૂ કરવામાં આવશે. આમ, ધો.૯ અને ૧૧ના વાર્ષિક પરીક્ષા ૨ દિવસ વહેલી યોજવાનું નક્કી કરાયું છે. સમગ્ર દેશમાં જવાહર નવોદય વિદ્યાલયની પરીક્ષા ૩૦ એપ્રિલના રોજ યોજનાર હોવાથી પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા માટે જણાવ્યું હતું. જેના પગલે શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૯ અને ૧૧ના વાર્ષિક પરીક્ષાનો કાર્યક્રમ બદલ્યો છે. ૧૯ એપ્રિલથી શરૂ થનારી પરીક્ષા ૨૮ એપ્રિલના રોજ પર્ણ કરવામાં આવશે. જેથી જવાહર નવોદયની પરીક્ષા યોગ્ય રીતે લઈ શકાશે. આમ, ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષાનો કાર્યક્રમ ત્રણ વખત બદલાયો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ચાલુ વર્ષે ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષા ૧૧ એપ્રિલથી ૨૧ એપ્રિલ દરમ્યાન લેવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ રાજ્યમાં કોરોનાની ત્રીજી લહેરના પગલે શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ બંધ થતાં સરકાર દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં ધો.૯થી ૧૨ની તમામ પરીક્ષાઓ બે સપ્તાહ પાછળ લઈ જવાનો નિર્ણય ર્યો હતો. જેના પગલે ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષાના કાર્યક્રમમાં પણ ફેરફાર કરાયો હતો અને ૧૧ એપ્રિલથી શરૂ થનારી પરીક્ષા ૨૧ એપ્રિલથી શરૂ કરવાની જાહેરાત કરાઈ હતી. જોકે, હવે બોર્ડ દ્વારા ફરી વાર ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. જે મુજબ ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષા ૨૧ એપ્રિલથી શરૂ કરવામાં આવનાર હતી અને ૩૦ એપ્રિલ સુધી ચાલનાર હતી. જોકે, પુણે ખાતેના નવોદય વિદ્યાલય સમિતિ ક્ષેત્રિય કાર્યાલય દ્વારા પત્ર લખી રજૂઆત કરવામાં આવી હતી કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે જવાહર વિદ્યાલયમાં ધો.૬માં પ્રવેશ મેળવવા માટે જવાહર નવોદય વિદ્યાલય સિલેક્શન ટેસ્ટ ૨૦૨૨ સમગ્ર દેશમાં ૩૦ એપ્રિલના રોજ લેવામાંઆવનાર છે. જેથી ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષા માટે બોર્ડ દ્વારા નિયત થયેલી તારીખો

પૈકી ૨૯ એપ્રિલ અને ૩૦ એપ્રિલમાં ફેરફાર કરવા માટે વિનંતી કરવામાં આવી હતી. આમ, જવાહર નવોદય વિદ્યાલયની પરીક્ષાને લઈ કરવામાં આવેલી રજૂઆતના પગલે શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧ ૨૨માં ધો.૯ અને ૧૧ની શાળાકીય વાર્ષિક પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા માટે દરખાસ્ત કરી હતી. સરકાર દ્વારા મંજૂરી મળતા હવે શિક્ષણ બોર્ડ દ્વારા તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

● અંતરની ઓળખાણ ●

કહેવાય છે ને કે, 'જે અંતરમાં હોય તે બહાર આવ્યાં વગર ના રહે.' એવું જ કંઈક બન્યું. હું મારા વર્ગમાં ધોરણ ૧૨માં 'યુવા અજંપા' વિષે વિષય અનુસંધાને ચર્ચા કરી રહી હતી. 'અજંપો' એટલે પરિસ્થિતિ પ્રમાણે યુવકોમાં જોવા મળતો 'અસંતોષ'. મારી વિદ્યાર્થિનીઓ આ મુદ્દાને ખૂબ ગંભીતાપૂર્વક સાંભળી રહી હતી. તેમને જોતા એવું લાગ્યું કે, કાઈક કેટલી ગળમથલો તેના મનમાં ચાલી રહી હશે. ત્યારે જ મને એક વિચાર આવ્યો કે, નાનો એવો પ્રયાસ કરી જોવ. તેમની મનની સ્થિતિને સમજવાનો... મેં કહ્યું કે, આપણે મન ખોલીને આજ વાતો કરીએ... તમારી અંદર પણ ક્યાંક કશોક અસંતોષ પડેલો દેખાઈ છે. તમે મને તમારૂ નામ આપ્યા વગર એ અસંતોષને કાગળમાં લખી નાખો. આપણે તેની ચર્ચા કરીશું અને તેને કેવી રીતે દૂર કરી શકાય તે વિચારીશું. આવતી કાલે ઘરેથી લખીને લાવજો તમારો યુવા અજંપો... બીજા દિવસે ૪ થી ૫ બહેનો એ તેની વાતો લખી તેના નામ સાથે. એ જોતા લાગ્યું કે તેને તો કહેવું જ હતું પણ કોઈ સાંભળવા વાળુ જોઈતું હતું. ત્યારે જ મને ડો. મોહનભાઈ પંચાલના પુસ્તકનું ટાઈટલ યાદ આવ્યું સાહેબ, મને સાંભળો તો ખરા ! દરેક દીકરીઓના મનના પ્રશ્નોને ધ્યાનથી વાંચ્યા સમજીયા. ઘણા પ્રશ્નો પરીક્ષા સંબંધિત હતા તો ઘણા તેના પરિવાર સંબંધિત. એ વાંચતાં લાગ્યું કે, કેટલું મગજમાં સાથે રાખી આ દીકરીઓ અહીં આવે છે ? પોતાના સ્વપ્નાંઓ પૂરા કરવા મથે છે ? તેમાંની એક દીકરીનો અઝંપો થોડો અલગ હતો. તેની ચિંતા એક નાના બાળક માટેની હતી. એક 'માં' વગરના બાળકને તે સાચવી રહી હતી. અને તેના ઉછેરને સંબંધિત ચિંતાઓ તેના અસંતોષનું કારણ હતું... સંબંધમાં તો તે બાળકની ફઈ હતી. પણ, આજ તે બાળકનાં માં-બાપની બેવડી જવાદારી નિભાવી રહી છે. તેના સવાલ હતા...! બાળક મોટું થય રહ્યું છે ? બહાર મિત્રો સાથે રમવા જાય છે ? થોડું જિદ્દી થતું જાય છે ? કોઈપણ જાતનો ડર નથી ? કંઈકને કઈ તો લગાડીને જ આવે છે. હું ચોવીસ કલાક તેની સાથે નથી રહી શકતી... હું શું કરૂ તેનું ધ્યાન કેમ રાખું ? તેને કેમ સમજવું ? આવા અનેક પ્રશ્નો તેના મનમાં ભરેલા હતા... મારા અનુભવ અને મેં કરેલા મારા પી.એચ.ડી સંશોધનના આધારે તેના પશ્નોનાં જવાબો આપવાનો પ્રયાસ કર્યો છે. તેને હળવી બનાવવાં પ્રયાસો કર્યા છે. આથી વિશેષ નારી પ્રેમનું ઉદાહરણ બીજું શું આપી શકાય. આજ તે તેના ધ્યેયને મેળવવા જઈ રહી છે. તેનું પુરૂ કરિયર તેની સામે છે. છતાં, એક નાના જીવને સાચવવાની અને તેના વ્યવસ્થિત ઉછેરની ચિંતા આ દીકરી માટે સૌથી વધારે મહત્વની છે. તે સતત તે બાળકને વિકસાવવા...! તેના વ્યકિતત્વને નિખારવા...! ઝઝૂમી રહી છે. આપણો સમાજ હમેશાં એવી દીકરીઓ કે નારીઓને સન્માનિત કરે છે. જેને સમાજમાં કોઈને કોઈ પ્રકારનું પોતાનું યોગદાન આપ્યું હોય. આપણે આ નાની દીકરીને કેવી રીતે સન્માનિત કરીશું ? કે જેણે પોતાના ભવિષ્યની ચિંતા કર્યા વગર તે એક નાના બાળક માટે વિચારી રહી છે. કદાચ આપણી દ્રષ્ટિએ આ એક નાની વાત હશે. પરંતુ, જો બાળકનું યોગ્ય સામાજિકરણ થાય તો... તે સમાજ અને રાષ્ટ્ર માટે ખૂબ મોટું યોગદાન ગણાવી શકાય. જે આ દીકરીના હાથે થય રહ્યું છે. અંતે આ દીકરીને અંતરના આશીર્વાદ અને તેના વાત્સલ્યપૂર્ણ હૃદયને હું અંતઃ કર્ણ પૂર્વક નમસ્કાર કરૂ છું. આવી અનેક દીકરીઓ અને નારીઓ સન્માનને પાત્ર છે. જે, કોઈ પણ ક્ષેત્રમાં ઉચ્ચ સ્થાન ધરાવતી નથી. પરંતુ, તેનો સમાજમાં જે દરજ્જો છે તેને તે સહજ અને પૂર્ણ નિષ્ઠાથી નિભાવી રહી છે. તો મહિલા દિનના શુભ અવસર ઉપર આવી દરેક દીકરીઓ અને નારીઓ સન્માનને પાત્ર છે જે પોતાની જવાબદારીઓ પૂર્ણતઃ નિભાવી રહી છે અને એક આદર્શ સમાજનો પાયો રચવામાં પોતાનું યોગદાન આપી રહી છે.

"તારા પ્રયત્નોને મળવા દે સફળતાની સોનેરી કિનાર,
લક્ષ લક્ષ દિવાથી પ્રકાશિત કર તારો સંસાર,
કર્તવ્ય અને સામર્થ્યની ઓઢીલે નવી ઝાલર,
સ્ત્રી શક્તિને થવા દે ફરી એકવાર ઉજાગર..."

લેખન : ડો. ખુશ્બુ ગરાળા,
ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલ, જૂનાગઢ.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સમસ્ત ભય અને ચિંતા એ ઈચ્છાઓનું પરીણામ છે.
- સ્વામી રામતીર્થ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૩, પા.મેહેર-૧૩૯૧, મુ. શાબાન-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૮, ફાગણ સુદ-૭ હોળાષ્ટક (રાત્રે ૨:૫૮ ક.થી પ્રારંભ) તા.૯ માર્ચ ૨૦૨૨, બુધવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૫, કૃતિકા નક્ષત્ર, વિષ્કુંભ યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૦૮, સૂ.અ.૬:૫૭
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ :	મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. પ્રવાસમાં હાનિ ઉદ્ભવે.
વૃષભ :	જૂના શત્રુઓનું જોર વધી જાય. સરળ કાર્યો કઠીન બને.
મિથુન :	આર્થિક સમસ્યામાં હળવાશ અનુભવાય. મહત્વના કાર્યમાં સફળતા મળે.
કર્ક :	મનની મુરાદ પૂરી થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.
સિંહ :	લાભની નવિન તક સાંપડે. વડીલ વર્ગથી લાભ મળે.
કન્યા :	કાર્યબોજમાં વધારો થાય. દરેક કાર્યમાં સાવચેતી રાખવી હિતાવહ.
તુલા :	માનસિક ચિંતા હળવી બને. સમસ્યાનો ઉકેલ મળે.
વૃશ્ચિક :	સામાજિક માન, યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય. પ્રવાસથી લાભ થાય.
ધન :	આર્થિક લેવડ-દેવડથી દૂર રહેવું હિતાવહ. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મકર :	અણધાર્યો લાભ મળે. મનામાં ચંચળતા રહે.
કુંભ :	નાણાંકીય ભીડ અનુભવાય. ભાઈ-બહેન સાથે વાક્યયુદ્ધ થાય.
મીન :	મનામાં અશાંતિ રહે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.

હેલ્થ અપડેટ

સાંધાના દુખાવાને નો એન્ટ્રી કહી દો

સાંધાના દુખાવાની સમસ્યા મોટાભાગના લોકોને પજવે છે. એનાથી બચવાના અને છુટકારો મેળવવાના કેટલાક હાથવગા કીમિયા આ રહ્યા.

તમારા ખોરાકમાં લીલા શાકભાજી, સૂકો મેવો, ફળ, બિયાં, હળદર અને આદું નિયમિત રીતે લો. તેથી દર્દનું પ્રમાણ કુદરતી રીતે ઘટી જશે. આ બધા જ પદાર્થ દર્દશામક છે.

તમારા સાંધાને ઘસારો પડ્યા વિના કામ કરતો રાખવા માટે શરીરમાં પાણીનું પ્રમાણ સતત જળવાઈ રહેવું જોઈએ. દરેક સાંધામાં કાર્ટિલેજ નામનો ચીકણો, નરમ લપસણો પદાર્થ હોય છે. તે સાંધાને સરળતાથી કામ કરતો રાખે છે. તેમાં ૮૦ ટકા પાણી હોય છે. શરીરમાં પાણીની ઘટ પડે તો એ કાર્ટિલેજમાંથી પાણી શોષી લે છે. માટે પાણીની ઘટ જરાય ન પડવા દેવી. સાદું પાણી ન ફાવતું હોય તો પાણીમાં સ્ટ્રોબેરી, બ્લ્યૂબેરીના કટકા, ફુદીનાના પાન, આમળાંના કટકા વગેરે નાંખીને બોટલ ભરી રાખો અને એમાંથી થોડું થોડું પાણી પીઓ.

તમારા ખોરાકમાં ગળપણનું પ્રમાણ મર્યાદામાં રાખો. જેટલું ઓછું રહે તેટલું સારું. રોજના ખોરાકમાં પણ શરીરને જરૂરી શર્કરા મળી જ જાય છે. તેથી ખાંડ બિલકુલ ન ખાવ તો પણ કોઈ હાનિ થતી નથી.

લાંબો સમય બેસી કે સૂઈ ન રહો. ઓછામાં ઓછું એક બે કલાક ચાલવાનું રાખો. આખા શરીરની હિલચાલ થાય એવી, સ્કૂલના પીટીના વર્ગમાં કરાવતા હતા એ, કસરતો કરવાનું રાખો.

સાંધા દુખી જાય એટલો બધો શ્રમ ન કરો.

દરરોજ પીવો આ મેજીકલ ડ્રીંક

વરિયાળીમાં કેલ્શિયમ, સોડિયમ, આયર્ન અને પોટેશિયમ જેવાં પોષક તત્વો ભરપૂર પ્રમાણમાં જોવા મળે છે. ઘણા લોકો ઉનાળામાં વરિયાળીનું શરબત પણ પીએ છે. વરિયાળીનું પાણી પીવાથી શરીર ઠંડું રહે છે અને પેટની સમસ્યાઓથી છુટકારો મળે છે. વરિયાળીનું પાણી બનાવવા માટે રાતે એક ગ્લાસમાં પાણી લઈ બે ચમચી વિરયાળી અને થોડી સાકર પલાળીને રાખી દો. સવારે આ પાણીને ગાળીને પી જાઓ.

વજન ઘટાડવા ઉપયોગી :- વરિયાળીમાં ફાઇબરનું પ્રમાણ ખૂબ વધુ હોય છે, જેથી વ્યક્તિને પેટ ભરેલું હોય તેવું લાગે છે. વરિયાળીમાં કેલરીનું પ્રમાણ નહીંવત્ હોય છે, જેનાથી વજન ઘટાડવામાં મદદ મળે છે. વરિયાળી શરીરમાં ચરબીને એકઠી થવા દેતી નથી. પરિણામે સ્થૂળતાનું જોખમ પણ ઘટાડે છે. આ ઉપરાંત વરિયાળીનું પાણી પીવાના કારણે ઝેરી તત્વો પણ શરીરની બહાર નીકળી જાય છે. શરીરમાં ચયાપચયની પ્રક્રિયા ખૂબ સારી રીતે થાય છે. જે વજન ઓછું કરવામાં મદદરૂપ બને છે.

કબજિયાત દૂર કરે :- વરિયાળીમાં ફાઇબરનું પ્રમાણ ખૂબ વધુ હોય છે, જેનાથી પાચન સારું થાય છે. કબજિયાતની સમસ્યા દૂર થાય છે. વરિયાળીનું પાણી નિયમિત પીવાથી ગેસ અને એસિડિટીની સમસ્યા પણ દૂર થાય છે, જે લોકો અપચા અને કબજિયાતથી પીડાતા હોય તેમણે વરિયાળીનું પાણી પીવું જોઈએ. તેનાથી પેટ સારી રીતે સાફ થઈ જાય છે અને લિવર સ્વસ્થ રહે છે.

શિક્ષણ બોર્ડે ૨૦૨૧માં પરીક્ષા ન લીધી, પરંતુ ફીના રૂા. ૩૧.૫૩ કરોડ ઉઘરાવી લીધા

બોર્ડ દ્વારા નિયમિત વિદ્યાર્થીઓ પાસેથી ફી લીધા બાદ પરત ન કરતા સ્કૂલોમાં ઘર્ષણના બનાવો

અમદાવાદ, તા.૯

શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૧માં પરીક્ષા લેવામાં આવી નહોવા છતાં ૭.૬૩ લાખ વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફીના રૂા.૩૧.૫૩ કરોડ ઉઘરાવવામાં આવ્યા હતા. આ પૈસા બોર્ડ પાસે છેલ્લા એક વર્ષથી પડ્યા હોવા છતાં વિદ્યાર્થીઓને પરત આપવામાં ન આવતા સ્કૂલો ઉપર ઘર્ષણના બનાવો બનતા હોવાના આક્ષેપ સંચાલક મંડળ દ્વારા કરાયા છે. બોર્ડ દ્વારા ધોરણ-૧૦ની રૂા.૧૭ કરોડ જેટલી અને ધોરણ-૧૨ની ૧૩ કરોડ કરતા વધુની પરીક્ષા ફી ઉઘરાવવામાં આવ્યા બાદ પરીક્ષા લીધા વગર બધા વિદ્યાર્થીઓને પાસ કરી દેવાયા હતા. જેથી વાલીઓ પરીક્ષા ફીના પૈસા પરત લેવા માટે સ્કૂલો ઉપર જઈ ઘર્ષણ કરતા હોવાનું સંચાલકોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દરવર્ષે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવતી હોય છે. આ પરીક્ષા પાછળ મોટો ખર્ચ થતો હોવાથી બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફી લેવામાં આવે છે. આ ફીની આવકમાંથી બોર્ડ દ્વારા પરીક્ષાનો ખર્ચ કાઢવામાં આવતો હોય છે. જોકે, સરકારે વિદ્યાર્થીનીઓ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓની પરીક્ષા ફી માફ કરેલી હોવાથી માત્ર વિદ્યાર્થીઓ પાસેથી જ બોર્ડ દ્વારા પરીક્ષા ફી વસૂલ કરવામાં આવે છે. દરમ્યાન ૨૦૨૧માં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાને લઈ ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં સ્કૂલોએ વિદ્યાર્થીઓના ફોર્મ ભરી ફીની રકમ પણ બોર્ડમાં જમા કરાવી દીધી હતી. જોકે, તે વખતે કોરોનાના કારણે બોર્ડ દ્વારા નિયમિત વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાના બદલે સમગ્ર વર્ષ દરમ્યાન લેવામાં આવેલી પરીક્ષાના મુલ્યાંકનના આધારે પરિણામ તૈયાર કરાયા હતા. જેથી ૨૦૨૧માં બોર્ડની પરીક્ષા વગર જ તમામ વિદ્યાર્થીઓ પાસ થઈ ગયા હતા. આમ, પરીક્ષા લેવામાં આવી ન હોવા છતાં બોર્ડ પાસે વિદ્યાર્થીઓની ફીની રકમ જમા હોવાનું જાણવા મળે છે. ધોરણ-૧૦માં માર્ચ-૨૦૨૧માં કુલ નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૮૫૭૨૦૪ જેટલી હતી. જેમાંથી વિદ્યાર્થીઓની સંખ્યા ૪૯૦૪૮૨ અને વિદ્યાર્થીનીઓની સંખ્યા ૩૬૬૭૨૨ જેટલી હતી. સરકાર દ્વારા બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીનીઓ અને દિવ્યાંગ ઉમેદવારોને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલી છે. જેથી ધોરણ-૧૦માં ૪૯૦૪૮૨ જેટલા વિદ્યાર્થીઓએ ફી ભરી હતી. ધોરણ-૧૦માં નિયમિત વિદ્યાર્થીઓની ફી રૂા.૩૫૫ છે. જેથી આ વિદ્યાર્થીઓએ કુલ રૂ. ૧૭.૪૧ કરોડ જેટલી ફીની રકમ શિક્ષણ બોર્ડમાં જમા કરાવી હતી. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૪૦૦૧૨૭ જેટલી હતી. જેમાંથી વિદ્યાર્થીઓની સંખ્યા ૨૧૦૩૭૫ અને વિદ્યાર્થીનીઓની સંખ્યા ૧૮૯૭૫૨ હતી. જ્યારે દિવ્યાંગ વિદ્યાર્થીઓની સંખ્યા ૨૧૯૨ હતી. ધોરણ-૧૨માં પણ વિદ્યાર્થીનીઓ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફી લેવામાં આવતી ન હોઈ ૨૧૦૩૭૫ નિયમિત વિદ્યાર્થીઓ પાસેથી રૂા.૪૯૦ પ્રમાણે કુલ રૂા.૧૦.૩૧ કરોડની ફી બોર્ડ દ્વારા વસુલ કરવામાં આવી હતી. ધોરણ-૧૨ સાયન્સમાં નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૭૨૬૪ હતા. જેમાંથી ૬૩૦૨૮ વિદ્યાર્થીઓ અને ૪૪૨૩૬ વિદ્યાર્થીનીઓ હતી. જ્યારે ૧૩૬ જેટલા દિવ્યાંગ વિદ્યાર્થીઓ હતા. સાયન્સમાં પણ વિદ્યાર્થીનીઓ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવામાં આવતી નથી. જેથી નિયમિત ૬૩ હજાર જેટલા વિદ્યાર્થીઓ પાસેથી રૂા. ૬૦૫ પ્રમાણે કુલ રૂા.૩.૮૧ કરોડની ફી વસુલવામાં આવી હતી. આમ, ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સની મળી બોર્ડ દ્વારા કુલ રૂા. ૩૧.૫૩ કરોડની ફી ઉઘરાવવામાં આવી હતી.

ભિક્ષા નહીં શિક્ષાના મંત્ર સાથે વંચિતો ગરીબોને શિક્ષણ આપવા નવતર અભિગમ

રેલવે-બસ મથકો-ટ્રાફિક સિગ્નલ ઉપર ભટકતાં બાળકોના શિક્ષણ માટે સિગ્નલ સ્કૂલ પ્રોજેક્ટ !

રાજ્યમાં સૌપ્રથમ અમદાવાદમાં પ્રોજેક્ટ અંતર્ગત ૩૦ મોબાઈલ સ્કૂલ બસ શરૂ કરાઈ

ગાંધીનગર,તા.૯

રેલવે-બસ મથકો, ટ્રાફિક સિગ્નલ સહિત જાહેર સ્થળોએ ખુલ્લામાં વેડફાતા બાળકો તથા ભીક્ષાવૃતિ કરતા બાળકો તેમજ અધવચ્ચે શાળા છોડી જનારા બાળકોને શિક્ષણની સુવિધા મળી રહે તેવા હેતુસર ગુજરાત સરકાર નવો અભિગમ શરૂ કરવા જઈ રહી છે સૌપ્રથમ આ અભિગમ અમદાવાદ શહેર માટે હાથ ધરતા સિગ્નલ સ્કૂલ પ્રોજેકટ માટે ૩૦થી વધુ મોબાઈલ સ્કૂલ બસ શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રોજેકટનો પ્રારંભ કરાવતા શિક્ષણથી વંચિત એક દરિદ્રબાળકને દત્તક લઈ તેના શિક્ષણ માટેની જવાબદારી પોતે ઉપાડશે તેવો નિર્ધાર વ્યકત કર્યો હતો. આ સમાજહિતકારી પ્રોજેક્ટ માત્ર અમદાવાદ પૂરતો સિમિત ન રહેતા રાજયમાં વ્યાપક સ્તરે શરૂ થાય અને શિક્ષા-દિક્ષાથી વંચિત દરિદ્ર બાળકોને શિક્ષણ સંસ્કાર મળે તેવી સામૂહિક સમાજ જવાબદારીનું પણ મુખ્યમંત્રીએ આહ્‌વાન કર્યુંહતું. આ અભિગમ વંચિત જરૂરિયાતમંદ પરિવારના બાળકના ભવિષ્યમાં શિક્ષણની જ્યોતથી નવી આશાનું કિરણ પ્રગટાવશે તેવો વિશ્વાસ દર્શાવતા તેમણે ઉમેર્યું કે, સમાજમાં કોઈ બાળક શિક્ષણ સંસ્કારથી વંચિત ના રહે અને જરૂરતમંદ દરિદ્ર પરિવારના બાળકને વિપરીત પરિસ્થિતિમાં પણ શિક્ષણ છોડી દેવું ન પડે તે માટે આવા સમાજહિતલક્ષી અભિગમ અને વંચિત બાળકોને દત્તક લઈને તેનામાં શિક્ષણ-કેળવણી, સંસ્કાર ઉજાગર કરવા સમાજના અન્ય સંપન્ન વ્યક્તિઓ, દાતાઓ માટે પ્રેરણારૂપ બનશે. શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ કહ્યું કે, રાજ્ય વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિર્ત અરવિંદકુમારની પ્રેરણા અને માર્ગદર્શનમાં શરૂ થયેલો આ શિક્ષણ સ્કૂલ પ્રોજેક્ટ દેશના અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ બનશે. આ પ્રસંગે સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના જસ્ટિસ એમ.આર.શાહે ગુજરાત સરકારના કેરિંગ અને શેરિંગના નવા અભિગમ બદલ આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે, આ નવા અભિગમ થકી સમાજ પ્રત્યેનું ઋણ અદા થઈ રહ્યું છે. જે બાળકો સિગ્નલ ઉપર ભિક્ષા માંગે છે તેમને જો આ પ્રકારે શિક્ષણ મળી રહે તો એ બાળકને ભવિષ્યમાં આગળ આવવાની તક મળશે.

અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ દ્વારા શાળાએ નહીં જતા અને રસ્તા ઉપર ભીખ માંગતા તથા ઘર વિહોણા બાળકોને શિક્ષણ આપવા માટે સિગ્નલ શાળાઓ શરૂ કરવા શહેરના અલગ અલગ વિસ્તારમાં આવા બાળકોનો સર્વે કરવામાં આવ્યો હતો. સર્વેમાં વિવિધ સિગ્નલ પર ૧૩૯ ભીખ માંગતા બાળકોને સિગ્નલ સ્કૂલ દ્વારા શિક્ષણ આપવા નક્કી કરવામાં આવ્યું હતું. સિગ્નલ સ્કૂલો માટે એએમટીએસની જૂની બસોને મોડિફાઈડ કરી અદ્યતન કલાસરૂમ બનાવી હરતી ફરતી સ્કૂલો બનાવવામાં આવી છે. આ સિગ્નલ સ્કૂલો જે તે સિગ્નલ અથવા નક્કી કરેલા ચાર રસ્તાના જંકશન ખાતે ઉભી રાખી બાળકોને ભણાવવામાં આવશે.શહેરના રસ્તાઓ ઉપર ભીખ માંગતા અને ઘર વિહોણા બાળકો માટે ''ભિક્ષા નહીં શિક્ષા'' પ્રોજેકટની શરૂઆત કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ગુજરાત હાઈકોર્ટ ચીફ જસ્ટિસ અરવિંદકુમાર અને સુપ્રિમ કોર્ટ જજ એમ.આર.શાહ સહિતના નેતાઓએ સિગ્નલ સ્કૂલ બસોને ફ્લેગ ઓફ કરાવ્યુ હતું. રાજ્ય સરકાર, અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આ સિગ્નલ સ્કૂલો ચલાવવામાં આવશે. શહેરના અલગઅલગ ચાર રસ્તા ઉપરના સિગ્નલ ઉપરથી બાળકોને સિગ્નલ સ્કૂલ મારફતે શિક્ષણ આપવામાં માટે બસમાં બેસાડવામાં આવશે. એક નક્કી કરેલી જગ્યા ઉપર બસ ઉભી રાખી તેઓને અભ્યાસ કરાવવામાં આવશે. ચાર કલાક શિક્ષણ આપવામાં આવશે. તૈયાર કરવામા આવેલી આ સિગ્નલ સ્કૂલ બસમાં તમામ પ્રકારની સુવિધાઓ કરવામાં આવી છે. સિગ્નલ સ્કૂલ ચલાવવા માટે સ્કૂલ બોર્ડ દ્વારા વિશેષ શિક્ષકોની ભરતી પણ કરવામાં આવી છે.

'આ અપરાધ છે' : યુક્રેનિયનો માટે વીઝાના નિયમો કડક બનાવવા બદલ UAEની

(એજન્સી) તા.૯

ગલ્ફ આરબ રાજયમાં કીવની એમ્બેસીએ જણાવ્યું હતું કે, એક તરફ હજારો લોકો યુક્રેનમાં યુદ્ધમાંથી ભાગી રહ્યા છે એવા સમયે જ સંયુક્ત આરબ અમીરાતે યુક્રેનિયન નાગરિકો માટે વિઝામાં છૂટછાટ અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે, રોઈટર્સના અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે. દૂતાવાસે કોઈ કારણ આપ્યા વિના તેના ફેસબુક પેજ ઉપર નાગરિકોને એક નોટિસમાં જણાવ્યું હતું કે, યુએઈનો નિર્ણય અમલમાં આવ્યો છે. અમીરાતી સત્તાવાળાઓએ અરજીની ટિપ્પણીનો જવાબ આપ્યો ન હતો. દુબઈમાં રજા ગાળવા આવેલી યુક્રેનિયન અન્ના ગોંચાર્નકો, રોઈટર્સ સાથે વાત કરતા આ નિર્ણયની ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે, 'આખું વિશ્વ જ્યારે મદદ કરી રહ્યું છે' તેવા સમયે આ નિર્ણય નિંદનીય છે. તે નેધરલેન્ડમાં રહે છે, પરંતુ તેની પુત્રી તેના પિતા સાથે કીવમાં રહે છે. '''યુક્રેનિયનોને અત્યારે ખરેખર વિઝાની સખત જરૂર છે અને દેશમાં પ્રવેશવા ન દે તો મને લાગે છે કે તે ખરેખર આ દેશ (યુએઈ)નો અપરાધ છે. તેઓ આવા સમયે તાત્કાલિક વિઝા ક્યાંથી બનાવશે, તે અશક્ય છે.' તેણીએ દુબઈ એક્સ્પો વર્લ્ડ ફેર ખાતે યુક્રેન પેવેલિયનની બહાર સજલ નેત્રોથી કહ્યું. રશિયન આક્રમણ પછી ૬,૫૦,૦૦૦થી વધુ લોકો યુક્રેન છોડીને પડોશી યુરોપિયન રાજ્યોમાં ગયા છે. યુરોપિયન યુનિયનએ કહ્યું છે કે, તે લાખો શરણાર્થીઓ માટે તૈયારી કરી રહ્યું છે. ઈન્ના અને તેની પુત્રી સોનિયા, વર્લ્ડ ફેર માટે દુબઈ જઈ રહ્યા છે, તેઓ કાળાસાગરના બંદર શહેર ઓડેસામાં તેમના પરિવાર અને મિત્રો માટે ચિંતિત છે. 'તે ખૂબ ભયંકર છે, ખૂબ દુઃખદ છે. અમે અમારા મિત્રો માટે, અમારા પરિવાર માટે ભયભીત છીએ કારણ કે તેઓ દેશ છોડી શકતા નથી,' ઈન્નાએ કહ્યું. સોનિયા ઘરે જવા માંગે છે. 'આ વર્ષે મારે સ્નાતક થવુંહતું, હવે મને ખબર નથી કે કાલે શું થશે. કૃપા કરીને આપણા દેશમાં યુદ્ધ બંધ કરો, તે ખૂબ જ ડરામણું છે,'' તેણીએ કહ્યું.

યુએનનો અંદાજ છે કે યુક્રેન માટે ત્રણ મહિનાની અંદર ૧.૧ અબજ ડોલરની રાહતની જરૂર છે

(એજન્સી) તા.૯

સંયુકત રાષ્ટ્રનો અંદાજ છે કે યુક્રેનને મદદ કરવા માટે ત્રણ મહિનાની અંદર ૧.૧ અબજ ડોલરની જરૂર પડશે, જેમાં યુક્રેનના સૌથી સંવેદનશીલ અને નિર્બળ લોકોને મદદ કરવાની છે યુએનના કટોકટી પ્રમુખ માર્ટિન ગ્રિફીથ્સે જાહેરાત કરી હતી કે માનવતાવાદી અપીલો માટે ૧.૫ અબજ ડોલરનું વચન આપવામાં આવ્યું છે. પત્રકારોને ટૂંકમાં જણાવતા શરૂણાર્થીઓ માટેના ઉચ્ચ કમિશનર ફિલિપ્પો ગ્રેન્ડીએ શરણાર્થી એજન્સી અને ૧૨ ભાગીદાર એજન્સીઓ માટે ૫૫૦ અબજ ડોલર માટે અપીલ કરી છે. ગ્રાન્ડીએ કહ્યું હતું કે થોડા સમયની અંદર ૬,૭૭,૦૦૦ શરણાર્થીઓ છેલ્લા છ દિવસોમાં યુક્રેનથી ભાગીને પાડોશી દેશોમાં હવે જતા રહ્યા છે. જે છેલ્લા ૨૪ કલાકમાં ૧,૫૦,૦૦૦ વધુ છે. સંયુકત રાષ્ટ્રની સર્વોચ્ચ કોર્ટ મોસ્કોને તેના આક્રમણને રોકવા માટે કોર્ટના આદેશની યુક્રેન દ્વારા કરવામાં આવેલી વિનંતી અંગે આગામી અઠવાડિયામાં સુનાવણી યોજવાનું નક્કી કર્યુંછે. કીવે આંતરરાષ્ટ્રીય ન્યાયીક અદાલત (આઈજી)માં કેસ દાખલ કર્યો છે જેમાં રશિયા ઉપર યુક્રેનમાં નરસંહાર આચરવાની યોજના બનાવવાનો આરોપ લગાવ્યો છે અને મોસ્કોને તેની દુશ્મનાવટ રોકવા માટે સુચના આપતા તાત્કાલિક કામચલાઉ પગલાની માંગ કરી છે.

કેન્દ્રએ રહેણાંક અને વાણિજિયક બાંધકામ પરિસરોના ૧૦% ક્ષેત્રમાં વૃક્ષો માટે દરખાસ્ત કરી

નવી દિલ્હી, તા.૯

પર્યાવરણ મંત્રાલયે દર ૮૦ ચોરસમીટર જમીનમાં ઓછામાં ઓછું એક વૃક્ષ વાવવાની દરખાસ્ત કરી છે જેથી રહેણાંક અને વ્યાપારી બાંધકામ સ્થળોએ તેમના પ્લોટનો ઓછામાં ઓછા ૧૦% વિસ્તારમાં વૃક્ષો હોવા જરૂરી છે. મંત્રાલયે ૨૮ ફેબ્રુઆરીએ બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ રેગ્યુલેશન્સ, ૨૦૨૨ પર એક ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડીને ૬૦ દિવસની અંદર દરખાસ્ત ઉપર લોકોના સૂચનો અને વાંધાઓ માંગ્યા હતા. આ નિયમો નવા બિલ્ડીંગ પ્રોજેક્ટના નિર્માણ અને ૫,૦૦૦ ચોરસ મીટરથી વધુ બિલ્ટ-અપ વિસ્તાર ધરાવતી જૂની હાલની ઈમારતોના વિસ્તરણ, નવીનીકરણ અથવા સમારકામ સાથે સંકળાયેલા પ્રોજેક્ટ્સને લાગુ પડશે. આ ડ્રાફ્ટમાં સૂચના આપવામાં આવી છે કે, દર ૮૦ ચો.મી. માં ઓછામાં ઓછું એક વૃક્ષ હોવું જોઈએ. અને તે જમીનનું વાવેતર અને જાળવણી કરવી જોઈએ જેથી કરીને ઓછામાં ઓછા ૧૦% પ્લોટ વિસ્તાર વૃક્ષના આવરણ હેઠળ રહે. આ હેતુ માટે હાલના વૃક્ષો પણ ગણતરીમાં લેવામાં આવશે. તેમાં કહેવામાં આવ્યું છે કે ઈમારતો, રસ્તાઓ, પાકા વિસ્તારો અને બાહ્ય સેવાઓ માટે સૂચિત વિસ્તારોમાંથી જમીનની ટોચની માટીને મહત્તમ ૨૦ સે.મી.ની ઊંડાઈ સુધી જ રાખવી જોઈએ. તે નિયુક્ત વિસ્તારોમાં યોગ્યરીતે સંગ્રહિત હોવી જોઈએ અને સાઈટ ઉપર સૂચિત વનસ્પતિના વાવેતર દરમ્યાન ફરીથી તેને રાખવી જોઈએ. મંત્રાલયે જણાવ્યું હતું કે સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટીની પૂર્વ મંજૂરી સિવાય વેટલેન્ડ અને વોટર બોડીઝ ઉપર કોઈ બાંધકામની મંજૂરી નથી અને પ્રોજેક્ટના નિર્માણ તબક્કા દરમ્યાન ભૂગર્ભજળનો ઉપયોગ કરી શકાતો નથી. આ નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું છે કે, છત અને બિન-છતવાળા વિસ્તારોમાંથી ઓછામાં ઓછા એક દિવસના વરસાદના વહેણના જથ્થાને કેપ્ચર કરવા માટે છત અને બિન-છતના વરસાદી પાણીના સંગ્રહની યોજના તૈયાર કરવામાં આવશે અને તેને અમલમાં મૂકવામાં આવશે જે ભૂગર્ભજળના સંભવિત દૂષણને અટકાવશે. ઓછામાં ઓછી ૨૦% ખુલ્લી જગ્યાઓ સ્પષ્ટ હોવી જોઈએ. ગ્રાસ પેવર્સનો ઉપયોગ, ઓછામાં ઓછા ૫૦% ઓપનિંગવાળા પેવર બ્લોકસને પણ પેવરિવ સપાટી તરીકે ગણવામાં આવશે. ઉપરાંત, ડ્યુઅલ પ્લમ્બિંગ સિસ્ટમ લાગુ કરવામાં આવશે એક પીવા માટે, રસોઈ અને નહાવા વગેરે માટે તાજા પાણીની સપ્લાય માટે અને બીજી ફલશિંગ માટે ટ્રીટેડ પાણીની સપ્લાય માટે. ફલશિંગ માટે માત્ર ટ્રીટેડ પાણીનો ઉપયોગ કરવામાં આવશે. મંત્રાલયે ગયા વર્ષે ૨૯ જાન્યુઆરીએ બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન અને ટાઉનશિપ પ્રોજેક્ટ્સ માટેના નિયમોની તપાસ કરવા અને ભલામણ કરવા માટે નિષ્ણાંત સમિતિની રચના કરી હતી. આ પેનલે પ્રમાણિત, પરિણામ-આધારિત અને પરિમાણપાત્ર પર્યાવરણીય નિયમોને અમલમાં મૂકવાનું જરૂરી માન્યું છે જેથી આ અભિગમમાં પારદર્શિતા લાવી શકાય અનર્શ વ્યવસાય કરવામાં સરળતા અને પ્રોત્સાહન મળી શકે. કેન્દ્ર સરકાર સાથે નિયમનકારી માળખાના એકંદર સુપરિન્ટેન્ડન્સને જાળવી રાખીને, તૃતીય-પક્ષ ઓડિટ દ્વારા, ગ્રીન સર્ટિકેશનને પ્રોત્સાહિત કરવા અનર્ટ શાસનના વિવિધ સ્તરો ઉપર નિયમનકારી એજન્સીઓની હાજરીનો લાભ ઉઠાવવા દ્વારા મોનિટરિંગ મિકેનિઝમને વિસ્તૃત કરવું પણ તેમાં જરૂરી માનવામાં આવ્યું છે.

● શિપયાર્ડ કૌભાંડની પાછળ સરકારી બેંકોની ભૂમિકા ●

એબીજી શિપયાર્ડ પર ૨૨૦૦૦ કરોડ રૂપિયાનો સરકારી બેંકોને ચૂનો લગાવવાનો અરોપ છે. આ કંપનીએ છેલ્લા ૧૬ વર્ષોમાં ૧૬૫ પાણીના જહાજ બનાવ્યા જેમાંથી નિકાસ કરવામાં આવી. આટલી મોટી સંખ્યામાં જહાજોની નિકાસ કરવી એ વાતને દર્શાવે છે કે કંપની સુદૃઢ હતી. એ સિવાય કંપનીએ આંતરરાષ્ટ્રીય જહાજરાણી રેટિંગ એજન્સીઓ જેવી કે લોઈડ્સ, બ્યુરો વેરિટાસ, અમેરિકન બ્યુરો ઓફ શિપિંગ અને અન્ય દ્વારા સારી રેન્કિંગ આપવામાં આવી હતી. એનાથી ફરી દેખાય છે કે કંપની સુદૃઢ હતી પરંતુ ૨૦૦૮ના વૈશ્વિક જહાજોની કંપનીને આંચકો આપ્યો. એમના દ્વારા બનાવવામાં આવેલા જહાજોની માંગ ઓછી થઈ ગઈ અને ધીરે ધીરે એ કંપની ખોટ કરવા લાગી. ૨૦૧૩માં આ કંપની દ્વારા લેવામાં આવેલી લોનને નોન-પરફોર્મિંગ એસેટ એટલે કે ખતરાની લોન બતાવવા લાગ્યા, ત્યારે પણ આમાં કોઈ કૌભાંડનો આરોપ નહોતો. એ બાદ ૨૦૧૬ની કંપનીના ઓડિટ રિપોર્ટમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે કંપનીના ખાતા પારદર્શી રૂપથી પ્રસ્તુત કરવામાં આવ્યા છે. જો કે કંપનીને ખોટ જરૂર લાગી છે. ફરી કૌભાંડનો કોઈ સંકેત આપવામાં આવ્યો નથી. જાન્યુઆરી ૨૦૧૮માં આ કંપનીને લોન ખાતાઓની ગુનાહિત ઓડિટ કરાવવામાં આવે. આ કાર્ય માટે આંતરરાષ્ટ્રીય સલાહકારી કંપની અર્ન્સ્ટ એન્ડ યંગને નિયુકત કરવામાં આવી. અર્ન્સ્ટ એન્ડ યંગે જાન્યુઆરી ૨૦૧૯માં પોતાના રિપોર્ટમાં જણાવ્યું કે કંપનીએ કેટલાક રિસાવ કર્યા છે. કંપનીની વિદેશી સબસિડીઓના માધ્યમથી કેટલીક રકમ પોતાના નિર્દેશકો વગેરેને વ્યક્તિગત ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવી છે. પરંતુ કેટલી માત્રામાં આ ગોટાળા થયા એની સાર્વજનિક જાણકારી હાલમાં ઉપલબ્ધ નથી.

એબીજી શિપયાર્ડને લોન આપનારી બેંક મુખ્યત્વે સરકારી બેંક છે. આઈસીઆઈસીઆઈ બેંક એમની લીડ બેંક છે એટલે કે આ વિશાળ લોનને મેનેજ કરવાની મુખ્ય જવાબદારી આઈસીઆઈસીઆઈ બેંકની હતી. આઈસીઆઈસીઆઈ બેંકને આઈસીઆઈસીઆઈ દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી. આઈસીઆઈસીઆઈ સ્વયંને વિશ્વ બેંક, સરકારી બેંકો અને સરકારી વીમા કંપનીઓને સ્થાપિત કરી હતી. વર્તમાનમાં એના પ્રમુખ શેરધારક એલઆઈસી, સ્ટેટ બેંક, મ્યુચ્યુઅલ ફંડ અને એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ છે. જોકે ટેકનિકલ દૃષ્ટિથી આ પ્રાઈવેટ બેંક છે. પરંતુ એનું સંચાલન એમના સરકારી એકમો દ્વારા કરવામાં આવે છે. તેથી હું આ બેંકને સરકારી બેંક જ માનું છું. અન્ય સરકારી બેંક જેમ કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આઈડીબીઆઈ બેંક, બેંક ઓફ બરોડા, ઈન્ડિયન ઓવરસીઝ બેંક વગેરે મુખ્ય રૂપથી આઈસીઆઈસીઆઈ બેંક દ્વારા લેવામાં આવેલા નિર્ણયોનું પાલન કરતા હતા. ખાસ વાત એ છે કે આ પૂરા પ્રકરણમાં આઈસીઆઈસીઆઈ બેંકે મૌન ધારણ કરી લીધું છે. જાન્યુઆરી ૨૦૧૮માં ગુનાખોરી ઓડિટ કરાવવાની પહેલ સ્ટેટ બેંક દ્વારા કરવામાં આવી. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જ નવેમ્બર ૨૦૧૯, ઓગસ્ટ ૨૦૨૦ અને ઓગસ્ટ ૨૦૨૧માં ક્રમશઃ બે ફરિયાદો અને અંતમાં સીબીઆઈ ઈન્કવાયરીની વાત કરવામાં આવી. સ્પષ્ટ છે કે આઈસીઆઈસીઆઈ બેંક જેની મુખ્ય જવાબદારી આ લોનને મેનેજ કરવાની હતી, ચૂપ બેઠી હતી અને વર્તમાનમાં પણ ચૂપ બેઠી છે. આઈસીઆઈસીઆઈ બેંકનો ઈતિહાસ પણ વિશ્વાસ ઉત્પન્ન કરતો નથી. ૨૦૧૮માં એ સમયે એમના પ્રમુખ ચંદા કોચરના પતિ દીપક કોચરના વીડિયોકોન કંપની સાથે વ્યક્તિગત સંબંધ હતા. વિદેશીઓને આઈસીઆઈસીઆઈ બેંકે લોન આપી હતી. એટલે શંકા બને છે કે લોન આપવામાં સતકર્તા દાખવવામાં આવી નહોતી. આ પ્રકરણમાં ચંદા કોચરને હટાવવામાં આવ્યા હતા. એનાથી માલૂમ પડે છે કે આઈસીઆઈસીઆઈ બેંકની અંદર બધું બરાબર નથી. એબીજી શિપયાર્ડ સુદૃઢ કંપની હતી જેમ કે એના દ્વારા નિકાસ કરવામાં આવેલા જહાજો અને વૈશ્વિક એજન્સીઓ દ્વારા સારી રેટિંગ આપવાથી માલૂમ પડે છે. એવું પ્રતીત થાય છે કે તેઓએ પોતાની ક્ષમતાથી વધુ કામ વધારી દીધું હતું. જેમ કે કારને જો વધુ ઝડપથી ચલાવવામાં આવે તો તે ગરમ થઈ જાય છે. એ રીતે આ કંપની પોતાની મહત્ત્વાકાંક્ષાના કારણે સંભવતઃ ૨૦૦૮ના સંકટ બાદ ખોટમાં આવી ગઈ. તેથી ૨૦૦૮ના સંકટ બાદ કંપની દ્વારા ખોટ કરવી કોઈ ખાસ વાત નથી. વિશેષ વાત એ છે કે ૨૦૧૩માં કંપનીને આપવામાં આવેલી લોનના નોન પરફોર્મિંગ થઈ ગયા બાદથી લઈને આજ સુધી સરકારી લીડ બેંક આઈસીઆઈસીઆઈ બિલકુલ મૌન રહ્યું છે. એનાથી પહેલાં પણ આપણા દેશમાં સરકારી બેંકો દ્વારા અનેક કૌભાંડ કરવામાં આવ્યા છે જેમ કે વિજય માલ્યા, નીરવ મોદી, આઈએલએફએસ, પીએસબી બેંક વગેરે. તેથી સરકારી આઈસીઆઈસીઆઈ બેંક દ્વારા આ પ્રકરણમાં મૌન ધારણના મૂળમાં જવાની જરૂર છે. એબીજી શિપયાર્ડને વિશષ ઘટના માનતા સરકારી બેંકના મૂળ માળખાકીય સમસ્યાઓ ઉપર ધ્યાન આપવાની જરૂર છે. ખરેખર સ્થિતિ એ છે કે સરકારી બેંકના મુખ્ય અધિકારી અને સરકારી બેંકના સ્વયંના ઉદ્દેશ્યોમાં આંતર્વિરોર્વ થયો છે. જેમ કે માની લો કે મુખ્ય અધિકારીને ૨ કરોડ રૂપિયા પ્રતિ વર્ષનો પગાર મળે છે. એમને જો ૨૦ કરોડ રૂપિયાની લાંચ જોઈને કોઈ કંપની ૨૦૦૦ કરોડ રૂપિયાની સસ્તી લોન આપવાનું કહે છે તો મુખ્ય અધિકારી માટે સસ્તી લોન આપવી ફાયદાકારક થઈ જાય છે. કારણ કે આવનાર ૧૦ વર્ષોમાં જેટલો પગાર કમાતા એટલો એમને એક જ દિવસમાં લાંચના સ્વરૂપમાં મળી જાય છે. બેંકને ૨૦૦૦ કરોડનું નુકસાન થાય તો તે એમના વ્યક્તિગત નાણાકીય સ્વાર્થોને પ્રભાવિત કરતા નથી. તેથી સરકારી બેંકના મુખ્ય અધિકારી માટે ફાયદાકારક હોય છે કે તે લાંચ લઈને સસ્તી લોન આપે. એનાથી વિરૂદ્ધ પ્રાઈવેટ બેંકમાં જો એમના માલિકને તે કંપની ૨૦ કરોડ રૂા.ની લાંચ જોઈને ૨૦૦૦ કરોડ રૂપિયાની સસ્તી લોન આપવાનું કહે તો માલિક માટે નુકસાનકારક હોય છે. કારણ કે ૨૦૦૦ કરોડ રૂપિયાની જે ખોટ થાય છે તે એમની વ્યક્તિગત ખોટ પણ બની જાય છે. કારણ કે તે કંપનીના માલિક છે. તેથી સરકારી બેંકોના મુખ્ય અધિકારીનો ઉદ્દેશ્ય બેંકના હિતની વિરૂદ્ધ ચાલી શકે છે જ્યારે પ્રાઈવેટ બેંકના મુખ્ય અધિકારીનો ઉદ્દેશ્ય મુખ્યત્વે બેંકના હિતોના સામંજસ્યમાં ચાલે છે. એ કારણ છે કે આપણા દેશમાં સરકારી બેંકોના તમામ કૌભાંડ થતાં રહે છે અને એવું દાવા સાથે કહી શકાય કે એ આગળ જતાં પણ થતાં રહેશે. કારણ કે સરકારી બેંકોનું માળખું જ એવું છે જેમાં મુખ્ય અધિકારી માટે ભ્રષ્ટાચારમાં લુપ્ત થવું ફાયદાકારક હોય છે. એનો અર્થ એ નથી કે ખાનગી બેંકોમાં કૌભાંડ થતા નથી, પરંતુ ખાનગી અને સરકારી બેંકોના કૌભાંડ થઈ જાય તો તે રકમ પ્રજા પાસેથી ટેક્સ વસૂલ કરીને ભરપાઈ કરવામાં આવતી નથી. જેમ કે રિક્ષાવાળાને ખોટ થાય તો સરકાર એની ભરપાઈ કરતી નથી. બીજું અંતર એ છે કે ખાનગી બેંકમાં હંમેશા જમાકર્તા ઊંચા વ્યાજદરના લોભમાં જ નાણા જમા કરે છે. તેથી એને એ ઊંચા વ્યાજદરના જોખમનું નુકસાન ભોગવવું જ પડશે. ત્રીજું અંતર છે કે જો ખાનગી બેંકમાં ગરબડ થાય છે તો રિઝર્વ બેંકની પાસે પર્યાપ્ત અધિકાર છે કે એને બરાબર કરે જેમ કે ઘણી ખાનગી બેંકોના સંબંધમાં કરવામાં આવ્યો છે. એનાથી ખાનગી બેંકોમાં કીડો આખી બેંકને ખાઈ લે એવું બહુ જ ઓછું થાય છે. તેથી સમય આવી ગયો છે કે સરકારી બેંકોને પૂર્ણ ખાનગીકરણ કરવામાં આવે અને રિઝર્વ બેંકના નિયંત્રણ ભૂમિને સુદૃઢ કરવામાં આવે ત્યારે દેશ આ પ્રકારના કૌભાંડોથી બચી શકશે.

વ્યાજખોરીનો ભોગ બનતા લોકોને જૂનાગઢ પોલીસની તત્કાલ મદદને પગલે વધુ એક વેપારીને નવ જીવન અપાયું

જૂનાગઢ, તા.૯

જૂનાગઢ રેન્જના ડીઆઈજી મનીન્દર પ્રતાપસિંહ પવાર તથા જૂનાગઢ પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા વ્યાજખોરો વિરૂધ્ધ પ્રજાની મદદ કરવાની અને તેઓને કોઈ વ્યાજખોરો તરફથી બળજબરી કરવામાં આવતી હોય, વ્યાજના હપ્તાઓ માટે પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હોય, બળજબરીથી નાણાં કઢાવવા માટે ધમકીઓ આપવામાં આવતી હોય કે ગેર કાયદેસર વ્યાજ વટાવનો ધંધો કરવામાં આવતો હોય, તેઓની માહિતી આપવા હેલ્પ લાઈન નંબર આપી મદદ માંગવા જાણ કરવામાં આવેલ છે. જે હેલ્પલાઈન નંબર આધારે લોકો મદદ માંગતા જૂનાગઢ પોલીસ તરફથી અવાર નવાર મદદ કરવામાં આવે છે તેમજ જરૂર જણાએ વ્યાજખોર વિરૂધ્ધ ગુન્હાઓ નોંધી પાસા ધારા મુજબ પણ પગલાઓ ભરવામાં આવતા હોવાથી વ્યાજખોરોમાં ફફડાટ ફેલાયો છે. સામાન્ય રીતે લોકો વ્યાજખોરોના ત્રાસથી ખૂબ જ ડરી જવાના કારણે ઘણીવાર દવા પી લેતા હોય છે અને ઘણીવાર આપઘાત પણ કરી લેતા હોય છે. દરમ્યાન જૂનાગઢ પોલીસ દ્વારા હેલ્પલાઈન નંબર આધારે ઘણા બધા અસંખ્ય લોકોને વ્યાજના ચક્કરમાંથી બહાર કાઢી, વ્યાજખોરોની ચુંગાલમાંથી છોડાવી, હેમખેમ બહાર કાઢવામાં આવ્યા છે. એવું જાણવા મળે છે કે,

વ્યાજખોરો દ્વારા લોકોને વ્યાજે રૂપિયા આપતી વખતે જુદી જુદી મોડસ ઓપરેન્ડી અપનાવવામાં આવતી હોય છે. વ્યાજખોરો રૂપિયા ૫% થી ૨૫% સુધીના વ્યાજે રૂપિયા આપે છે અને લોકો પાસેથી હાથ ઉછીના લીધા હોવાનું લખાણ અને નોટરી કરાવી લેતા હોય છે. વ્યાજખોર લોકો પાસેથી કોરા ચેક પણ લઈ લેતા હોય છે અને તે કોરા ચેક દ્વારા મનફાવે એટલી રકમ લખી નાખી કોર્ટમાં નેગોશિયેબ્લ ઈન્સ્ટ્રૂમેંટ એક્ટ કલમ ૧૩૮ મુજબના કેસો કરવાની ધમકીઓ આપી નાણાં પડાવતા હોય છે અને માતબર રકમ વ્યાજ રૂપે લીધા બાદ કોર્ટમાં નેગોશિયેબ્લ ઈન્સ્ટ્રૂમેંટ એક્ટ કલમ ૧૩૮ મુજબના કેસો કરી કેસ પાછા ખેંચવાના પણ રૂપિયા લેતા હોવાનો મોડસ ઓપરેન્ડી ધરાવે છે. એનાથી પણ આગળ વ્યાજખોરો કાયદાની ચુંગાલમાંથી બચવા માટે રૂપિયા પાછા આપ્યા બાદ ફરીથી દસ્તાવેજ કરાવી દેવાનું જણાવી વ્યાજે રૂપિયા લેનાર વ્યક્તિની મિલકતના દસ્તાવેજ પણ કરાવી લેતા હોય છે. આમ વ્યાજખોરો લોકોના કાંડા કાપી રૂપિયા વ્યાજે આપે છે અને લોકો ગરજવાનને અક્કલના હોય એ કહેવત મુજબ પોતાને રૂપિયાની જરૂરિયાત હોવાથી વ્યાજખોરની દરેકશરત માન્ય રાખી રૂપિયા તગડા વ્યાજે લે છે અને પછી વ્યાજના ચક્રવ્યૂહમાં ફસાઈ જાય છે. વ્યાજખોરો દ્વારા લોકોની મજબૂરીનો પૂરેપૂરો ફાયદો ઉઠાવી વ્યાજે નાણાં લેનાર અને તેના આખા કુટુંબને વ્યાજ માટે અસહ્ય ત્રાસ આપી, હેરાન પરેશાન કરી, જીવન જીવવું દોહ્યલું કરી નાખે છે. આવા અસંખ્ય લોકોને જૂનાગઢ પોલીસ દ્વારા વ્યાજખોરોના ત્રાસમાંથી મુક્ત કરાવી, મુદ્દલ આપી દીધા બાદ વ્યાજમાંથી મુક્તિ અપાવી, લખાણ ચેક પરત અપાવી દીધેલ છે. ઘણા વ્યાજખોરોએ તો લોકોને મકાન કે દુકાનના દસ્તાવેજ કરાવી લીધા હતા એ દસ્તાવેજ પણ પાછા જે તે રૂપિયા લેનારને નામે કરી દિધેલા ના દાખલા છે જેમાં વધુ એક કિસ્સો બહાર આવેલ છે જેમાં જૂનાગઢ શહેરના વણઝારી ચોક વિસ્તારમાં રહેતા અને રાયજી બાગ ખાતે ભાડાની કરિયાણાની દુકાન ચલાવી પોતાનું ગુજરાન ચલાવતા રાજીવભાઈ લોહાણા (નામ બદલાવેલ છે...) કોરોના સમયે પોતાના માતા પોતાની સારવાર કરવા જરૂરીયાતના કારણે પોતાના ઓળખીતા વ્યકિત પાસેથી ૪૦ હજાર રૂપિયા વ્યાજે લીધેલા અને આ રૂપિયા આપતી વખતે જ રૂ. ૧૦,૦૦૦/- કાપી, રૂ. ૩૦,૦૦૦/- આપી દરરોજ રૂા.૧૦૦ ચારસો દિવસ સુધી આપવાના નક્કી કર્યા હતા. આ વ્યાજે રૂપિયા આપનારે અરજદારની એક્ટિવા મોટર સાયકલને આરસીબુક, કોરાચેક અનેઆધાર કાર્ડ પણ લઈ લીધેલ હતા. પોતાનામાં બાપની સારવાર અને ત્યારબાદ કોરોના કાળમાં ધંધામાં બેરોજગારીના કારણે રૂા. ૨૬,૦૦૦/- જેટલા આપ્યા બાદ રૂપિયા ૧૪,૦૦૦/-આપી ના શકવાના કારણે વધુ બે મહિનાનો સમય માંગતા વ્યાજખોર દ્વારા ૩૦૦૦ રૂપિયા પેનલટીના ચઢાવી, બે મહિના બાદ રૂા.૧૭ હજાર આપવાની ધમકી આપી, બે મહિના પછી પણ અરજદાર રૂપિયાને પહોંચી ના શકતા અરજદારની એક્ટિવા મોટર સાયકલ બળજબરીથી લઈ જઈ ટીટીઓ ફોર્મમાં સહી કરી પોતાની જાતે કોઈને વહેંચી રૂા.૧૪ હજાર આવેલ હોય હજુ ત્રણ હજાર દેવાના થાય છે અને બે દિવસમાં નહિ આપો તો કોરા ચેક મનફાવે એવી રકમ ભરી ચેક રિટર્નની ફરિયાદ કરવાની ધમકી આપતા અરજદારની હાલત કફોડી હોવા છતાં ઘરે જઈને હેરાન કરવાનું તથા ધમકી આપવાનું શરૂ કરતાં અરજદાર અને તેની પત્ની વ્યાજખોરની પઠાણી ઉઘરાણીથી કંટાળી અરજદાર એટલો બધો મુંજાયેલો કે, અરજદાર ગમે તેમ કરે તો પણ વ્યાજખોરના વ્યાજને પહોંચી શકે તેમ ના હોઈ માનસિક સ્થિતિ ખૂબ જ બગડી ગયેલ હતી. અરજદાર પાસે કોઈ રસ્તો ના હોઈ પોતાની પત્ની સાથે જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાને અરજદાર રૂબરૂ મળી આખી વિગત જણાવી રડવા લાગેલ અને વ્યાજખોર દ્વારા પોતાનું જીવન ઝેર કરી દીધેલાનું જણાવેલ હતું. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેરના સી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.જે.ગઢવી, સ્ટાફના હે.કો. નારણભાઈ, ઈન્દુભા, પો.કો. આઝાદસિંહ, સંજયસિંહ, નાગદાનભાઈ, કૈલાશભાઈ, ચેતનસિંહ સહિતની ટીમ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી માથાભારે વ્યાજખોરને બોલાવી વ્યાજ જોઈએ કે જેલ જોઈએ એવુ શાનમાં સમજાવતા વ્યાજખોરને પોલીસની ભાષામાં સમજાવી દેતા એક્ટિવા, આરસી બુક, ટિટીઓ ફોર્મ, કોરા ચેક પાછા આપી અરજદાર પાસેથી પોતાને હવે કાંઈ વ્યાજ લેવાનું રહેતું નહીં હોવાનું અને મુદ્દલના રૂા. ૪ હજાર પાછા લેવાની જણાવેલ હતું. અરજદાર દ્વારા પણ પોતાનો પ્રશ્ન સોલ્વ થઈ જતા ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. અરજદાર દ્વારા પોતાને વ્યાજખોરના ચુંગાલમાંથી છોડાવવા બદલ અને મદદ કરવા બદલ, પોતાના કુટુંબ સાથે રૂબરૂ મળી જૂનાગઢ પોલીસનો આભાર વ્યકત કર્યો હતો. અરજદાર દ્વારા ખુશ થઈને જો પોલીસ દ્વારા પોતાને મદદ કરવામાં ના આવી હોત તો આખા ફેમિલીની જિંદગી પુરી થઈ જાય તેમ હોવાની તેમજ આખા કુટુંબને નવી જિંદગી આપી હોવાની લાગણી વ્યક્ત કરી હતી. જૂનાગઢ પોલીસ દ્વારા પણ અરજદારને હવે પછી આવા લોકો પાસેથી બિન જરૂરી રૂપિયા નહીં લેવા અને પોતાના કુટુંબને મુશ્કેલીમાં નહીં મુકવા સલાહ આપી હતી.

શ્રી ખોડલધામ મંદિરે વિશ્વ મહિલા દિવસની ભક્તિમય માહોલમાં ઉજવણી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૯

૮મી માર્ચ એટલે વિશ્વ મહિલા દિવસ.. વિશ્વ મહિલા દિવસની ઠેર ઠેર ઉજવણી થતી હોય છે ત્યારે શ્રી ખોડલધામ મંદિરે વિશ્વ મહિલા દિવસ-૨૦૨૨ની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડની પ્રેરણા અને પ્રોત્સાહનથી ખોડલધામ જિલ્લા મહિલા સમિતિ-જામનગર દ્વારા એક જ દિવસમાં મંદિરના શિખર ઉપર ૧૧ ધ્વજાજીનું આરોહણ કરાયું હતું જ્યારે શ્રી ખોડલધામ તાલુકા મહિલા સમિતિ-ગોંડલ દ્વારા ૨૧ મણનો ચુરમાનો લાડુ મા ખોડલને પ્રસાદ રૂપે અર્પણ કરવામાં આવ્યો હતો. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ઉજવાયેલા વિશ્વ મહિલા દિવસના આ ભક્તિમય કાર્યક્રમમાં ગુજરાતભરની શ્રી ખોડલધામ પરિવારની ૧૦ હજારથી વધુ મહિલાઓ જોડાઈ હતી અને મા ખોડલના ધામમાં ૧૧ ધ્વજારોહણ કરી મા ખોડલનો પ્રસાદ લીધો હતો.

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા આજની નારી વધુને વધુ સશક્ત બને તેવા હંમેશા પ્રયત્નો કરવામાં આવતાં હોય છે. દર વર્ષે મહિલા દિવસની વિવિધ પ્રકારે ઉજવણી કરાતી હોય છે. ત્યારે વર્ષ ૨૦૨૨નો વિશ્વ મહિલા દિવસ મા ખોડલના ધામમાં ઉજવવાનું આયોજન કરાયું હતું. આ આયોજનમાં નારી શકિત દ્વારા એકતા નીશકિતના દર્શન થયાં હતાં. ૮મી માર્ચ ને મંગળવારના રોજ વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ખોડલધામ મંદિર ખાતે ઉજવાયેલા આ કાર્યક્રમમાં શ્રી ખોડલધામ જિલ્લા મહિલા સમિતિ-જામનગર એક જ દિવસમાં ૧૧ ધ્વજાજીનું આરોહણ કરાયું હતું. સવારે શ્રી ખોડલધામ મંદિર પરિસરમાં આવેલા રંગમંચ ખાતે હજારો બહેનોની ઉપસ્થિતિમાં ૧૧ ધ્વજાજીનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રંગમંચથી વાજતે-ગાજતે રાસ-ગરબાની રમઝટ સાથે ધ્વજાજીના સામૈયા કરવામાં આવ્યા હતાં. અને મંદિરે પહોંચીને મા ખોડલને ધ્વજા અર્પણ કરીને મંદિરના શિખર પર એક બાદ એક ૧૧ ધ્વજાજીનું આરોહણ કરવામાં આવ્યું હતું. ૮મી માર્ચે વિશ્વ મહિલા દિવસ હોય શ્રી ખોડલધામ તાલુકા મહિલા સમિતિ-ગોંડલની બહેનો દ્વારા મા ખોડલના ચરણોમાં પ્રસાદીરૂપે ૨૧ મણનો ચુરમાનો લાડુ અર્પણ કરવાનું આયોજન કરાયું હતું. આ માટે ગોંડલમાં વસતાં લેઉવા પટેલ સમાજના દરેક ઘરેથી ઘઉં અને ઘી એકત્ર કરવામાં આવ્યું હતું. એકઠાં થયેલા આ ઘઉં અને ઘીમાંથી ૨૧ મણનો પ્રસાદીનો ચુરમાનો લાડુ બનાવવામાં આવ્યો હતો. લાડુના દર્શન મંદિરે આવતા ભક્તો કરી શકે તે માટે લાડુને મંદિરે મૂકવામાં આવ્યો હતો. આ પ્રસાદીના લાડુના મોટી સંખ્યામાં ભક્તોએ દર્શન કર્યા હતા. અને આ લાડુમાંથી ભક્તોને પ્રસાદી આપવામાં આવી હતી.

શ્રી ખોડલધામ મંદિર ખાતે ઉજવાયેલા વિશ્વ મહિલા દિવસના આ કાર્યક્રમમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલે ઉપસ્થિત રહીને હાજર તમામ મહિલાઓને શુભકામના પાઠવી હતી. નરેશભાઈ પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, શ્રી ખોડલધામ જિલ્લા મહિલા સમિતિ- જામનગર દ્વારા ૧૧ ધ્વજાજીનું આરોહણ અને શ્રી ખોડલધામ તાલુકા મહિલા સમિતિ- ગોંડલ દ્વારા ૨૧ મણ લાડુનો પ્રસાદ અર્પણ કરવા નો આજના દિવસે જે અનોખો વિચાર કરવામાં આવ્યો છે તે બદલ બન્ને સમિતિની બહેનોને ખૂબ ખૂબ અભિનંદન. વિશ્વ મહિલા દિવસની ઉજવણીમાં આપ સૌ આટલી મોટી સંખ્યામાં એકત્ર થયાં છો તે લેઉવા પટેલ સમાજનો ભાવ દર્શાવે છે. આપણા સંગઠનની જ્યોત હંમેશા પ્રજવલ્લિત રહે. આ લાગણી અને ભાવ તૂટે નહીં તેની જવાબદારી આપ સૌ મહિલાઓની છે. સમાજમાં રહેલા અમુક સામાજિક પ્રશ્નોનું નિરાકરણ આપ મહિલાઓ જ લાવી શકો છો. આજના વિશેષ દિવસે મા ખોડલને પ્રાર્થના કે આપ સૌને આનંદમાં રાખે.

મહિલાઓ દ્વારા વિશ્વ મહિલા દિવસ લખવામાં આવ્યું

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે શ્રી ખોડલધામ મંદિર પરિસરમાં મહિલાઓની મદદથી 'વિશ્વ મહિલા દિવસ લખવામાં આવ્યું હતું. વિશ્વ મહિલા દિવસના શબ્દોની ઝાંખી થાય એ રીતે મહિલાઓ કતારમાં ગોઠવાઈ હતી.

ખોડલધામ મંદિર ખાતે ભક્તિમય માહોલમાં ઉજવાયેલા વિશ્વ મહિલા દિવસના આ કાર્યક્રમમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ ઉપરાંત ટ્રસ્ટીઓ, કન્વીનરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ ગુજરાતભરમાંથી શ્રી ખોડલધામ પરિવારની ૧૦ હજારથી વધુ મહિલાઓ હાજર રહી હતી અને નારી શક્તિ થકી સંગઠન શક્તિના દર્શન કરાવ્યા હતા.

દિકરીઓને સારૂં શિક્ષણ આપવાથી બે પરિવારને લાભ પ્રાપ્ત થાય

ગુરૂકુલ દ્રોણેશ્વરમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા. ૯

એસજીવીપી ગુરૂકુલ દ્રોણેશ્વર આર.ડી. વરસાણી કન્યા વિદ્યાલય ખાતે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે વિવિધ આયોજનો કરવામાં આવ્યા હતા. સંસ્થાના અધ્યક્ષ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીજીના પ્રેરણાત્મક માર્ગદર્શન હેઠળ શાળાના આચાર્ય મહેશભાઈ જોશીએ પૂ.સ્વામીજીના આશીર્વચન દિકરીઓ સુધી પહોંચાડ્યા હતા. પૂ.સ્વામીજીએ કહ્યું હતું કે શિક્ષણનો સફળ વિદ્યાર્થી જીવન શિક્ષણમાં નિષ્ફળ ન જાય એટલા માટે શાળા બાળકોનું સમુહ સ્થાન નહીં પરંતુ જીવંત અને ચેતનવંતુ સ્વર્ગ નિર્માણ કરવું એ અમારૂં સ્વપ્ન છે. વિશેષમાં વાત કરી હતી કે એક દિકરીના સારા શિક્ષણની અસર સમાજના બે પરિવાર પરિવાર ઉપર પડે છે. એનો લાભ સમાજને પણ જરૂર મળે જ છે. આ દિવસે દરેક દિકરીઓ શાળામાં ભારતીય પરંપરાગત પોશાકમાં શાળામાં આવી હતી.

નીતા અંબાણીએ લોકપ્રિય મહિલા સશક્તિકરણ પ્લેટફોર્મ "હર સર્કલ" હિન્દીમાં લોન્ચ કર્યું

૪૨ મિલિયનની પહોંચ સાથે ભારતનું સૌથી ઝડપથી વિકસતું મહિલા પ્લેટફોર્મ હવે કરોડો વધુ મહિલાઓ માટે સુલભ બન્યું

મુંબઈ તા. ૯

આ વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે, રિલાયન્સ ફાઉન્ડેશનના ફાઉન્ડર-ચેરપર્સન શ્રીમતી નીતા એમ. અંબાણીએ જાહેરાત કરી હતી કે મહિલા શક્તિને ડિજિટલ ક્રાંતિની શક્તિ સાથે સમન્વયિત કરતી એક અનોખી પહેલ હર સર્કલ હિન્દી એપ્લિકેશનના લોન્ચ સાથે હવે બહુભાષી ક્ષેત્રમાં વિસ્તરી રહી છે. હર સર્કલની સ્થાપના શ્રીમતી અંબાણી દ્વારા બરાબર એક વર્ષ પહેલા કરવામાં આવી હતી અને તે ૪૨ મિલિયનની અસાધારણ પહોંચ સાથે મહિલાઓ માટે ભારતનું સૌથી ઝડપથી વિકસતું ડિજિટલ પ્લેટફોર્મ બની ગયું છે. હર સર્કલની હિન્દી એપના પ્રારંભ પ્રસંગે શ્રીમતી નીતા એમ. અંબાણીએ કહ્યું કે, "હરસર્કલ એક વિકસિત પ્લેટફોર્મ છે જે પ્રદેશ અને ભાષાને ધ્યાનમાં લીધા વિના તમામ મહિલાઓ માટે છે. હું ઈચ્છું છું કે અમારી પહોંચ અને સહાય કોઈપણ પ્રકારના અવરોધ સિવાય વિસ્તરે. અને તેથી જ સરળ ભાષામાં વધુ મહિલાઓ સુધી પહોંચવા માટે, અમે સૌપ્રથમ હિન્દીમાં હર સર્કલ શરૂ કરી રહ્યા છીએ. અમે માર્ચ ૨૦૨૨માં લાઈવ થઈશું અને મને આશા છે કે અંગ્રેજી પ્લેટફોર્મને અત્યાર સુધી જેટલો પ્રેમ મળ્યો છે તેટલો જ પ્રેમ હિન્દીને પણ મળશે."

કોડીનાર પોલીસ દ્વારા સ્કૂલ-કોલેજમાં મહિલા શક્તિના કાર્યક્રમો યોજાયા

(અલ્તાફ મુગલ દ્વારા)

કોડીનાર તા.૯

કોડીનાર પોલીસ તંત્ર મહિલા દિવસ નિમિત્તે શાળા કોલેજો માં મહિલા શકિત ના કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું હતું. આઠ માર્ચ નાં રોજ ૧૨૦ માં મહિલા દિવસ નિમિતે કોડીનાર પોલીસ સ્ટેશનના દીપાબેન નગીનભાઈ, વનીતાબેન જેસીંગભાઈ, ધારાબેન કિશોરભાઈ તથા પોલીસ ઈન્સ્પેકટર જે, આર, ડાંગર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની પ્રાથમિક માહિતી અને મહિલાઓના સ્વરક્ષણ બાબતે કોડીનાર પોલીસે શહેરની ભ.ભા. વિદ્યાલય, નગરપાલિકા ગર્લ્સ સ્કૂલ, સોમનાથ એકેડેમી વગેરે સ્કૂલ અને કોલેજ ખાતે સેમિનાર નું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં પીએસઆઈ ડાંગરે ઉપસ્થિત વિદ્યાર્થીનીઓને જણાવેલ કે કે કોડીનાર તાલુકાની મહિલાઓની સુરક્ષા અર્થે એક સ્પેશિયલ ટીમ ની રચના કરવામાં આવેલ છે અને વિદ્યાર્થીનીઓને શાળા, કોલેજ આવવા જવા માટે રસ્તામાં કોઈપણ હેરાનગતિ કરતું હોય કે અન્ય કોઈ બાબતે જરૂર જણાય તો કોડીનાર પોલીસ ટીમની સ્પે. ટીમનો સંપર્ક કરવા જણાવી વિદ્યાર્થીનીઓને ગુડ ટચ અને, બેડ ટચ, બાબતે અને મહિલા ઓને સ્વરક્ષણનાં જરૂરી દાવપેચ તથા ઘરેલુ હિંસા સ્ત્રી અત્યાચાર અને પોકસો નાં કાયદા અંગે જરૂરી જાણકારી આપી મહિલા ઓની વિવિધ હેલ્પ લાઈનજેવી કે ૧૮૧, ૧૧૨, ૧૦૯૮ અંતર્ગત માહિતગાર કરી વિદ્યાર્થીનીઓને નિર્ભય પણે શાળા, કોલેજમાં આવી અભ્યાસ કરી શકે તે માટે જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

જાણો એપ્રિલ મહિનામાં ગુરૂ, શનિ, રાહુ, કેતુ ચાર ગ્રહનું રાશી પરિવર્તન દેશ -દુનિયામાં શું ફળ આપશે?

ખાસ કરીને ગુરૂ, શનિ, રાહુ અને કેતુ ગ્રહ લાંબાગાળે રાશી પરીવર્તન કરે છે. આથી તેનું ફળ કથનમાં મહત્વ વધારે છે. એપ્રિલ મહિનામાં તા.૧૨-૪-૨૨ થી રાહુ ગ્રહ મેષ રાશીમાં ભ્રમણ કરશે, કેતુ ગ્રહ તુલા રાશીમાં ભ્રમણ કરશે, તા.૧૩-૪-૨૨થી ગુરૂ ગ્રહ મીન રાશીમાં ભ્રમણ કરશે. તા.૨૯-૪-૨૨ થી શની ગ્રહ કુંભ રાશીમાં ભ્રમણ કરશે.

આમ આ ચાર લાંબાગાળાના ગ્રહનું રાશી પરિવર્તન થશે. ખાસ કરીને એપ્રિલ મહિનો અને મે મહિનો કોરોના બિમારી માટે મહત્વનો ગણાય. આ સમય દરમ્યાન જો કોરોનાની ચોથી લહેર ન આવે તો કોરોના કાયમી ચાલ્યો જશે. આ સમય દરમ્યાન લોકોએ સાવચેતી રાખવી જરૂરી છે. તેમાં ખાસ કરીને તા.૧૪-૪-૨૨ થી ૧૪-૫-૨૨ સુધી સુર્યનું મેષ રાશીમાં રાહુ સાથે યુતી થતા લોકોએ આરોગ્ય બાબતે ધ્યાન રાખવું જરૂરી છે.

તા.૧૪-૪-૨૨ પછી ભારતભરમાં અને પુરી દુનિયામાં મોંઘવારીમાં વધારો થાય, દરેક ચીજવસ્તુ તથા ખાસ કરીને જમીન, મકાન, પેટ્રોલના ભાવ વચ્ચે ફુગાવો વધે, રોગચાળામાં વધારો થાય, લોકોની સહન શક્તિ ઘટે. તા.૧૨-૪-૨૨ પહેલા રશિયા યુક્રેનનું યુધ્ધ ઠંડુ પડશે, શાંત થશે, પરંતુ એકબીજા દેશો સાથે યુધ્ધના બદલે ઘર્ષણ વધે, શની શીત યુધ્ધ શરૂ થશે. ખાસ કરીને એપ્રિલ મહિના બાદ ભારતમાં મોંઘવારી માજા મુકશે. ભારતમાં ખાસ કરીને લાંબાગાળે નાના માણસો નાના અને અમીર વર્ગ વધારે ને વધારે અમીર બનતો જશે.

૨૦૨૩ પછીથી ઉત્તરોતર દરેક બાબતે રાજકારણમાં વધભારો થશે. જીવનના કોઈપણ કામ રાજકારણ વગર થઈ નહીં શકે. ભવિષ્યમાં એક સમય એવો આવશે લોકો ત્રાહિમામ પોકારી જશે અને લોકો સામેથી લશ્કરી રાજની માંગણી કરશે. ખાસ કરીને એપ્રિલ, મે, જુન મહિના દરમ્યાન બિમારી, મોંઘવારી વધશે તેવી શકયતા નકારી શકાતી નથી અને ખાસ કરીને ૧૪ એપ્રિલ બાદ દેશમાં અમુક જગ્યાએ તોફાનો થાય, આગ, અકસ્માતની ઘટના વધે, લોકોમાં સુસાઈટ કરવાનું પ્રમાણ વધે, ગુનાખોરી વધે. ખાસ કરીને આ ઘોર કળીયુગના પ્રભાવથી બચવા માટે લોકોએ સુર્ય ઉપાસના દરરોજ સુર્યને અર્ઘ પણ આપવું જેથી જીવનમાં રાહત રહે.

- શાસ્ત્રી રાજદીપ જોષી

જાંબુર-ગીરના શહેનાઝ લોબીએ ૧૨ વખત ગોળાફેંકમાં રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સન્માન કરાયું

વેરાવળ તા.૯

જંબુર-ગીરના વતની અને રાષ્ટ્રીય કક્ષાએ અનેક ગોળાફેંક સ્પર્ધાઓમાં રાષ્ટ્રીય કક્ષાએ પોતાના કૌવતનો પરિચય શહેનાઝ લોબીએ કરાવ્યો છે. શહેનાઝબેને છત્તીસગઢના રાયપુર ખાતે ગોળાફેંકમાં નેશનલ જુનિયર એકથેલિક્ટમમાં બોન્ઝ મેડલ મેળવ્યો છે. ઉપરાંત હૈદરાબાદ, વિજયવાડા, દિલ્હી સહિતના શહેરમાં ૧૨ જેટલી રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું છે. સીદી સમાજમાંથી આવતા શહેનાઝ બહેન કહે છે કે, રાજ્ય સરકાર તરફથી ધો-૮થી ડીએલએસએસ દેવગઢ બારીયા ખાતે વિનામૂલ્યે એથ્લેટિક્સની તાલીમ મેળવી રહી હતી. તેના પરિણામે ઘણી રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની સ્પર્ધામાં સફળતા મળી છે. શહેનાઝ લોબીની આ સિદ્ધિની જિલ્લા વહીવટી તંત્રએ નોંધ લઈ, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉપલક્ષ્યમાં શાલ ઓઢાડી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. શહેનાઝ બહેન કહે છે કે, જાંબુર-તાલાળા સવિય અન્ય દુનિયા જોઈ ન હતી. પણ રાજ્ય સરકારની તરફથી મારૂ દેવગઢ બારીયા ખાતેની જયદિપસિંહ સ્પોર્ટસ સંકુલમાં તાલીમ માટે પસંદગી કરતા, એથ્લેટિક્સમાં ઉચ્ચ સ્તરની તાલીમ મેળવાની સાથે શિક્ષણ મેળવ્યું હતું. અહિંયા રહેવા-જમવાની નિઃશુલ્ક વ્યવસ્થાની સાથે સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવતું હતું. જેથી મારી કારકર્દીનું સારૂ ઘડતર થઈ શક્યું છે, ત્યારે દરેક સમાજના દરેક વાલીઓને અનુરોધ કરીશ જો પોતાના દિકરા-દિકરીઓને સ્પોર્ટસમાં રૂચિ હોય તો તેને રમતગમતમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કરે.

પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ કોડીનાર દ્વારા માતૃશક્તિ વંદના કાર્યક્રમ યોજાયો

(અલ્તાફ મુગલ દ્વારા)

કોડીનાર તા. ૯

શિક્ષકોના પ્રશ્નોની સાથે સાથે સમાજમાં પ્રેરણા આપે તેવા રચનાત્મક કાર્ય સાથે જાણીતા થયેલા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના માર્ગદર્શન તેમજ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગીર સોમનાથના આયોજન હેઠળ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ કોડીનાર દ્વારા માતૃશક્તિ વંદના કાર્યક્રમ યોજાયો. દીપ પ્રગટ્ય કર્યા બાદ કુસુમબેન ગોહિલ દ્વારા સૌ આમંત્રિત મહેમાનો હોદ્દેદારો તેમજ પધારેલ મહિલાઓને આવકારી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ ગીર સોમનાથ જિલ્લા મહિલામંત્રી નિતાક્ષીબેન દ્વારા સંગઠન તેમજ મહિલા દિન અને મહિલા સશક્તિકરણ વિષે સમજ આપવામાં આવી. ત્યારબાદ પ્રતિભાશાળી શિક્ષિકા બહેનો, પછાત વિસ્તારમાં ઉત્કર્ષ કામગીરી કરનાર બહેનો, આંગણવાડી બહેનો અને સફાઈ કર્મચારી તેમજ શ્રેષ્ઠ વિદ્યાર્થીની બહેનોનું સરપંચ રવિનાબેન તેમજ મહિલા હોદ્દેદારો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રમિલાબેન સોલંકી મહિલા દિન અને મહિલા શિક્ષણ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાદમાં રેહાનાબેન દ્વારા આભાર વિધિ કરી કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો. આ કાર્યક્રમને સફળ બનાવવા મહાસંઘ જિલ્લા મહિલા મંત્રી નીતાક્ષીબેન બોધી, તાલુકા મહિલા ઉપાધ્યક્ષ ગીતાબેન ચૌહાણ મહિલા મંત્રી વર્ષાબેન મોરીએ જહેમત ઉઠાવી હતી. કોડીનાર તાલુકા મહામંત્રી ભીખુભાઈ ગોહિલ શાળાના આચાર્ય અજીતભાઈ નકુમ તેમજ મૂળદ્વારકા શાળા સ્ટાફ મિત્રોએ ઉપસ્થિત રહી મહિલા કાર્યકર્તાઓને પ્રોત્સાહન પૂરૂં પાડી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વેરાવળમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી, શ્રેષ્ઠ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માતા જશોદા એવોર્ડથી સન્માનિત કરાયા

જિલ્લા વહીવટી તંત્રના ઉત્કૃષ્ટ કામગીરી કરનાર મહિલા અધિકારીઓને સન્માનિત કરાયા : વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર બહેનોને પણ સન્માનિત કરાયા

વેરાવળ તા.૯

વેરાવળના કોમ્યુનિટી હોલ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની જિલ્લા પંચાયતના પ્રમુખ રામીબેન વાજાના અધ્યક્ષ સ્થાને ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જિલ્લામાં શ્રેષ્ઠ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માતા જશોદા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ વહાલી દિકરી સહિતની મહિલા કલ્યાણકારીઓના લાભાર્થીઓને હુકમપત્રોનું મહાનુભોવો દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રામીબેન વાજાએ જણાવ્યું કે, પ્રવર્તમાન સમયમાં મહિલાઓ બિચારી કે બાપડી રહી નથી. પુરૂષોની સાથે ખંભે ખંભો મિલાવી દરેક ક્ષેત્રમાં મહિલાઓ અગ્રેસર રહી છે. આજે પંચાયતથી પાર્લામેન્ટ સુધી મહિલાઓનું પ્રતિનિધિત્વ જોવા મળી રહ્યું છે. સાથે જ પોતાની જવાબદારી સુપેરે નિભાવી રહી છે. દેશનો વિકાસ પણ મહિલા વિકાસ વગર શક્ય નથી તેમ જણાવી કહ્યું કે, સમાજના વિકાસમાં આંગણવાડી અને તેડાગર બહેનોનું મહત્વનું યોગદાન રહ્યું છે. નાના ભૂલકાઓના પોષણ અને રચનાત્મક પ્રવૃત્તિમાં વાળવામાં આંગણવાડીની કાર્યકર અને તેડાગર બહેનોની મહત્વની ભૂમિકા રહેલી છે. આ સાથે તેમણે માતા યશોદા અવોર્ડ મેળવનાર બહેનોને પણ અભિનંદન પાઠવ્યા હતા. આ સમારોહમાં આંગણવાડી કેન્દ્રનું શ્રેષ્ઠ સંચાલન અને કામગીરી માટે જિલ્લાકક્ષાનો માતા યશોદા એવોર્ડ તાતીવેલા આંગણવાડી કેન્દ્ર-૨ના કાર્યકર બારિયા રાણીબેન રાજાભાઈ અને તેડાગર બહેન મકવાણા મનીષાબેન સંજયભાઈને એનાયત કરવામાં આવ્યો હતો. જેમાં અનુક્રમે ૩૧૦૦૦ અને ૨૧૦૦૦ પુરસ્કાર રાશી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરાવમાં આવ્યું હતું. આ ઉપરાંત નગરપાલિકા ઘટક અને ગીર-સોમનાથ ગ્રામ્ય ઘટકમાં પણ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને અનુક્રમે ૨૧ હજાર અને ૧૧ હજાર ચેક અને મોમેન્ટો મહાનુભાવોના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા. ઉપરાંત વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર ઝૂડોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર નાઘેરા અર્ચનાબેન, રાષ્ટ્રીય સ્તરના ગોળાફેકના ખેલાડી લોબી શેહનાઝ બેન, યુવા મહોત્સવમાં છેલ્લા ત્રણ વર્ષથી લોકગીતમાં વિજેતા થયેલા સંગીતાબેન ચૌહાણ, સફાઈ કામદારના આશ્રિતો પૈકી સમગ્ર રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ સ્થાન મેળવનાર દર્શનાબેન રાઠોડને પણ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. નગરપાલિકાના પ્રમુખ પિયુષભાઈ ફોફંડી જણાવ્યું કે, ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓનું આગવું સ્થાન છે. મહિલાઓનુશક્તિ સ્વરૂપે પૂજન કરવામાં આવે છે. ત્યારે કહી શકાય કે, વર્ષના ૩૬૫ દિવસ મહિલા દિવસ છે. આ સાથે તેમણે મહિલાઓના સમાજમાં યોગદાનની સરાહના કરી હતી. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે જિલ્લા વહીવટી તંત્રમાં ઉત્કૃષ્ટ ફરજ નિભાવી રહેલા મહિલા અધિકારીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે તેમણે પોતાના પ્રતિભાવ રજૂ કર્યા હતા. પ્રાંત અધિકારી સરયુબા જસરોટિયાએ વર્કિંગ વુમેનની જુદી વિભાવના આપતા કહ્યું કે, મહિલાઓ કોઈને કોઈ સ્વરૂપમાં કાર્યશીલ હોય છે. જે બાળકોના ઉછેરથી સમાજના ઘડતરમાં મહત્વનું યોગદાન આપે છે. આમ, ઘર સંચાલનમાં મહત્વનનું ભૂમિકા નિભાવનાર વર્કિંગવુમેન જેટલા જસન્માનના હકદાર છે. સમાજમાં જાગૃતિના પરિણામે દૂધપીતી જેવા કૂરિવાજો નાથમવામાં આપણે સફળ રહ્યા છે. પ્રભાસ પાટણ રેન્જના આર.એફ.ઓ. રસીલાબેન વાઢેરે પોતાની વન વિભાગમાં સેવાકાળને વાગોળતા જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગવી વિધારધારાના પરિણામે મહિલાઓને ઘણા ક્ષેત્રોમાં કામ કરવાની તક મળી રહી છે. આ સાથે તેમણે સમાજમાં મહિલાઓ ભૂમિકાઓ ચિતાર આપ્યો હતો. નાયબ નિયામક એ.જે. ખાચરે જણાવ્યું કે, નોકરી દરમ્યાન ઘણાં મહિલા અધિકારીઓની કાર્યકુશળતા જોવા મળી છે. વણેસેલી પરિસ્થિતિમાં ઉત્તમ વહીવટકર્તા હોવાનું પૂરવાર કર્યુ છે. જે સાબિત કરે છે કે, મહિલાઓ પડકારજનક પરિસ્થિતિમાં સફળતાપૂર્વક પોતાની ફરજ બજાવી શકે છે. ૨૦૨૧માં આઈપીએસ તરીકે પસંદગી પામનાર સુમન નાલાએ જણાવ્યુ કે, સ્ત્રી-પૂરૂષમાં કોઈ ચડિયાતા છે તેવું નથી પરંતુ બંને એક સમાન છે. તેવી વિચારધારા સાથે ચાલવામાં આવે તો સમાજમાં સંતુલન જળવાઈ શકશે. આ સાથે તેમણે સગર્ભા મહિલાઓને પુત્ર જન્મે તેવી શુભેચ્છાઓ આપવાની બદલે સ્વસ્થ્ય બાળક જન્મે તેવી શુભેચ્છાઓ પાઠવવાનો અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે કલેક્ટર રાજદેવસિંહ ગોહીલ, જિલ્લા વિકાસ અધિકારી રવીન્દ્ર ખતાલે, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એસ.જે. ખાચર, નિવાસી અધિક કલેક્ટર બી.વી. લિંબાસીયા મદદનીશ પોલીસ અધિક્ષક ઓમપ્રકાશ જાટ, ઇજેજ પ્રતિબંધક અધિકારી આર.એમ. જીંજાલા સહિત મોટી સંખ્યમાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

લાડી લોહાણા સિંધી મહિલા મંડળ જૂનાગઢ દ્વારા મહિલા દિનની ઉજવણી

જૂનાગઢ તા.૯

લાડી લોહાણા સિંધી મહિલા મંડળ, જૂનાગઢ દ્વારા વિશ્વ મહિલા દિવસની શાનદાર ઉજવણી હોટેલ ઈન્દ્રલોક ખાતે સાંજે ૪ થી ૮ કલાક સુધી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૨૨૦ જેટલી મહિલાઓ હાજર રહી સક્રિય ભાગ લીધો હતો. સાથોસાથ સમાજ હિતના કાર્યોની પણ ચર્ચા કરવામાં આવી હતી. આ તકે **Energy Conservation** વિષે એક ખાસ સેમિનાર પણ રાખવામાં આવ્યો હતો. આ ઉપરાંત મહિલાઓ માટે વિવિધ રમતો અને જ્ઞાન સાથે ગમ્મત મળે તેવી પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

જૂનાગઢમાં કન્યા છાત્રાલય ખાતે સેમિનાર યોજાયો

જૂનાગઢ તા.૯

જૂનાગઢના જોશિપુરા વિસ્તારમાં આવેલા ડો. ગોધાણી કન્યા છાત્રાલય ખાતે બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એસ. પટેલની ઉસ્થિતિમાં બીડિવિઝન ખાતે ફરજ બજાવતી મહિલા પોલીસ કર્મચારી દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પીઆઈ રિક્રેશ પટેલ દ્વારા વર્તમાન સમયમાં વિદ્યાર્થીનીઓને સોશ્યલ મીડિયામાં પોતાની ગુપ્તતા જાળવવા તથા સાયબર ગુનાના કિસ્સામાં પોલીસની મદદ લેવા તાકીદ કરી હતી. મહિલાઓને પ્રોત્સાહિત કરવા રમતગમતમાં વિજેતા દીકરીઓને સન્માન પત્રકો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કન્યા છાત્રાલયના શિક્ષકો, પ્રિન્સિપાલ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. તો બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ રિક્રેશ પટેલ, મહિલા પીએસઆઈ આંબલીયા સહિતની મહિલા પોલીસ કર્મીઓએ વિશ્વ મહિલા દિવસની અનોખી ઉજવણી કરી હતી.

(તસ્વીર : અમ્માર બખાઈ)

જૂનાગઢમાં અજાણ્યા પુરૂષનું મૃત્યું

જૂનાગઢ તા.૯

જૂનાગઢમાં એક અજાણ્યો પુરૂષ (ઉ.વ.૩૫ થી ૪૦) કોઈ અગમ્ય કારણસર મૃત્યું પામેલ હોય જે અંગે પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથધરી છે.

કેશોદનાં નુનારડા ગામે રહેતા આધેડ મહિલાનું દાઝી જતાં મૃત્યું

જૂનાગઢ તા. ૯

કેશોદ તાલુકાનાં નુનારડા ગામનાં મેણીબેન હરસુખભાઈ મકડીયા (ઉ.વ.૪૬) ગત તા. ૨૬-૨-૨૦૨૨નાં કલાક ૧૮.૩૦નાં સમયગાળા દરમ્યાન ચુલા ઉપર રસોઈ બનાવતા હોય અને કેરોસીન નાખી દિવાસળી ચાંપતા અચાનક ભડકો થતાં તેઓ શરીરે દાઝી ગયા હતા અને સારવાર માટે ખસેડવામાં આવેલ જયાં સારવાર દરમ્યાન ગઈકાલે તેમનું મૃત્યું થતાં કેશોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢમાંથી ૬૭ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપાયો

જૂનાગઢ તા. ૯

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે ગઈકાલે ચોકકસ બાતમીનાં આધારે રેડ કરતા ૬૭ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપી લીધો હતો. બી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર જોષીપરા સાબરીન સોસાયટી નજીક આવેલા અક્ષા પેલેસની સામે આવેલ એક ઓરડીમાંથી ૬૭ બોટલ પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂ રૂા.૨૬,૮૦૦ની કિંમતનો ઝડપી લીધો હતો અને સુફીયાન હનીફભાઈ સીડા (ઉ.વ.૨૭) વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઈવનગર પ્રાથમિક શાળામાં થયેલ ચોરીનો ભેદ ઉકેલતી જૂનાગઢ તાલુકા પોલીસ

જૂનાગઢ તા. ૯

જૂનાગઢ તાલુકા પોલીસા સ્ટેશનમાં ઈવનગરની સરકારી પ્રાથમિક શાળામાંથી થયેલ ચોરીની નોંધાયેલ ફરીયાદનાં આરોપીઓ કમલેશભાઈ ઉર્ફે કાળુભાઈ ભગવાનજીભાઈ જીંજુવાડીયા, અનીલભાઈ પ્રોમીશભાઈ ઉર્ફે પરમશીભાઈ કણસાગરા, પ્રવિણભાઈ કાનાભાઈ પરમાર (રહે. ત્રણેય ઈવનગર)ને ચોરેલ સેમસંગ કંપનીનું એલઈડી ટીવી, કેબલ નંગ-૩, રીમોટ નંગ-૨, ટીવી સ્ટેન્ડ, સેટઅપ બોકસ, શેતરંજી નંગ-૨ મળી કુલ રૂા. ૫૭૨૩૮નાં મુદામાલ સાથે જૂનાગઢ તાલુકા પોલીસે ઝડપી લીધેલ છે.

આ કામગીરીમાં પીઈ એ.એમ. ગોહીલ, એન.એસ. મુસાર, માસીંગભાઈ સીસોદીયા, રામભાઈ કરશનભાઈ, અશોકભાઈ સરવૈયા, અજયભાઈ વાલજીભાઈ સહીતના જોડાયેલ હતાં.

જૂનાગઢમાંથી જુગાર રમતા ૬ શખ્સો ઝડપાયા

જૂનાગઢ તા. ૯

જૂનાગઢનાં દિવાન ચોકએસબીઆઈ બેંક પાસે જાહેરમાં જુગાર રમતાં ઈબ્રાહીમ ઉર્ફે ભોપાલી બ્લોચ, કાસમભાઈ મહીડા, હનીફ ઈબ્રાહીમભાઈ, સાકીર બેલીમ, સફી મકરાણી, સમીર પટણીને રોકડ રૂા. ૧૦૧૮૦ સાથે એ ડીવીઝન પોલીસે ઝડપી લીધેલ છે.

આ કામગીરીમાં એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીઆઈ એમ.એમ. વાઢેરની સુચાથી પીએસઆઈ એ.કે. પરમાર, એમ.ડી. માડમ, આર.એમ. સોલંકી, સમીરભાઈ, સંજયભાઈ, કલ્પેશભાઈ, પ્રવિણભાઈ, દિનેશભાઈ વગેરે સ્ટાફ જોડાયેલ હતો.

જૂનાગઢમાં રવિવારે શૈક્ષણિક સેમિનાર યોજાશે

જૂનાગઢ તા. ૯

જૂનાગઢ જીલ્લા શિક્ષણાધિકારી કચેરી તથા જૂનાગઢ જીલ્લા સંચાલક મંડળ ગ્રાન્ટેડ, નોનગ્રાન્ટેડ તથા જીલ્લા માધ્યમિક શિક્ષક સંઘનાં સંયુકત ઉપક્રમે તા. ૧૩ માર્ચરવિવારનાં રોજ સવારે ૯ કલાકે સોરઠ ઈન્ટરનેશનલ સ્કુલ વાડલા ફાટક, જૂનાગઢ ખાતે શૈક્ષણિક સેમિનાર યોજાનાર છે. જેનું ઉદઘાટન જીલ્લા ભાજપનાં પ્રમુખ કિરીટભાઈ પટેલ કરશે. અને અધ્યક્ષ સ્થાને સાંસદ રાજેશભાઈ ચુડાસમા ઉપસ્થિત રહેશે. તેમજ મુખ્ય મહેમાન તરીકે જીલ્લા પંચાયતના પ્રમુખ શાંતાબેન ખટારીયા તથા મેયર ગીતાબેન પરમાર, ધારાસભ્ય જવાહરભાઈ ચાવડા, ભીખાભાઈ જોષી, ડે. મેયર ગિરીશભાઈ કોટેચા, હરેશભાઈ પરસાણા, પુનિતભાઈ શર્મા, પ્રદિપભાઈ ખીમાણી વગેરે ઉપસ્થિત રહેશે. આ સેમીનારમાં પ્રિયવદનાભાઈ કોરાટ, હસમુખભાઈ પટેલ, જશવંતભાઈ રાવલ, રણવિરસિંહ પરમાર સહીતનાનું વિશિષ્ટ સન્માન કરાશે. આ કાર્યક્રમને સફળ બનાવવા આર.એસ. ઉપાધ્યાય, નિલેશભાઈ સોનારા, અશ્વીનભાઈ ચાવડા, નરસિંહભાઈ માંડવીયા સહીતનાં જહેમત ઉઠાવી રહયા છે.

પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન

સાર્વજનિક સૂચના

સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે ઢસા-લુણીધર સ્ટેશનો વચ્ચે નવનિર્મિત ક્રોસિંગ લાઈનનું ઢસા - જેતલસર ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ હેઠળ, ૧૦.૦૩.૨૦૨૨ ના રોજ કમિશનર રેલ્વે સેફટી (પશ્ચિમ સર્કલ), મુંબઈ દ્વારા નિરીક્ષણ કરવામાં આવશે. આ દરમિયાન, ૧૦.૦૩.૨૦૨૨ ના રોજ લુણીધર, ચિતલ, ખીજડિયા, લાઠી અને ઢસા સ્ટેશનો વચ્ચે ૧૦૦ કિમી પ્રતિ કલાકથી વધુની ઝડપે વિશેષ ટ્રેન દ્વારા સ્પીડ ટેસ્ટ પણ કરવામાં આવશે. તેથી, સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે તેમની સલામતીને ધ્યાનમાં રાખીને, તેઓએ રેલ્વે લાઈનથી દૂર રહેવું.

મુખ્ય પરિયોજના પ્રબંધક
રેલ વિકાસ નિગમ લિમિટેડ
અમદાવાદ

જૂનાગઢ મહાનગરપાલિકા
સાધારણ સભા
પરીપત્ર નં.૮

માનનીય સભ્યશ્રી,

જૂનાગઢ મહાનગરપાલિકાની સાધારણ સભા કાર્યસુચિ પરીપત્ર નં.૮ના કાર્ય માટે નીચે જણાવેલ તારીખ/ સ્થળે રાખેલ છે. જેમાં હાજરી આપવા વિનંતી છે.

તારીખ : ૧૬/૩/૨૦૨૨, બુધવાર
સમય : બપોરના ૧૨ : ૦૦ કલાકે
સ્થળ : "શ્રી પંડિત દિનદયાલ ઉપાધ્યાય સભાખંડ", શ્રી સ્વામી વિવેકાનંદ ભવન, ત્રીજો માળ, મહાનગરપાલિકા કચેરી-જૂનાગઢ.

(કલ્પેશ જી.ટોલીયા) સેક્રેટરી, મહાનગરપાલિકા જૂનાગઢ
(ગીતાબેન એમ. પરમાર) મેયર, મહાનગરપાલિકા જૂનાગઢ

માહિતી/જૂના/૧૦૮૬/૨૨

જૂનાગઢ શહેરમાં બીયુ સર્ટીફીકેટનો મામલો ગરમાયો, વધુ કાર્યવાહી થાય તે પહેલા ઉચ્ચકક્ષાએથી 'રૂક જાવ'નો આદેશ

બીયુ સર્ટીફીકેટ મેળવવા એપ્લાય થનારને મનપા દ્વારા વાલ્ડાલીક યોગ્ય કરી દેવામાં આવશે તેવા મળી રહેલા નિર્દેશો

(તસ્વીર : અશોક પોપટ)

જૂનાગઢ તા. ૯

જૂનાગઢ શહેરમાં સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન અને હાઈકોર્ટનાં આદેશ અનુસાર બીયુ સર્ટીફીકેટ તેમજ ફાયર એનઓસી અંગેની કાર્યવાહી મનપા તંત્ર દ્વારા છેલ્લા કેટલાક દિવસો થયા કરવામાં આવી રહી છે. અને આ કામગીરી અંતર્ગત જેઓની પાસે બીયુ સર્ટીફીકેટ ન હોય તેવા બિલ્ડીંગોને સીલ કરવાની કામગીરી જોરશોરથી ચાલી રહી છે. જેની સામે એક તબકકે તો ભારે રોષ વ્યાપી ગયેલો હતો. ગઈકાલે બાલાજી એવન્યુમાં કેટલીક હોસ્પીટલો, વ્યાપારી સંકુલોને બીયુ સર્ટીફીકેટનાં મામલે સીલ કરી દેવામાં આવતા જેને લઈને દર્દીઓ રજડયા હતાં. એટલું જ નહી ગાયનેક હોસ્પીટલો પણ બંધ થતાં એકતકે જે તે તબીબોએ પોતાનાં દર્દીઓની ઓપીડી રસ્તા ઉપર જ કરવી પડી હતી. બિલ્ડીંગોને સીલ મારવાનાં સીલસીલા અંતર્ગત લોકોમાં વ્યાપેલા આકોષનો પગલે ઉકળતા ચરૂ જેવી સ્થિતિ સર્જાઈ હતી. વી આર્કેટનાં વેપારીઓએ ઉપવાસ શરૂ કર્યા હતાં. અને આજે એમજી રોડ બંધનું પણ એલાન અપાયું હતું. દરમ્યાન સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટની ગાઈડલાઈન અનુસાર મનાપા તંત્ર દ્વારા બીયુ સર્ટીફીકેટ સામેની જે કાર્યવાહી કરવામાં આવી હતી અને આ બાબતે ઉચ્ચકક્ષાએ રજુઆતો પણ થઈ છે. દરમ્યાન આધારભૂત રીતે એવું જાણવા મળે છે કે જેમની પાસે જરૂરી ડોકયુમેન્ટ ન હોય અને બીયુ સર્ટીફીકેટ ન હોય તેઓએએપ્લાયથઈ જવું જોઈએ. જેની સામે મનપા દ્વારા તાત્કાલીક અસરથી તેમનો સર્ટીફીકેટ આપવાની કાર્યવાહી કરવામાં આવશે તેમ જાણવા મળે છે. ઉચ્ચકક્ષાએ રજુઆતો બાદ સંબંધીત અધિકારીઓને હવે આગળ નહી વધવા પણ સુચના આપી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

જૂનાગઢશહેરના મોતીબાગ પાસેઆવેલ બાલાજીએવન્યુમાં અનેક તબીબોની હોસ્પિટલે પણ સીલ મારી દેવામાં આવ્યા હતા. પરિણામે તબીબોએ રસ્તા ઉપર બેસીને દર્દીને તપાસવા પડ્યા હતા. જો કે, મહાનગરપાલિકાની વ્હાલા દવલાની નિતી સાથેની કામગીરીને લઈને ભારે હોબાળો થયો હતો. બાદમાં બાલાજી એવન્યુમાં સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન હરેશભાઈ પરસાણા દોડી ગયા હતા અને સીલ મારવાની કામગીરી કેન્સલ કરાવી દીધી હતી. આ મામલે બિલ્ડીંગ ધારકોને વધુ સમય આપવાની પણ માંગ કરી હતી. આ અંગેની મળતી વિગત અનુસાર ગઈકાલે જૂનાગઢ મહાનગર પાલિકાની ટીમ પહોંચતા જ તબીબોએ વિરોધ કર્યો હતો. બાલાજી એવન્યુમાં સીલ મારવા મનપાના અધિકારી પહોંચ્યાની જાણ થતાં મનપાનાં સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન હરેશભાઈ પરસાણા તુરત દોડી ગયા હતા અને અધિકારીઓને તમામ લોકોની હાજરીમાં તતડાવી નાંખ્યા હતા. ત્યારબાદ વધુ ઓફિસોને સીલ મારતા અટકાવ્યા હતા. આ તકે તબીબોએ જણાવ્યુંહતું કેહવેતો બસ થાય તો સારૂ છેલ્લા કેટલાય દિવસથી બીયુ સર્ટી મામલે થતી હેરાનગતિથી ડોકટરો ત્રાસી ગયા હતા. જૂનાગઢ શહેરમાં બીયુ સર્ટીફીકેટ અને ફાયર સેફટી અંગેની કાર્યવાહીને કારણે મામલો ગરમાયો છે. અને બિલ્ડીંગોને સીલ કરવાની કામગીરીની સામે રોષ પણ ઉઠવા પામ્યો હતો. દરમ્યાન ગઈકાલે એક તરફ ૮ માર્ચ વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરાઈ રહી હતી. બીજી તરફ મહાનગરપાલિકાએ ગાયનેક હોસ્પિટલને સીલ મારી દેતા ડોકટરો મહિલા દર્દીને રસ્તા ઉપર જ સારવાર કરવા મજબૂર બન્યા હતા. તો કેટલાક તબીબોને ડિલેવરીના કેસ બીજી ખાનગી હોસ્પિટલમાં કે સિવીલમાં શિફટ કરવા પડ્યા હતા. દરમ્યાન શહેર કોંગ્રેસ પ્રમુખ અમીતભાઈ પટેલ પણ આ તકે દોડી આવ્યા હતાં. અને મનપાની કાર્યવાહી સામે રોષ વ્યકત કર્યો હતો. મહિલા દિવસની એક તરફ ઉજવણી થઈ રહી હતી. સાથે જ જૂનાગઢ શહેરમાં ગાયનેક હોસ્પીટલને સીલ કરી દેવાનાં બનાવનાં પગલે મહિલાઓનું ઘોર અપમાન થયું છે. છેલ્લા ઘણા વર્ષથી જે બિલ્ડીંગો ઉભા થઈ ગયા અને ત્યારપછી બીયુ સર્ટીફીકેટનાં નામે સીલ કરી કાર્યવાહી થઈ રહી છે તેની સામે આકોષ વ્યકત કર્યો હતો. મનપાની પોતાનાં બિલ્ડીંગનુંપણ બીયુસર્ટીફીકેટ નથી જેથી પહેલા પોતાનાં બિલ્ડીંગમાં સીલ મારી લોકોનો વિશ્વાસ સંપાદન કરવો જોઈએતેવો સૂર ઉઠયો હતો. અને આ અંગે વ્યાપક માંગણી પણ ઉઠવા પામી હતી. દરમ્યાન જૂનાગઢ શહેરમાં ૬ દિવસથી મહાનગરપાલિકાદ્વારા વી આર્કેટ બિલ્ડીંગને ફાયર સેફટી અનેબીયુ સર્ટી માટે સીલ મારવામાં આવ્યું છે. બાદમાં તમામ કાર્યવાહી પુરી કરી હોવા છત્તાં સીલ ખોલવામાં ન આવતા વેપારીઓ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. અને આજે બુધવારે પણ વેપારીઓ દ્વારા બંધ પાળવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

ગિરનાર ક્ષેત્રના સિદ્ધ સંત શ્રી પુનિતાચાર્યજી દત્ત શરણ પામ્યા

અનુયાયીઓમાં શોકની લાગણી : સદગુરૂ પુનિતાચાર્યજીનું પાર્થિવ શરીર શુકવારે સવારે દસ વાગ્યે પંચ મહાભૂતમાં વિલીન થશે : શનિવારે ગિરનાર સાધના આશ્રમ, જૂનાગઢમાં પ્રાર્થના સભા સાંજે ૪ થી ૬ દરમ્યાન યોજાશે

જૂનાગઢ તા.૯

ગિરનારની ગોદમાં જ ગિરનાર સાધના આશ્રમની તપોભૂમિ ઉપર અડધી સદીથી તપસ્યા કરનાર પૂ. પુનિતાચાર્યજી મહારાજને એ જ ભૂમિ ઉપર ભગવાન શ્રી દત્તાત્રેયજીએ પ્રગટ થઈને દર્શન અને આશીર્વાદ આપ્યાં હતા. હિમાલયની કંદરાઓમાં ભ્રમણ કરતાં કરતાં એમણે અનેક પ્રતિતીઓ કરી, પરમ તત્વનો પૂર્ણ સાક્ષાત્કાર એમણે કર્યો હતો.

બાલ્યાવસ્થાથી જ જિજ્ઞાસાવૃતી અને ધાર્મિક માનસિકતા એમની રહી હતી. કાશીમાં રહીને સંસ્કૃત સાહિત્ય, ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. સ્વામી અનંતાનંદજી, સ્વામી કરપાત્રીજી જેવા પ્રસિદ્ધ આચાર્યો અને વિદ્વાનોના સાંનિધ્યમાં એમની જ્ઞાનયાત્રા ચાલી હતી. ભારતના અધ્યાત્મક્ષેત્રની વિશિષ્ટ ભૂમિ ઋષિકેશમાં તો અનેક સંતો-સાધુઓએ તપ કર્યું છે. ગુરૂદેવ પુનિતાચાર્યજી પણ ઋષિકેશ ગયા હતા. ધ્યાનની અવસ્થામાં એમને ત્યાં ભગવાન કૃષ્ણના દર્શન થયાં હતા. આ ઘટનાથી સકારાત્મક વિહ્વળતા પ્રગટી અને કૃષ્ણના દર્શન માટે તેઓ કાશી ગયા. કાશીમાં સાક્ષાત્કાર થયા બાદ ત્રણ વર્ષે તેમણે ગિરનાર તરફ પ્રયાણ કર્યું. ગિરનારમાં એક ગૂફામાં તપ કરવા લાગ્યા. કયારેક કોઈ આવીને ભોજન આપી જાય કયારેક ભૂખ્યા રહેવું પડે. નજીકના કુવામાંથી પાણી ભરીને સ્નાન કરી લે. આમ સાધના ચાલી. અને એક પાવન દિવસે ૧૯૭૫ની ૧૫મી નવેમ્બરે એમને જટાશંકરી ગૂફા પાસે એક શીલા ઉપર એમને ભગવાન દત્તાત્રેયજીએ દર્શન આપ્યાંહતાં. જેમને ભગવાન દત્ત સ્વયંદર્શન દે તે સાધનાનાશિખરે જ પહોંચે. તેઓ એક પરમ સિદ્ધ સંત બન્યા. ભગવાન દત્તે દર્શન આપ્યાં સાથે જ એક મંત્ર ગિરનારની કંદરાઓમાં ગૂંજ્યો હરિ ઓમ તત્સત, જય ગુરૂદત્ત અને એ વિશ્વ વ્યાપી બની ગયો. તમામ ધર્મ, સંપ્રદાયના લોકો તેનો જપ કરી શકે. આ મંત્ર પછી તો ગિરનાર સાધના આશ્રમમાં તથા જ્યાં જ્યાં એના સત્સંગ કેન્દ્રો શરૂ થયાં ત્યાં અને એમ ઘરે ઘરે ગૂંજવા લાગ્યો.

ગિરનાર ક્ષેત્ર ગેબી છે અને સિદ્ધ સંતોની ત્યાં ચેતના છે એવું સાંભળ્યું તો બધાએ હોય પરંતુ આ અનુભૂતિ ગિરનાર સાધના આશ્રમની મુલાકાત એકવાર પણ જેમણે લીધી હોય એમને થઈ જ હોય. ગુરૂપુર્ણિમા કે અન્ય કોઈ પણ પૂનમે અને એ સિવાયના દિવસોમાં પણ ગિરનાર સાધના આશ્રમની ઊર્જા અનોખી હોય છે. આવા તપસ્વી, તેજસ્વી પુરૂષની સ્થૂળ વિદાય સ્વાભાવિક રીતે વસમી છે પરંતુ તેઓ તો આપણી અંદર જ સમાયા છે. મંગળવારે રાત્રે આ દુઃખદ ઘટના બની છે તેવી જાણ થતાં જ આશ્રમના અનુયાયીઓ ભારે હૈયે જૂનાગઢ પહોંચ્યા છે. હા, એ પાવન દેહ હવે નથી પરંતુ એમના કંઠે અને હૃદયેથી નીકળેલો હરિઓમ તત્સત્, જય ગુરૂદત્તનો મંત્ર તો હંમેશાં વાતાવરણમાં ગૂંજતો રહેશે.

(તસ્વીર : વિજય ત્રિવેદી)

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

NIT® ટેકનીકલ કોલેજ

સર્ટીફીકેટ કોર્ષ
- ૧૦૦% પ્રેકટીકલ
- સરળ ભાષામાં થિયરી
- હોસ્ટેલ સુવિધા
- બસસ્ટેન્ડથી વધુ નજીક
- રેલ્વે સ્ટેશનથી નજીક
- ફ્રી ડેમો ટ્રાયલ

- કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
- કિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
- LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
- ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, ચસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

: કારીગર જોઈએ છે :
એલ્યુમીનીયમ સેકશન તથા મચ્છરબારી માટે કારીગર જોઈએ છે
: કોન્ટેક :
મો. ૯૪૨૮૨ ૪૧૩૭૪

કસમાં બ્લોક વેંચવાનો છે
જૂનાગઢમાં વસુધા એપાર્ટમેન્ટ બીજો માળ, બ્લોક નં. ૧૨, 1-BHK બ્લોક વેચવાનો છે. શીતલનગર જલારામ સોસાયટી પાછળ જૂનાગઢ
જોવા માટે ફોન કરીને આવવું કિં. ૬.૫૧ હવા ઉજાસ પાણી ફુલ
: કોન્ટેક :
મો. ૮૮૬૬૭ ૪૩૬૦૨

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
- સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
- જુનાગઢ શહેરના હૃદયસમા કાળવાચોકમાં
- આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે જ સંપર્ક સાધવો
ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

શ્રીનાથજી યાત્રા સંઘ
ચાલો રેલ્વેમાં ચંપારણ, જગન્નાથપુરી, કલકતા, ગંગાશાગર, કોર્નાક, ભુવનેશ્વર, સાઈટ સીન સાથે રેલ્વે બુકીંગ ચાલુ છે
ભીખુભાઈ મજીઠીયા
મો. ૯૪૨૬૦ ૫૧૮૭૮

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૪ ૮૧૫૦૦
" સ્વાદનો એવો જાદુ જગાવે, વારંવાર મન લલચાવે "
સુભાષ પાણીપુરી
એમ. જી. રોડ, યુ.કો બેન્ક સામે, જૂનાગઢ.
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ.
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ.

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૪૮ વર્ષ થયા એક જ નામ
વિજય ઘી ડીપો
શિયાળાની કડકડતી ઠંડીમાં અળદીયા બનાવવા માટે શુધ્ધ ઘી મળશે તેમજ ગાયનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

નાનખટાઈ બીસ્કીટ કુકીઝ
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
ફોન : ૨૬૨૪૨૪૪
નારાયણ બેકરી
સુખનાથ ચોક
ફોન : ૨૬૨૩૨૨૪
બેકરીની બધી જ વેરાયટી ઘઉંની મળશે